અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ જાન્યુઆરી ૨૦૨૫, બુધવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, પોષ સુદ ૯ | અંક : ૧૮૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### બિહાર-દિલ્હી પણ ધ્રૂજ્યું | ભારતના ઘણા રાજ્યોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા, બિહાર આનાથી સૌથી વધુ પ્રભાવિત થયું છે

# તિબેટ-નેપાળમાં જોરદાર ભૂકંપ - રિક્ટર સ્કેલ પર તીવ્રતા ૭.૧

| (એજન્સી) નવી દિલ્હી, તા.૭ |

મંગળવારે વહેલી સવારે તિબેટ અને નેપાળમાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. બંને દેશોની સરહદે આવેલા વિસ્તારોમાં સવારે ૬.૩૫ વાગ્યે આવેલા ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૧ માપવામાં આવી હતી. ભારતના ઘણા રાજ્યોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. બિહાર આનાથી સૌથી વધુ પ્રભાવિત થયું છે. આ સિવાય આસામ, સિક્કિમ અને પશ્ચિમ બંગાળના ભાગોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ દરમિયાન ભયભીત લોકો ઘરની બહાર નીકળી ગયા હતા. યુએસજીએસ સિસ્મોલોજી અનુસાર, ભૂકંપનું કેન્દ્ર લોબુચેથી ૯૩ કિમી ઉત્તરપૂર્વમાં હતું. હાલમાં કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી. જો કે, સાતથી ઉપ રની તીવ્રતાના ભૂકંપ ખતરનાક શ્રેણીમાં આવે છે.નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીએ જણાવ્યું હતું કે મંગળવારે સવારે તિબેટ ક્ષેત્રના જીજાંગમાં ભૂકંપ આવ્યો હતો. અહીં સવારે ૬:૩૦ વાગ્યે ૧૦ કિમીની ઊંડાઈએ ૭.૧ની તીવ્રતા સાથે ભૂકંપ આવ્યો હતો. આ પછી ૭:૦૨ વાગ્યે ૪.૭ની તીવ્રતાનો, ૦૭:૦૭ વાગ્યે ૪.૯ની તીવ્રતાનો અને ૭:૧૩ વાગ્યે પાંચની તીવ્રતાનો ધરતીકંપ આવ્યો હતો. જેના કારણે લોકો ઘર છોડીને ખુલ્લી જગ્યાઓ તરફ જતા રહ્યા હતા. જો કે હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી.અગાઉ ગયા મહિને એટલે કે ૨૧મી ડિસેમ્બરે નેપાળમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૪.૮ માપવામાં આવી હતી. એપ્રિલ ૨૦૧૫માં નેપાળમાં ૭.૮ની તીવ્રતાનો વિનાશક ભૂકંપ આવ્યો હતો. આ સમયગાળા દરમિયાન, અંદાજે ૯,૦૦૦ લોકો માર્યા ગયા અને આશરે ૨૨,૦૦૦ અન્ય લોકો ઘાયલ થયા. તેણે ૮૦૦,૦૦૦ થી વધુ ઘરો અને શાળાની ઈમારતોને નુકસાન પહોંચાડ્યું.



### ૨૦૧૫માં પણ નેપાળમાં ૭.૮ થી ૮.૧ની તીવ્રતાના ભૂકંપ આવ્યા હતા

IIT કાનપુરના સિવિલ એન્જિનિયરિંગ વિભાગના વરિષ્ઠ પ્રોફેસર અને જીઓસાયન્સ એન્જિનિયરિંગના નિષ્ણાત પ્રો. જાવેદ એન મલિક અનુસાર, ૨૦૧૫માં પણ નેપાળમાં ૭.૮ થી ૮.૧ની તીવ્રતાના ભૂકંપ આવ્યા હતા. ભૂકંપનું કેન્દ્ર પૂર્વ નેપાળ હતું. હિમાલયની શ્રેણીમાં અસ્થિર ટેક્ટોનિક પ્લેટોને કારણે ભૂકંપના આંચકા અનુભવાતા રહેશે.પૃથ્વીની અંદર ૭ પ્લેટ્સ છે, જે સતત ફરતી રહે છે. આ પ્લેટો જ્યાં ટકરાય છે તે ઝોનને ફોલ્ટ લાઇન કહેવામાં આવે છે. વારંવાર અથડામણને કારણે પ્લેટોના ખૂણા વળાંક આવે છે. જ્યારે ખૂબ દબાણ વધે છે, ત્યારે પ્લેટો તૂટવાનું શરૂ કરે છે. નીચેની ઉર્જા બહાર નીકળવાનો માર્ગ શોધે છે અને વિક્ષેપ પછી ભૂકંપ આવે છે.ધરતીકંપનું કેન્દ્ર એ સ્થાન છે જેની નીચે પ્લેટોમાં હલનચલનને કારણે ભૂસ્તરશાસ્ત્રીય ઉર્જા બહાર આવે છે. આ જગ્યાએ ભૂકંપના સ્પંદનો વધુ તીવ્ર હોય છે. વાઇબ્રેશનની આવર્તન જેમ જેમ વધે છે તેમ તેમ તેની અસર ઘટતી જાય છે. તેમ છતાં, જો રિક્ટર સ્કેલ પર ૭ કે તેથી વધુની તીવ્રતા સાથે ધરતીકંપ આવે છે, તો આંચકો ૪૦ કિમીની ત્રિજ્યામાં મજબૂત છે. પરંતુ તે તેના પર પણ આધાર રાખે છે કે સિસ્મિક આવર્તન ઉપરની તરફ છે કે નીચે તરફ. જો કંપનની આવર્તન વધુ હોય તો ઓછા વિસ્તારને અસર થશે.રિક્ટર સ્કેલનો ઉપયોગ કરીને ભૂકંપ માપવામાં આવે છે. તેને રિક્ટર મેગ્નિટ્યુડ ટેસ્ટ સ્કેલ કહેવામાં આવે છે. ધરતીકંપને રિક્ટર સ્કેલ પર ૧ થી ૯ સુધી માપવામાં આવે છે. ભૂકંપ તેના કેન્દ્ર એટલે કે એપીસેન્ટરથી માપવામાં આવે છે. ધરતીકંપ દરમિયાન પૃથ્વીની અંદરથી મુક્ત થતી ઊર્જાની તીવ્રતા માપવામાં આવે છે. આ તીવ્રતા ભૂકંપની તીવ્રતા નક્કી કરે છે.

### વહેલી સવારે ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા

## ભારત સહિત ચીનમાં આંચકા અનુભવાયા

| (એજન્સી) નેપાળમ, તા.૭ |

મંગળવારે સવારે ભારત સહિત ૫ દેશમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. સૌથી વધુ વિનાશ તિબેટમાં થયો હતો. અહીં સત્તાવાર રીતે ૫૦ થી વધુ, જ્યારે બીનસત્તાવાર રીતે ૮૦ લોકો મોત થયા છે. ભૂકંપને કારણે થયેલા પારાવાર નુકસાન બાદ તંત્રે બચાવ અને રાહત કામગીરી હાથ ધરી છે. જે જગ્યાએ ભૂકંપનું એપી સેન્ટર છે તે તિબેટનું સૌથી પવિત્ર શહેર ગણાય છે. મંગળવારના દિવસની શરૂઆત ભારત સહિત ૫ દેશમાં ભૂકંપના આંચકા સાથે થઈ હતી. ભારત, બાંગ્લાદેશ, નેપાળ, તિબેટ અને ઈરાન સુધી શક્તિશાળી ભૂકંપે ધરતી ધ્રુજાવી નાખી હતી. ભૂકંપને કારણ ભારતમાં જાનમાલના નુકસાનના કોઈ સમાચાર નથી. સૌથી મોટો વિનાશ તિબેટમાં થયો હતો. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૮ની નોંધાઈ હતી. તિબેટ સ્વાયત્ત ક્ષેત્રના શિગાઝે શહેરની ડિંગરી કાઉન્ટીમાં ચીનના સમય અનુસાર મંગળવારે સવારે ૯:૦૫ વાગ્યે ભૂકંપના શક્તિશાળી આંચકા અનુભવાયા હતા. ન્યૂઝ એજન્સી સિન્હુઆના અહેવાલ અનુસાર ૬.૮ની તીવ્રતાના ભૂકંપના કારણે ઓછામાં ઓછા ૫૩ લોકોના મોત થયા છે અને ૪૦થી વધુ લોકો ઘાયલ થયા છે. ભૂકંપનું કેન્દ્ર ૨૮.૫ ડિગ્રી ઉત્તર અક્ષાંશ



અને ૮૭.૪૫ ડિગ્રી પૂર્વ રેખાંશ પર નોંધાયુ હતું. શિન્હુઆના જણાવ્યા અનુસાર, ચાઈના અર્થક્વેક નેટવર્ક સેન્ટર દ્વારા જાહેર કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર, ભૂકંપનું કેન્દ્ર ૧૦ કિલોમીટરની ઊંડાઈએ હતું. યુએસ જીઓલોજિકલ સર્વેએ જણાવ્યું કે ભૂકંપ નેપાળ સરહદની નજીક તિબેટ વિસ્તારમાં આવ્યો હતો. ભૂકંપ તિબેટ ક્ષેત્રના પર્વતીય વિસ્તારમાં લગભગ ૧૦ કિલોમીટરની ઊંડાઈએ આવ્યો હતો. ચીનની ન્યૂઝ એજન્સી સીસીટીવીએ જણાવ્યું કે ચીનની ભૂકંપ મોનિટરિંગ એજન્સીએ ભૂકંપની તીવ્રતા ૬.૮ નોંધી છે. અધિકેન્દ્રની આસપાસના વિસ્તારની સરેરાશ ઊંચાઈ લગભગ ૪,૨૦૦ મીટર (૧૩,૮૦૦ ફૂટ) છે. સીસીટીવીનો ઓનલાઈન રિપોર્ટમાં કહેવાયું છે કે ભૂકંપના કેન્દ્રથી પાંચ કિલોમીટરની ત્રિજ્યામાં બહુ ઓછા લોકો રહે છે.

## તિબેટમાં તારાજી: ૯૫થી વધુ લોકોના મોત: છ કલાકમાં ૧૪ વખત આવ્યો ભૂકંપ

| (એજન્સી) તિબેટ, તા.૭ |

ભારત અને નેપાળ સહિત ત્રણ દેશોમાં મંગળવારે (સાતમી જાન્યુઆરી) વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાયા હતા. નેપાળમાં ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૧ રહી. ભારતમાં પણ દિલ્હી, ઉત્તર પ્રદેશ, બિહાર, બંગાળ અને સિક્કિમમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. તિબેટમાં બે જ કલાકમાં સાત વખત ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેમાં ૫૩ લોકોના મૃત્યુ નિપજ્યા છે, જ્યારે ૬૨થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. અહેવાલો અનુસાર, ભૂકંપ સવારે લગભગ ૬.૫૨ કલાકે આવ્યો હતો. નેપાળના કાઠમંડુ, ધાડિંગ, સિંધુપાલચોક, કાવરે, મકવાનપુર અને અન્ય ઘણાં જિલ્લાઓમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ઉત્તર ભારતના ઘણાં શહેરોમાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા, જો કે, ભારતમાંથી હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી.

## હિમાચલ પ્રદેશમાં ભૂકંપ, મંડીમાં ૩.૪ની તીવ્રતાનો આંચકો, કોઈ નુકસાન નહીં

| (એજન્સી) હિમાચલ પ્રદેશ,તા.૭ |

ચીનના તિબેટમાં વહેલી સવારથી એક-પછી એક એમ ૧૪થી વધુ ભૂકંપના આંચકાઓએ તારાજી સર્જ્યા બાદ હિમાચલ પ્રદેશના મંડીમાં સાંજે ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. સાંજે ૫.૧૪ વાગ્યા આસપાસ ૩.૪ની તીવ્રતા સાથે ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર જમીનની અંદર પાંચ કિમી નીચે હતું. જો કે, આ આંચકાના લીધે હજી સુધી કોઈ જાનહાનિ કે નુકસાનની માહિતી મળી નથી. હિમાચલ પ્રદેશના જિઓગ્રાફિકલ કંડિશન અનુસાર, ભૂકંપ સિસ્મિક ઝોન ચાર અને પાંચમાં આવ્યો હતો. મંડી, ચાંબા, કાંગડા, લાહોલ, અને કુલ્લૂમાં ભૂકંપનો અનુભવ થયો હતો. હિમાચલમાં ભૂકંપનું જોખમ રહેતું જ હોય છે. અહીં સૌથી વધુ ભૂકંપગ્રસ્ત વિસ્તાર ઝોન-૫ છે. જ્યાં દરવર્ષે સરેરાશ ૨૦થી ૩૦ ભૂકંપ નોંધાતા હોય છે. તેમાં પણ શિયાળામાં ભૂકંપની ઘટના વધી જાય છે.

## દિલ્હી વિધાનસભાની ચૂંટણી જાહેર : ૫ ફેબ્રુઆરીએ મતદાન, ૮મીએ મતગણતરી

| નવી દિલ્હી, તા.૭ |

દિલ્હીની વિધાનસભા ચૂંટણીની તારીખ જાહેર કરી દેવામાં આવી છે. આગામી ૫ ફેબ્રુઆરીએ ચૂંટણી માટે મતદાન યોજાશે જ્યારે કે તેના બે દિવસ બાદ તારીખ ૮ ફેબ્રુઆરીના રોજ તેની મતગણતરી યોજવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, દિલ્હી વિધાનસભાનો કાર્યકાળ ૨૩ ફેબ્રુઆરીએ પૂરો થઈ રહ્યો છે. આ અંગે પત્રકાર પરિષદનું આયોજન કરવામાં આવ્યું છે. ચૂંટણી પંચ દિલ્હીના વિજ્ઞાન ભવનમાં ચૂંટણીની તારીખોની જાહેરાત કરી છે.

## આસારામ બાપુને સુપ્રીમ કોર્ટમાંથી મોટી રાહત, ૧૫ માર્ચ સુધી જામીન મળ્યાં

| નવી દિલ્હી, તા.૭ |

આસારામ બાપુને લઈને મોટા સમાચાર સામે આવ્યા છે. આસારામ બાપુને ૩૧ માર્ચ સુધી વચગાળાના જામીન મળ્યા છે. સુપ્રીમ કોર્ટે ૨૦૧૩ના બળાત્કાર કેસમાં આસારામ બાપુને તબીબી આધાર પર વચગાળાના જામીન આપ્યા છે. સુપ્રીમ કોર્ટે આસારામ બાપુને હૃદયની સારવારની શરતો સાથે વચગાળાના જામીન આપ્યા છે. ઉલ્લેખનીય છે કે આસારામ બાપુ પોતાના જ ગુરુકુળની એક વિદ્યાર્થીની સાથે યૌન શોષણના મામલામાં અંતિમ શ્વાસ સુધી જેલમાં રહેવાની સજા ભોગવી રહ્યા છે.

### ભારતપોલ પોર્ટલ આ કામને ખૂબ જ સરળ બનાવશે

## કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ભારત મંડપમ ખાતે ભારતપોલ પોર્ટલનું ઉદ્‌ઘાટન કર્યું

### હવે ભારતમાં ગુનો આચરી નાસ્તા ફરતા અથવા વિદેશ ફરાર થઇ જતાં કે પછી વિદેશમાં બેસીને ભારતમાં ગુનો આચરતા આરોપીઓને સરળતાથી ઝડપી લેવામાં આવશે

| (એજન્સી) નવી દિલ્હી, તા.૭ |

કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આજે ભારત મંડપમ ખાતે ભારતપોલ પોર્ટલનું ઉદ્‌ઘાટન કર્યું છે. જેનાથી હવે ભારતમાં ગુનો આચરી નાસ્તા ફરતા અથવા વિદેશ ફરાર થઈ જતાં કે પછી વિદેશમાં બેસીને ભારતમાં ગુનો આચરતા આરોપીઓને સરળતાથી ઝડપી લેવામાં આવશે.

મળતી માહિતી મુજબ, વિદેશમાં છુપાયેલા વોન્ટેડ ગુનેગારોને લઈને ભારત સરકાર સંપૂર્ણપણે કડક છે. દેશની પોલીસ ગુનેગારો સામે હંમેશા સક્રિય રહે છે. તે ગુનેગારોને પકડવા માટે તમામ શક્ય પ્રયાસો કરી રહી છે. કેન્દ્રીય એજન્સીઓ પણ ગુનેગારો પર કાર્યવાહી કરવાની તૈયારીમાં વ્યસ્ત છે. નોંધનીય બાબત એ છે કે દેશ છોડીને વિદેશ ભાગી ગયેલા ગુનેગારોને



પરત લાવવા સરળ નથી. તેમને પાછા લાવવા માટે ઘણા બધા પાપડ પાથરવા પડે છે. આ એક મોટો પડકાર છે. હાલમાં એજન્સીઓએ આ માટે ઈન્ટરપોલની મદદ લેવી પડશે. પરંતુ હવે ભારતપોલ પોર્ટલ આ કામને ખૂબ જ સરળ બનાવશે. ભારતપોલ એક સામાન્ય પોર્ટલ છે, જેને સીબીઆઈએ ઈન્ટરપોલની તર્જ પર તૈયાર કર્યું છે. આ પોર્ટલમાં CBI, ED, NIA અને તમામ રાજ્યોની પોલીસ જેવી તમામ તપાસ એજન્સીઓનો સમાવેશ થશે. ઈન્ટરપોલની તર્જ પર તમામ રાજ્યોની સીબીઆઈ, ઈડી, એનઆઈએ અને પોલીસ સહિત તમામ એજન્સીઓને એક કોમન પોર્ટલ દ્વારા જોડવામાં આવશે. આ પોર્ટલ દ્વારા કોઈપણ પ્રકારની આતંકવાદી ઘટના, ગંભીર ગુના, નાર્કો, સાયબર ક્રાઈમ માટે વોન્ટેડ ગુનેગારો સુધી પહોંચવાનું સરળ બનશે. છેલ્લા ઘણા સમયથી એવું જોવામાં આવ્યું છે કે આતંકવાદી પ્રવૃત્તિ, સાયબર ક્રાઈમ, બેંક ફ્રોડ વગેરે જેવા કોઈપણ પ્રકારના ગુના કર્યા પછી વોન્ટેડ ગુનેગારો સરળતાથી દેશ છોડીને વિદેશ ભાગી જાય છે. તે વિદેશમાંથી ભારતમાં ગુનાહિત પ્રવૃત્તિઓ કરે છે. ગેંગ વોર તેનું નવીનતમ ઉદાહરણ છે. ગોલ્ડી બ્રાર, રોહિત ગોદારા જેવા મોટા ગેંગસ્ટરો ક્યારેક કેનેડામાં તો ક્યારેક અમેરિકામાં બેસીને ભારતમાં ગેંગ વોર ગોઠવે છે.

### ૧૫ જેટલા મજૂરો ફસાયા

## આસામના દિમા હસાઓ જિલ્લામાં ૩૦૦ ફૂટ ઊંડી કોલસાની ખાણમાં ભરાયું પાણી

| (એજન્સી) આસામ, તા.૭ |

સોમવારે આસામના દિમા હસાઓ જિલ્લામાં ૩૦૦ ફૂટ ઊંડી કોલસાની ખાણમાં અચાનક પાણી ભરાઈ ગયું હતું. કર્મચારીઓના જણાવ્યા અનુસાર ખાણમાં લગભગ ૧૫ કામદારો ફસાયેલા છે. જોકે આ વાતની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. આ ઘટના જિલ્લાના ઉમરાંગસોના ૩ કિલો વિસ્તારમાં સ્થિત આસામ કોલસાની ખાણમાં બની હતી. અહેવાલો અનુસાર, આ ઉંદર ખાણ કરનારાઓની ખાણ છે. પાણીનું સ્તર લગભગ ૧૦૦ ફૂટ છે. બે મોટર પંપની મદદથી પાણી કાઢવામાં આવી રહ્યું છે. આસામના સીએમ હિમંતા બિસ્વા સરમાએ પોતાની પોસ્ટમાં કહ્યું- ઉમરાંગસોમાં કોલસાની ખાણમાં કામદારો ફસાયા છે. જિલ્લા કલેક્ટર, એસપી અને મારા સાથી કૌશિક રાય ઘટનાસ્થળે પહોંચી રહ્યા છે. બચાવ કાર્યમાં સેનાની મદદ લેવામાં આવી છે. SDRF અને NDRFની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. પ્રત્યક્ષદર્શીએ કહ્યું, અચાનક પાણી આવ્યું દિમા હસાઓ જિલ્લાના એસપી મયંક ઝાએ કહ્યું- ખાણમાં ઘણા મજૂરો ફસાયા હોવાની આશંકા છે. પ્રત્યક્ષદર્શીઓના



નિવેદન મુજબ, પાણી અચાનક આવી ગયું. જેના કારણે કામદારો ખાણમાંથી બહાર આવી શક્યા ન હતા. અધિકારીઓએ જણાવ્યું કે ઈમરજન્સી રિસ્પોન્સ ટીમ, સ્થાનિક અધિકારીઓ અને ખાણકામ નિષ્ણાતોની ટીમો સાથે બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. ખાણમાં ફસાયેલા કામદારોને શોધવામાં આવી રહ્યા છે. રેટ એટલે ઉંદર, હોલ એટલે ખાડો અને માઈનિંગ એટલે ખાણને ખોદવી. તે સ્પષ્ટ છે કે હોલમાં પ્રવેશવું અને ઉંદરની જેમ ખોદવું. જેમાં પહાડની બાજુમાંથી પાતળું હોલ કરીને ખોદકામ શરૂ કરવામાં આવે છે અને પોલ બનાવ્યા બાદ તેને ધીમે ધીમે નાના હેન્ડ ડ્રિલિંગ મશીન વડે ડ્રિલ કરવામાં આવે છે.

## ટ્રમ્પે ફરીથી કેનેડાને ‘૫૧મું રાજ્ય’ બનાવવાનો પ્રસ્તાવ મૂક્યો

| (એજન્સી) કેનેડા, તા.૭ |

કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રૂડોએ ૬ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ અચાનક તેમના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. કેનેડામાં આ વર્ષે સામાન્ય ચૂંટણીઓ શરૂ થઈ ત્યારે તેમનું પગલું આવ્યું અને તેઓ ચૂંટણી પહેલા પક્ષમાં નેતૃત્વ પરિવર્તનનો સંકેત આપી રહ્યા હતા. ટ્રૂડોએ કહ્યું કે જ્યાં સુધી તેમની પાર્ટી લિબરલ પાર્ટી નવા નેતાની પસંદગી નહીં કરે ત્યાં સુધી તેઓ વડાપ્રધાન રહેશે. પરંતુ ટ્રૂડોના રાજીનામા પછી, નવા ચૂંટાયેલા યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવાની દરખાસ્ત જે હેડલાઈન્સ બની હતી. જસ્ટિન ટ્રૂડોના રાજીનામાના કલાકો પછી, ડોનાલ્ડ ટ્રમ્પે તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક પોસ્ટ કરી, જેમાં તેમણે ફરી એકવાર કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવાનો



પ્રસ્તાવ મૂક્યો. આ પહેલીવાર નથી જ્યારે ટ્રમ્પે આ વિચાર વ્યક્ત કર્યો હોય. આ પહેલા ટ્રમ્પે ૨૦૨૪માં માર-એ-લાગોમાં ટ્રમ્પ અને ટ્રૂડોની બેઠક બાદ કેનેડા વિશે આ વિચાર રજૂ કર્યો હતો અને ત્યારથી તેઓ આ પ્રસ્તાવને પોતાના સોશિયલ મીડિયા પર ઘણી વખત શેર કરી ચૂક્યા છે. ટ્રમ્પના જણાવ્યા અનુસાર, ઘણા કેનેડિયન આ વિચારને સમર્થન આપે છે અને તેને એક કુદરતી પગલું માને છે. પોતાની સોશિયલ મીડિયા પોસ્ટમાં ટ્રમ્પે લખ્યું કે, “કેનેડામાં એવા ઘણા લોકો છે જેઓ યુનાઇટેડ સ્ટેટ્સમાં ૫૧માં રાજ્ય તરીકે જોડાવા માંગે છે.” તેમણે કહ્યું કે યુએસ હવે તેની અર્થવ્યવસ્થા જાળવવા માટે કેનેડાએ જે ભારે વેપાર ખાધ અને અન્ય આર્થિક બોજો ઉઠાવવો પડશે તે પરવડી શકે તેમ નથી. ટ્રમ્પે આરોપ લગાવ્યો કે ટ્રૂડો પરિસ્થિતિને સમજતા હતા અને કદાચ તેથી જ તેમણે રાજીનામું આપ્યું હતું. ટ્રમ્પનું નિવેદન એ પણ સંકેત આપે છે કે તેઓ અમેરિકા અને કેનેડા વચ્ચેના વેપાર સંબંધો સુધારવાનો પ્રયાસ કરી રહ્યા છે. ટ્રમ્પ માને છે કે જો કેનેડા અમેરિકાનો હિસ્સો બનશે તો તેનાથી બંને દેશો વચ્ચેના વેપાર સંબંધો મજબૂત થશે અને ટેરિફ ખતમ થઈ જશે. આ ઉપરાંત, ટેક્સનો દર પણ ઘટશે, જેનાથી બંને દેશોના નાગરિકોને આર્થિક લાભ થશે. ટ્રમ્પે પોતાના પ્રસ્તાવમાં એમ પણ કહ્યું કે જો કેનેડા અમેરિકાનો હિસ્સો બનશે તો કેનેડિયન નાગરિકો રશિયા અને ચીન જેવા દેશોના ખતરાથી સંપૂર્ણ રીતે સુરક્ષિત રહેશે.

## ન્યૂઝ બ્રિફ

### વડીલોને ટાર્ગેટ કરી ચોરી કરતી ત્રિપુટી ઝડપાઇ ગઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

બે મહિનાથી અમદાવાદમાં સવારના સુમારે રિક્ષાની રાહ જોઈ રહેલા વડીલો જ્યારે રિક્ષામાં પોતાની ગંતવ્ય સ્થાને પહોંચે ત્યારે તેમના દાગીના કે વસ્તુ ચોરાઈ જતી હોવાની ફરિયાદો વધી હતી. ક્રાઈમ બ્રાંચે આ બાબતને ગંભીરતાથી લઈને માત્ર વડીલોને ટાર્ગેટ કરતી એક મહિલા સહિતની ત્રિપુટીને ઝડપી લીધી છે. આ ત્રિપુટી રિક્ષાની નંબર પ્લેટ કાઢીને સવારે જ માત્ર સિનિયર સિટીઝનને રિક્ષામાં બેસાડતી અને તેમના દાગીના ચોરી લેતી હતી. વડીલોને વિશ્વાસ બેસે માટે પાછળની સીટમાં એક મહિલા અને પુરુષ મુસાફર સ્વાંગમાં જ બેઠા હોય. વડીલ રિક્ષામાં બેસે કે મહિલા કારીગરી કરી લેતી. ક્રાઈમ બ્રાંચે આ ત્રિપુટીને ઝડપીને કુલ ૯ ગુનાના ભેદ ઉકેલ્યા છે. સિનિયર સિટીઝનને ટાર્ગેટ કરતી ગેંગની ફરિયાદોને લઈને ક્રાઈમ બ્રાંચના ઈન્સ્પેક્ટર જે.કે. મકવાણાની ટીમે તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન ચોક્કસ રિક્ષામાં જ આવી ઘટના બનતી હોવાનું જણાતા પોલીસે તલાશ આદરી. પોલીસે સંખ્યાબંધ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કરતાં આ રિક્ષા ગીતામંદિર, મજૂર ગામ પાસેથી પકડાઈ. પોલીસે રિક્ષામાંથી સલમાનખાન, આશા અને વિક્રમને ઝડપી લીધા હતા. તેમની પાસેથી પોલીસે સોનાના દાગીના પણ કબજે લીધા હતા.

### વેપારીને હાઇ ક્વોલિટી સ્ટોકના ટ્રેડિંગ માટે ગઠિયાઓએ લિંક મોકલી ૮૮ લાખ પડાવ્યા

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

શહેરના નવરંગપુરામાં રહેતા વેપારી સાથે ૮૮ લાખનું સાયબર ળોડ થતાં પોલીસ ફરિયાદ નોંધાઈ છે. થોડા સમય પહેલા આધેડ વેપારીએ સોશિયલ મીડિયા પર સ્ટોક માર્કેટ-માં રોકાણ કરવા અંગેની લિંક જોઈ હતી. જે લિંક પર ક્લીક કર્યા બાદ તે વોટ્સએપ અને ટેલિગ્રામના ગ્રૂપમાં જોડાયા હતા. જે ગ્રૂપમાં રોકાણ કરવાનું કહીને હાઈ ક્વોલિટી સ્ટોકના ટ્રેડિંગની માહિતી આપવામાં આવતી હતી. વેપારીએ ટુકડે ટુકડે ૮૮.૦૫ લાખ ભર્યા બાદ તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનું ધ્યાને આવ્યુ હતું. આ મામલે ગુજરાત યુનિ. પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. નવરંગપુરામાં રહેતા ૫૦ વર્ષીય આધેડ વિજય ચાર રસ્તા પાસે ટેલિકોમ સર્વિસની દુકાન ધરાવે છે. ગત તા.૨૪ ડિસેમ્બરે તેમણે સોશિયલ મીડિયા પર સ્ટોક માર્કેટમાં રોકાણ કરવા અંગેની લિંક જોઈ હતી. જે લિંક ખોલતા જ ૧૪૯ મેમ્બર ધરાવતુ વોટ્સએપ ગ્રૂપ ખુલ્યું હતું. જેમાં ડીમેટ એકાઉન્ટ ખોલાવવા માટે લાયઝનીંગ ઓફિસરનો નંબર આપવામાં આવ્યો હતો. ત્યારબાદ આધેડ વેપારીને ટેલીગ્રામની લિંક આવી હતી. જેમાં હાઈ ક્વોલિટી સ્ટોકના ટ્રેડિંગના કામ માટે માહિતી આપવામાં આવી હતી. જે બાદ તેમને એક લિંક ટ્રેડિંગ એકાઉન્ટ ખોલાવવા માટે આવી હતી.

### ખેડૂતોએ ચાલુ સિઝનમાં રવિ પાકોનું પુષ્કળ વાવેતર કર્યું છે

# રાજ્યમાં સૌથી વધુ ૧૩.૪૨ લાખ હેક્ટરમાં ઘઉં પાકનું રેકોર્ડ બ્રેક વાવેતર : કૃષિમંત્રી રાઘવજી પટેલ

### સિઝનના સારા વરસાદ અને ગત વર્ષે ખેડૂતોને રવિ પાકના મળેલા રેકોર્ડ બ્રેક ભાવના પરિણામે આ વર્ષે વાવેતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે



। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

ગુજરાતના ખેડૂતોએ ચાલુ સિઝનમાં રવિ પાકોનું પુષ્કળ વાવેતર કર્યું છે. સિઝનના સારા વરસાદ અને ગત વર્ષે ખેડૂતોને રવિ પાકના મળેલા રેકોર્ડ બ્રેક ભાવના પરિણામે આ વર્ષે વાવેતરમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. ગુજરાતમાં ગત ત્રણ વર્ષ દરમિયાન રવિ પાકોનો સામાન્ય વાવેતર વિસ્તાર સરેરાશ ૪૬.૦૭ લાખ હેક્ટર રહ્યો છે. જેની સામે ચાલુ વર્ષે માત્ર અત્યાર સુધીમાં જ ગુજરાતના ખેડૂતોએ ૪૭.૫૫ લાખ હેક્ટર વિસ્તારમાં રવિ પાકોનું વાવેતર કર્યું છે. રાજ્યના કેટલાક વિસ્તારોમાં હજુ પણ રવિ પાકોનું વાવેતર ચાલુ હોવાથી વાવેતરનો આંકડો વધવાની સંપૂર્ણ સંભાવના છે, તેમ કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું. ગુજરાતના ખેડૂતો માટે આ વર્ષ પણ ખૂબ જ લાભદાયી નીવડશે, તેમ જણાવી કૃષિ મંત્રીએ ઉમેર્યું હતું કે, ભારતના કુલ ઘઉં ઉત્પાદનમાં ગુજરાતનો ફાળો મહત્વપૂર્ણ છે. રાજ્યમાં દર વર્ષે રવિ ઋતુ દરમિયાન ઘઉંનું સૌથી વધારે વાવેતર થાય છે. એ જ અનુક્રમને જાળવી રાખતા આ વર્ષે પણ ગુજરાતમાં ઘઉં પાકનું સૌથી વધુ વાવેતર થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૩.૪૨ લાખ હેક્ટર વિસ્તારમાં ઘઉંનું રેકોર્ડબ્રેક વાવેતર નોંધાયું છે. જે ગત વર્ષની સરખામણીએ ૧૦૯ ટકા જેટલું છે. આ ઉપરાંત ધાન્ય પાકમાં મકાઈનું પણ આ વર્ષે કુલ ૧.૩૨ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૧૮.૯૨ ટકા જેટલું છે. મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ વર્ષે રાજ્યમાં કઠોળ પાકમાં ચણાનું પણ મબલખ વાવેતર નોંધાયું છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન રાજ્યના આશરે ૬.૨૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર નોંધાયું હતું, જેની સામે ચાલુ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૮.૩૯ લાખ હેક્ટર વિસ્તારમાં ચણાનું વાવેતર થયું છે. એટલે કે, ગત વર્ષની સરખામણીએ ચાલુ વર્ષે ચણાનું વાવેતર ૧૩૩.૩૮ ટકા જેટલુ થયું છે. તેવી જ રીતે, અત્યાર સુધીમાં રાજ્યમાં જીરા પાકનું ૪.૭૪ લાખ હેક્ટર વિસ્તારમાં તેમજ તેલીબીયા પાકોમાં રાઈનું કુલ ૨.૫૭ લાખ હેક્ટર વિસ્તારમાં વાવેતર થયું છે.

ગુજરાતમાં ચાલુ રવિ સિઝન દરમિયાન બટેકા અને ડુંગળીનું પણ મબલખ વાવેતર જોવા મળ્યું છે. ગત વર્ષે ડુંગળીનું આ સમયગાળા દરમિયાન રાજ્યમાં ૬૯ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું. જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૯૨ હજાર હેક્ટરમાં વાવેતર નોંધાયુ છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૩૩.૩૩ ટકા જેટલુ છે. આટલું જ નહિ, બટાટા પાકનું ગત વર્ષે આ સમયગાળા દરમિયાન આશરે ૧.૩૫ લાખ હેક્ટરમાં વાવેતર નોંધાયુ હતું. જેની સામે આ વર્ષે અત્યાર સુધીમાં કુલ ૧.૫૬ લાખ હેક્ટરમાં બટાકાનું વાવેતર નોંધાયું છે, જે ગત વર્ષની સરખામણીએ ૧૧૫.૫૫ ટકા જેટલું છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું.

### સાંસદ મુકેશભાઈ દલાલે સુરત-ગુજરાતની ભૂમિ પર કાશ્મીરી યુવાઓને આવકાર્યા

# સુરત ખાતે નહેરુ યુવા કેન્દ્ર-સુરત દ્વારા કાશ્મીરી યુવા આદાન-પ્રદાન કાર્યક્રમનો શુભારંભ કરાયો



। સુરત, તા.૭ ।

કાશ્મીરી ખીણમાં યુવાનો આતંકવાદના ઓછાયા હેઠળ જીવન જીવી રહ્યા છે, ત્યારે સ્થાનિક કાશ્મીરી યુવાનો એકતા અને દેશપ્રેમની ભાવના કેળવે, કટ્ટરપંથી પ્રવૃતિઓથી દૂર રહી પોતાનો સર્વાંગી વિકાસ સાધે એ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયના સહયોગથી કેન્દ્ર સરકારના યુવા કાર્યક્રમ અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત નેહરુ યુવા કેન્દ્ર-સુરત અને માય ભારત-સુરત દ્વારા તા.૦૬ થી ૧૧ જાન્યુઆરી સુરતમાં આયોજિત કાશ્મીરી યુવા આદાન પ્રદાન કાર્યક્રમનો શુભારંભ સાંસદશ્રી મુકેશભાઈ દલાલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીની વિશેષ ઉપસ્થિતિમાં સાંસદશ્રી મુકેશભાઈ દલાલે શ્રી બદ્રી નારાયણ મંદિર-અડાજણ ખાતે ઉમળકાથી સ્વાગત કરી કાશ્મીરી યુવાનોને સુરત-ગુજરાતની ભૂમિ પર આવકાર્યા હતા. તેમણે જણાવ્યું કે, યુવા વિનિમય કાર્યક્રમથી કાશ્મીર અને ગુજરાતના યુવાનો વચ્ચે સમજ અને મિત્રતામાં વધારો થશે. યુવાનો ભયના ઓથારથી બહાર આવી વિકાસના માર્ગે અગ્રેસર થાય એવો આશય છે. કાશ્મીરના કેટલાક રાહ ભટકી ગયેલા યુવાનોને સુરત આવેલા યુવાનોમાંથી પ્રેરણા મળશે અને વિકાસની મુખ્ય ધારામાં સામેલ થશે. સાંસદશ્રીએ ૧૩૨ પ્રતિભાગીઓને વિચારો અને સાંસ્કૃતિક આદાનપ્રદાન કરવા સાથે રાષ્ટ્ર પ્રત્યે તેમની જવાબદારીઓ અંગે ઉમદા શીખ આપી જાગૃત કર્યા હતા. જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીએ જણાવ્યું કે, વિવિધતામાં એકતા ધરાવતા આપણા દેશમાં સ્થાનિક સંસ્કૃતિ, ખાનપાન, રહેણીકરણી, પહેરવેશ, ભાષા-બોલીમાં અનોખું વૈવિધ્ય જોવા મળે છે. આ સૌનું આગવું મહત્વ અને લાક્ષણિકતાઓ છે. સુરતમાં આવેલા કાશ્મીરી યુવાનો સ્થાનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઔદ્યોગિક અને સહકારી ક્ષેત્ર, પ્રવાસન, સુરતનું સ્થાપત્ય, ખાનપાન, ઈતિહાસ અને સાંસ્કૃતિક વારસાને નજીકથી નિહાળી શકશે. તેમને જાણી-માણી શકશે. યુવાનો પરસ્પર સંવાદ, સહકાર અને ટીમ વર્ક દ્વારા નવી શીખ અને અનુભવો મેળવશે અને કાશ્મીર જઈ સ્વઅનુભવો મિત્રો, પરિજનો અને અન્ય નાગરિકો સાથે શેર કરશે.

નહેરુ યુવા કેન્દ્ર-સુરતના જિલ્લા યુવા અધિકારી સચિન શર્માએ કાર્યક્રમની રૂપરેખા આપતા જણાવ્યું કે, અનંતનાગ, કૂપવાડા, બારામુલ્લા, બડગામ, શ્રીનગર અને પુલવામાના ૧૩૨ કાશ્મીરી યુવાનો ૧૨ ટીમ લીડરો સાથે જગદીશચંદ્ર બોસ મ્યુનિસિપલ એક્વેરિયમ, ચોક બજાર સ્થિત ઐતિહાસિક કિલ્લાની મુલાકાત લેશે. આ સાથે હજીરા અદાણી પોર્ટ, હરેક્રિષ્ણા ડાયમંડ, લક્ષ્મીપતિ ટેક્સટાઈલ, યુરો ફૂડ પ્રા.લિ., AURO યુનિવર્સિટીની મુલાકાત લેશે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ભારતની વિવિધતામાં એકતા અને કાશ્મીરી યુવાનોને અન્ય પ્રદેશોની સાંસ્કૃતિક ધરોહરો સાથે પરિચિત કરાવવાનો છે. તમામ યુવાનો પોતપોતાના ગામ, શહેરમાં જઈ ગુજરાતના વિકાસ, સુખાકારીથી સૌને પરિચિત કરાવે એ માટેનો યુથ એક્સચેન્જનો આ પ્રયાસ છે એમ જણાવી તેમણે પોતાના વતન જઈ ગુજરાતની અસ્મિતાની સુવાસ ફેલાવવાનો સર્વ યુવાનોને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે નહેરુ યુવા કેન્દ્રના સ્ટેટ ડિરેક્ટરશ્રી દુષ્યંત ભટ્ટે પ્રાસંગિક ઉદ્દબોધન કરી કાશ્મીરના યુવાઓ ગુજરાતની અભૂતપૂર્વ શાંતિ, સુખાકારી અને વિકાસની અનૂભૂતિ કરી પ્રગતિની શક્તિને સમજશે એમ જણાવ્યું હતું.

## ચાઇનીઝ દોરીથી પતંગ ચગાવતા યુવકને પોલીસે ઝડપી લીધો

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ સહિત રાજ્યભરમાં ઉત્તરાયણના તહેવાર દરમિયાન પ્રતિબંધિત ચાઈનીઝ દોરીના ખરીદ, વેચાણ અને ઉપયોગ પર આ વખતે પોલીસે વેળાસર સખ્તાઈથી કામ લેવાની શરૂઆત કરી છે. એટલું જ નહીં પહેલી વખત શહેર પોલીસે ચાઈનીઝ દોરીથી પતંગ ચગાવતા યુવકને ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી છે. આમ, પોલીસ હવે ખરીદ વેચાણ જ નહીં ચાઈનીઝ દોરીથી પતંગ ચગાવનાર સામે પણ સખ્તાઈથી કાર્યવાહી કરશે એવો આ સાથે સંદેશ આપ્યો છે. પોલીસે ચાઈનીઝ દોરીનું વેચાણ કરનાર યુવકને પણ ઝડપી લીધો છે.ઈસનપુર પોલીસને પેટ્રોલિંગ દરમિયાન જાણકારી મળી હતી કે મુન્શીનગર મિલ્લતનગરમાં એક યુવક જાહેરમાં ચાઈનીઝ દોરીથી પતંગ ચગાવી રહ્યો છે.

### વડોદરાના તાંદળજામાં પાણીનો કકળાટ

## ૫૦૦ જેટલા મકાનોમાં પાણી સુવિધા નહિ મળતા મોરચો

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

વડોદરાના તાંદળજા વિસ્તારમાં આવેલા આતીફ નગરના ૧૦૫ ઘર, રેહમત નગરના ૧૦૦ ઘર અને ખુશ્બૂ નગરના ૨૮૫ ઘરોમાં પાણી જેવી પાયાની સુવિધાનો વર્ષોથી અભાવ છે.

આતીફ નગરમાં પાણી લાઈન તેમજ પાણીના કનેક્શન ના હોવા છતાં છેલ્લા આઠ વર્ષોનો વ્યાજ સહિતનો પાણી કર આવી રહ્યો છે.

રેહમત નગરની ૨૦૨૧માં આંતરિક પાણીની લાઈન પાસ થઈ હતી. જેના ચાર્જ પેટે રહીશો દ્વારા ૨૦૨૧માં મ્યુનિસિપલ કોર્પોરેશનને પાણી કનેક્શનના ૧૫૦૦ રૂપિયાની ભરપાઈ કર્યા છતાં ૪ વર્ષનો સમય થઈ ગયો હોવા છતાં પાણીની લાઈન નાખવામાં નથી આવી. જેથી ઉપરોક્ત તમામ સોસાયટીમાં પાણીની લાઈન નાંખવા માટે તેમજ આતીફ નગરનો પાણી કર બાદ કરવાની માંગણી સાથે મ્યુનિસિપલ કમિશનરને આવેદન પત્ર આપી અહીંના સ્થાનિક રહીશો દ્વારા રજૂઆત કરવામાં આવી હતી.

## ગુજરાતમાં ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ સામે નવી લડાઈનો પ્રારંભ

। ગાંધીનગર, તા.૭ ।

ગૃહ વિભાગે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા અને ઓર્ગેનાઈઝ્ડ ક્રાઈમ સામેની લડાઈને વધુ મજબૂત બનાવવા માટે એક નવો અને ઐતિહાસિક નિર્ણય લીધો છે. પોલીસ ભવન ખાતે કાર્યરત સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી)ને ઝીરો બજેટથી અલાયદા પોલીસ સ્ટેશનનો દરજ્જો આપી વિશેષ સત્તાઓ આપવામાં આવી છે. રાજ્યમાં અને રાજ્યની બહાર બનતાં ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા રાજ્યને સ્પર્શતા ગુનાઓના દરોડા પાડી તેના ગુના આ નવા એસ.એમ.સી પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવશે અને તેની તપાસ પણ આ ટીમ દ્વારા કરવામાં આવશે. આ ગુનાઓની તપાસ સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમ દ્વારા રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયના સીધા માર્ગદર્શન હેઠળ કરવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા ATSને પણ વર્ષ ૨૦૦૨માં પોલીસ સ્ટેશન જાહેર કરવામાં આવ્યું હતું. હવે જીસ્ક્ર દ્વારા છ્જીની જેમ ગુજરાત તેમજ દેશમાં ઓર્ગેનાઈઝડ ક્રાઈમ વિરુદ્ધ સક્રિય રીતે પગલાં લેવામાં સક્ષમ બનશે અને અસરકારક કામગીરી કરશે. ઝડપી અને અસરકારક તપાસઃ સ્થાનિક પોલીસ સ્ટેશન અને જિલ્લા-રેન્જ વડાશ્રીઓની મંજુરીમાંથી મુક્તિ મળતાં તપાસની પ્રક્રિયા ઝડપી બનશે અને ગુનેગારો સામે કડક કાર્યવાહી થઈ શકશે. રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ગુનાઓની તપાસઃ આ પોલીસ સ્ટેશનમાં દાખલ કરાયેલા ગુજરાતને સ્પર્શતા રાજ્યની બહાર થતા ક્રિકેટ સટ્ટા, ડબ્બા ટ્રેડિંગ, ડ્રગ્સ, પ્રોહિબિશન, જુગાર અને કબુતરબાજી જેવા ગુનાઓની સ્વાયત્ત તપાસ થઈ શકશે.

## કચ્છમાં ટ્રેક ઓળંગતાં માતા-બે પુત્રોના ટ્રેન અડફેટે મોત

। (એજન્સી) ભૂજ, તા.૭ ।

કચ્છના અંજાર તાલુકાના ભીમાસર રેલવે સ્ટેશન ખાતે ગત રાત્રે રેલવે ટ્રેક ઓળંગતો શ્રમજીવી પરિવાર કચ્છ એક્સપ્રેસ ટ્રેનની હડફેટે ચડી આવી ગયો હતો. આ ઘટનામાં પતિની નજર સામે પત્ની અને બે પુત્રોના મોત થયાં હતાં. આ ઘટનાની માહિતી મળતાં રેલવે સ્ટાફ સહિતનાઓ મદદે દોડી ગયા હતા. ગાંધીધામથી નીકળેલી મુંબઈ જતી કચ્છ એક્સપ્રેસ ટ્રેન ભચાઉ તરફ આગળ વધી રહી હતી. એ જ સમયે ભીમાસર પાસે એક પરિવાર રેલવે ટ્રેકને ઓળંગી રહ્યો હતો. દરમિયાન ટ્રેન આવી પહોંચતા પરિવારના સભ્યો હડફેટે ચડી જતા ગંભીર ઈજા પહોંચી હતી. જેમાં પતિની નજર સામે જ પત્ની અને બે પુત્રોનાં ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નીપજ્યા હતાં.

### ૫૦૦.૫૨ ગ્રામ જેટલો હાઇબ્રિડ ગાંજો મળી આવ્યો હતો

## ઉમરા વિસ્તારમાં એક યુવક રેન્જ રોવર કારમાં ગાંજાની ડિલિવરી કરવા નિકળ્યો

। (એજન્સી) સુરત, તા.૭ ।

સુરતના ઉમરા વિસ્તારમાં એક યુવક રેન્જ રોવર કારમાં ગાંજાની ડિલિવરી કરવા આવ્યો હતો. જોકે પોલીસે તે યુવકને ઝડપી પાડ્યો. સાથે જ જે ગાંજાની ડિલિવરી લેવા આવ્યો હતો તેની પણ પોલીસે ધરપકડ કરી છે. સુરત પોલીસ દ્વારા "નો ડ્રગ્સ ઈન સુરત સીટી" અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જે અભિયાન અંતર્ગત સુરતની ઉમરા પોલીસ નશીલા પદાર્થોની થતી હેરાફેરીને ડામવા પેટ્રોલિંગમાં હતી. જે પેટ્રોલિંગ દરમિયાન સુરતની ઉમરા પોલીસને માહિતી મળી હતી કે, ઘોડ દોડ રોડ ખાતે આવેલા ઈન્ડોર સ્ટેડિયમ પાછળ હાર્દિક પરમાર નામનો ઈસમ હાઈબ્રિડ ગાંજાની ડિલિવરી કરવા આવી રહ્યો છે. માહિતીના આધારે ઉમરા પોલીસના સર્વેલન્સ સ્ટાફ દ્વારા વોચ ગોઠવવામાં આવી હતી. દરમિયાન રેન્જ રોવર લક્ઝુરિયસ કારમાં હાઈબ્રિડ ગાંજાની ડિલિવરી કરવા આવેલા હાર્દિક પરમારને ઉમરા પોલીસે રંગે હાથ ઝડપી પાડ્યો હતો. ઉમરા પોલીસે ગાંજાની ડિલિવરી કરવા આવેલા હાર્દિક પરમારની સાથે ડિલિવરી લેવા આવેલા જેનીશ કાથરોટીયાને પણ દબોચી પાડ્યો હતો.

## વિશેષ

### પ્રાકૃતિક ખેતી અપનાવતા વસાવાના આર્થિક સુખાકારીમાં વધારો । પેદાશની ગુણવત્તા, વેચાણ, આવક અને માંગમાં સુધારો લાવતું કૃષિ મોડલ અપનાવ્યું

# પ્રાકૃતિક ખેત પદ્ધતિથી ઉત્પાદિત પાકોમાં વધુ મિઠાશ અને પૌષ્ટિક હોય છે : ધીરસિંગ જે. વસાવા







। (માહિતી) સુરત ।

રાસાયણિક ખાતરો, દવાઓનો ઉપયોગ ટાળીને જમીન સંરક્ષણ અને માનવ સ્વાસ્થ્ય માટે એસ્પિરેશન નર્મદા જિલ્લાના ખેડૂતોએ આગેકૂચ કરી છે. પ્રાકૃતિક કૃષિ પર્યાવરણીય હિતોને અનુરૂપ હોય છે. પોષક તત્વોથી ભરપૂર આ ખેતી પદ્ધતિમાં જમીનની ફળદ્રુપતા, ઉત્પાદન, ગુણવત્તા, વેચાણ સહિત આવકમાં પણ વધારો થાય છે. સાગબારા તાલુકાના ખોપી ગામના ખેડૂત શ્રી ધીરસિંગ જાતરિયાભાઈ વસાવાએ પણ પ્રાકૃતિક ખેતી અપનાવી છે. જેના કારણે તેમના પાકની ગુણવત્તા અને પેદાશમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. શ્રી વસાવાએ કહ્યું કે, પ્રાકૃતિક ખેતીના કારણે મારા જમીનની ફળદ્રુપતા, ગુણવત્તામાં વધારો થયો છે. ટામેટા અને દૂધીના પાકમાં મને સારુ પરિણામ જોવા મળ્યું છે. ગોબર, ગોમૂત્ર, ચોખાનો લોટ અને ગોળ-છાસના મિશ્રણથી તૈયાર ખાતરનો છંટકાવ ખેતરમાં કર્યો છે. શ્રી વસાવાએ કહ્યું કે, અગાઉ રાસાયણિક દવાઓ પાછળ થતા મોટા ખર્ચાઓ પ્રાકૃતિક ખેતીના કારણે આવકમાં પરિણમી છે. પ્રાકૃતિક ખેતી અપનાવતા જમીનની ફળદ્રુપતા તો વધી જ છે સાથોસાથ ઉત્પાદન ક્ષમતા, વેચાણ, આવક અને બજાર માંગમાં પણ વધારો થયો છે. પ્રાકૃતિક ખેત પદ્ધતિથી ઉત્પાદિત પાકોમાં વધુ મિઠાશ અને પૌષ્ટિક હોય છે. આ પ્રસંગે શ્રી વસાવાએ આત્મા પ્રોજેક્ટ તથા જિલ્લા ખેતીવાડી વિભાગનું માર્ગદર્શન અને તાલીમ મળવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતને પ્રાકૃતિક ખેતીનું રોલ મોડલ બનાવવા માટે ઘનિષ્ઠ પ્રયાસો આદર્યા છે. ખોરાકની ગુણવત્તા અંગે સતત ચિંતાઓ વધી રહી છે. બિમારીઓનું પ્રમાણ વધી રહ્યું છે. ત્યારે રાસાયણિક તત્વોથી મુક્ત ખોરાકની માંગમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. પ્રાકૃતિક ખેતીનો મુખ્ય આશય જમીનના પોષણ તત્વોને નિયંત્રણમાં રાખવાનું છે. નર્મદા જિલ્લાના આદિવાસી સમુદાય પણ પર્યાવરણીય અને આરોગ્ય સંબંધિત મુદ્દાઓ પર સજાગ થયા છે. પ્રાકૃતિક ખેતીપર્યાવરણ સંરક્ષણ, જમીન અને માનવીનું આરોગ્ય, ઉત્પાદનમાં વધારો, ગુણવત્તાયુક્ત જીવન અને ખેડૂતોના સમૃદ્ધિના દ્વાર ખોલે છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

**ન્યૂઝ બ્રિફ**

## નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાશે ભારત-આયર્લેન્ડ વચ્ચે મહિલા ક્રિકેટ



। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

ભારત સામે આયર્લેન્ડ મહિલા ક્રિકેટ મેચ રાજકોટના નિરંજન શાહ સ્ટેડિયમમાં રમાવાની છે. ૧૦, ૧૨ ૧૫ જાન્યુઆરી સ્ટેડિયમમાં ક્રિકેટ ફીવર જોવા મળશે. ત્યારે આયર્લેન્ડની મહિલા ક્રિકેટરો અને ટીમના સ્ટાફનું રાજકોટમાં આરતી, ફૂલ હાર વડે સ્વાગત કરવામાં આવ્યું હતું. સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોશિયેશને દર્શકો માટે મેચ જોવી મફતમાં રાખી છે. એટલે કે એન્ટ્રી ફ્રી રહેશે. આગામી ૧૦, ૧૨ અને ૧૫ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ ભારતીય મહિલા ટીમ આર્યલેન્ડ મહિલા ટીમ સાથે ત્રણ વનડે મેચની સિરીઝ રમશે જે મેચની શરૂઆત સવારે ૧૧ વાગ્યાથી થશે. બન્ને ટીમની મહિલા ખેલાડીઓ કાલાવડ રોડ પર આવેલ સયાજી હોટલ ખાતે રોકાણ કરશે. જાણકારોના મતે, રાજકોટની પીચ ખૂબ સારી છે, ખેલાડીઓને મનગમતી પીચ છે માટે અહીં ખૂબ સારો સ્કોર થશે તે માટે પીચ ક્યુરેટરે પીચ તૈયાર કરવાની શરૂઆત કરી દીધી છે.

## અગ્નિવીર વાયુ ભરતી ૨૦૨૫ માટે અરજી પ્રક્રિયા શરૂ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતીય વાયુસેનાએ અગ્નિપથ યોજના હેઠળ અગ્નિવીર વાયુ ભરતી ૨૦૨૫ માટે અરજી પ્રક્રિયા શરૂ આજથી એટલે કે, ૭ જાન્યુઆરી, ૨૦૨૫થી શરૂ કરવામાં આવી છે. જો કે, વાયુસેનાએ આ અંગે પહેલા જ તેની સૂચના જારી કરી દીધી હતી. રસ ધરાવતાં ઉમેદવારો અધિકૃત વેબસાઈટ agnipathvayu.cdac.in પર જઈને અરજી કરી શકે છે. અરજી કરવાની છેલ્લી તારીખ ૨૭ જાન્યુઆરી ૨૦૨૫ છે. ભારતીય વાયુસેનાએ અધિકૃત રીતે જાહેર કરેલી સૂચના પ્રમાણે ઉમેદવારો છેલ્લી તારીખ પહેલાં અગ્નિવીરવાયુ ભરતી માટે અરજી કરી શકશે. અરજી કરનાર ઉમેદવારે રૂ. ૫૫૦ પરીક્ષા ફી અને સાથે GST ફી ચૂકવવાની રહેશે. આવો જાણીએ કે, આ જગ્યા માટે શું લાયકાત માંગવામાં આવી છે અને અરજી કરનારની ઉંમર કેટલી હોવી જોઈએ.અગ્નિવીરવાયુની જગ્યાઓ માટે અરજી કરનારા ઉમેદવારોએ ગણિત, ભૌતિકશાસ્ત્ર અને અંગ્રેજી સાથે ૫૦% ગુણ સાથે ૧૨મું પાસ હોવુ ફરજિયાત છે. તેમજ અંગ્રેજી વિષયમાં પણ ૫૦ ટકા ગુણ હોવા જોઈએ. તેમજ મિકેનિકલ/ઈલેક્ટ્રીકલ/ઈલેક્ટ્રોનિક્સ/ ઓટોમોબાઈલ/ કોમ્પ્યુટર સાયન્સ/ ઈન્સ્ટ્રૂમેન્ટેશન ટેકનોલોજી/ ઈન્ફોર્મેશન ટેકનોલોજીમાં ત્રણ વર્ષનો ડિપ્લોમા ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકે છે.

### નવો HMPV વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે

# HMPV વાયરસને લઈને લોકો ચીન પર ભારે ગુસ્સે, મીમ્સ થયા વાયરલ

। (એજન્સી) નવીદિલ્હી, તા.૭ ।



કોરોનાની જેમ ચીનમાં પણ એક નવો HMPV વાયરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે. હવે તેણે ભારતમાં પણ દસ્તક આપી છે. પાંચ વર્ષ પહેલા ૨૦૨૦માં પણ કોરોનાએ નવું વર્ષ શરૂ થતાની સાથે જ હલચલ મચાવી દીધી હતી, જ્યારે કેટલાક લોકો તેને ચીન સાથે જોડી રહ્યા છે, જ્યારે કેટલાક લોકો ૨૦૨૫ને ૨૦૨૦ની નકલ કહી રહ્યા છે. કારણ કે આ જ સમયે, પાંચ વર્ષ પહેલા, કોવિડ-૧૯એ પણ દસ્તક આપી હતી. આ પછી સમગ્ર વિશ્વમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું હતું. હવે આ નવી બીમારી આવ્યા બાદ સોશિયલ મીડિયા પર વિવિધ પ્રકારની પોસ્ટ શેર કરવામાં આવી રહી છે. ફરી એકવાર લોકો શંકાસ્પદ છે અને ફરીથી તેમની પ્રતિક્રિયાઓ અને મેમ્સ પોસ્ટ કરી રહ્યા છે જે તે તમામ પ્રોટોકોલ અને પ્રતિબંધો માટેની તૈયારીઓ વિશે વાત કરે છે. ચાલો જોઈએ કે લોકો આ નવા વાયરસ HMPV વિશે સોશિયલ મીડિયા પર શું કહે છે. કેટલાક યુઝર્સ એવા મીમ્સ શેર કરી રહ્યા છે જે આ નવા વાયરસ અને ફરીથી ઘરેથી કામ કરવા જેવા નિયમોના અમલને લઈને ખુશ છે. જ્યારે કેટલાકે પોતાની પોસ્ટ શેર કરીને તેને ૨૦૨૫માં ચીનનો નવો વિસ્ફોટ ગણાવ્યો છે. ચીનને જવાબદાર ગણાવતા એક યુઝરે લખ્યું- અમે એક નવું વેરિઅન્ટ ઉમેરી રહ્યા છીએ. આ સાથે 'મિર્ઝાપુર' વેબ સિરીઝનો ફોટો પણ મૂકવામાં આવ્યો છે. કેટલાક યુઝર્સ તે સમયના વીડિયો અને ફોટા પણ શેર કરી રહ્યા છે, તેમને કોરોના સમયગાળા દરમિયાન લેવામાં આવેલી કેટલીક સાવચેતીઓ અને અન્ય પ્રવૃત્તિઓની યાદ અપાવી રહ્યા છે. એક હેન્ડલ પરથી 'બાજાઓ થાળી' કેપ્શન સાથે એક મીમ શેર કરવામાં આવી છે અને જૂના સમયમાં પાછા ફરવાની વાત કરે છે.

### બલોચ વિદ્રોહીઓનો બદલો

# પાકિસ્તાની સૈન્યના કાફલા ઉપર હુમલો, ૪૭ સૈનિકોના મોત થયા

। (એજન્સી) ક્વેટા, તા.૭ ।



પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં સૈન્યના કાફલા પર બળવાખોર બલૂચ લિબરેશન આર્મી (બીએએલ)ના 'આત્મઘાતી યુનિટ' એ હુમલો કર્યો છે. આ હુમલામાં પાકિસ્તાન સુરક્ષા દળોના ૪૭ સૈનિકોના મોત થયા છે, જ્યારે ૩૦થી વધુ ઘાયલ થયા છે. ઈજાગ્રસ્તોમાં અનેકની હાલત ગંભીર હોવાથી મૃત્યુઆંક વધી શકે છે. બલૂચ લિબરેશન આર્મીના પ્રવક્તા જીયંદ બલૂચે કહ્યું કે, હુમલો તુર્બત શહેરથી લગભગ આઠ કિલોમીટર દૂર બેહમાન વિસ્તારમાં સાંજે લગભગ ૫:૪૫ કલાકે થયો. જીયંદે કહ્યું કે હુમલા માટેનું ટાર્ગેટ ૧૩ વાહનોનો સૈન્ય કાફલો હતો, જેમાં પાંચ બસો અને સાત સૈન્ય વાહનો સામેલ હતા. જે કરાંચીથી તુર્બેટમાં ળન્ટિયર કોર્પ્સ(એફસી) હેડક્વાર્ટર જઈ રહ્યા હતા.બલૂચ લિબરેશન આર્મી(બીએલએ)નો મુખ્ય ઉદ્દેશ્ય બલૂચિસ્તાનને પાકિસ્તાનમાંથી આઝાદ કરવાનો છે. આ સંગઠન પાકિસ્તાન સરકાર પર બલૂચિસ્તાનના વિશાળ પ્રાકૃતિક સંસાધનોના ખનન અને ક્ષેત્રમાં ગંભીર માનવાધિકારોના હનનનો આરોપ લગાવતું રહ્યું છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે બીએલએને બલૂચિસ્તાનમાં સક્રિય સૌથી મોટા સશસ્ત્ર સમૂહ માનવામાં આવે છે. બીએલએના હજારો સભ્યો છે. બીએલએએ દાવો કર્યો કે આ હુમલો તેમની જાસૂસી વિંગ જીરાબની મદદથી સફળ થઈ શક્યો છે. જીરાબે ચોક્કસ માહિતી આપી હતી કે એક દુશ્મનનો કાફલો કરાંચીથી તુર્બત શહેર તરફ નીકળી રહ્યો હતો અને એમાં પાકિસ્તાન સૈન્યના સૈનિકો સામેલ હતા. હુમલાખોરની ઓળખ તુર્બતના આત્મઘાતી સંગત બહાર અલી તરીકે થઈ છે. બીએલએના જણાવ્યા પ્રમાણે એ ૨૦૧૭માં બલૂચ રાષ્ટ્રીય આંદોલનમાં સામેલ થયો હતો અને શહેરી તથા પર્વતીય બંને મોરચા પર સેવા આપી રહ્યો હતો.



નવી દિલ્હીમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઇન્વેસ્ટિગેશન (CBI)ના ઇન્વેસ્ટિચર સમારોહના પ્રસંગે બ્યુરો હેઠળ વિકસિત 'ભારતપોલ' પોર્ટલનું કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ઉદ્ઘાટન કરાયું.

**પાકિસ્તાનને લાગશે મરચાં**

## અમેરિકા ૨૬ વર્ષ બાદ ભારત પર લગાવેલો પ્રતિબંધ હટાવશે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારત અને અમેરિકા વચ્ચે વેપાર સંબંધોને વધુ ગાઢ બનાવવા અમેરિકાએ બંને દેશો વચ્ચે પરમાણુ ડીલ મુદ્દે લાગુ પ્રતિબંધો દૂર કરવાનો નિર્ણય લીધો છે. અમેરિકા ભારતીય પરમાણુ કંપનીઓ અને અમેરિકન કંપનીઓ વચ્ચે જોડાણ સ્થાપિત કરવાના ઉદ્દેશ સાથે પ્રતિબંધો દૂર કરશે. બીજી તરફ ગત મહિને અમેરિકાએ પાકિસ્તાનની અનેક પરમાણુ કંપનીઓ પર પ્રતિબંધો લાદ્યા હતાં. જે પાકિસ્તાન માટે આઘાતજનક નિર્ણય છે. અમેરિકાના નેશનલ સિક્યોરિટી એડવાગઝર જેક સુલિવાને આ અંગે માહિતી આપી હતી. જો બાઈડેન એડમિનિસ્ટ્રેશનના ટોચના અધિકારીઓએ આઈઆઈટી-દિલ્હી ખાતે ભારતના સુરક્ષા સલાહકાર અજિત ડોભાલ અને વિદેશ મંત્રી એસ. જયશંકર સાથે બેઠક કરી આ મુદ્દે ચર્ચા કરી હતી. તેઓએ ભૂતકાળમાં ૨૬ વર્ષ પહેલાં મૂકાયેલા પ્રતિબંધો દૂર કરી અમેરિકા સાથે ભારતના પારદર્શક વેપાર સંબંધો સ્થાપિત કરવાનો નિર્ણય રજૂ કર્યો હતો. મે, ૧૯૯૮માં ભારતે પોખરણમાં પરમાણુ પરીક્ષણ કર્યુ હતું. જેનાથી નારાજ અમેરિકાએ ભારતની અનેક પરમાણુ કંપનીઓ પર પ્રતિબંધો લાદ્યા હતા. જેમાં ભાભા એટોમિક રિસર્ચ સેન્ટરનું ડિપાર્ટમેન્ટ ઑફ એટોમિક એનર્જી, ઈન્દિરા ગાંધી સેન્ટર ફોર એટોમિક રિસર્ચ, ઈન્ડિયન રેર અર્થ્સ, પરમાણુ રિએક્ટર્સ સામેલ હતી. હવે આ પ્રતિબંધો દૂર થતાં ભારત અને અમેરિકાની કંપનીઓ સાથે મળી કામ કરશે. સુલિવાને જણાવ્યું હતું કે, 'સેમીકંડક્ટર ટેક્નિક પર ભારત પ્રથમ એવો દેશ છે, જેની સાથે અમેરિકા કામ કરશે.'સુલિવાને જણાવ્યું હતું કે, 'દેશના તત્કાલિન વડાપ્રધાન મનમોહન સિંહ અને અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જ્યોર્જ બુશ વચ્ચેની બેઠકમાં ભારત અને અમેરિકા સિવિલ પરમાણુ કૉર્પોરેશન માટે મહત્ત્વાકાંક્ષી યોજનાનું અનાવરણ કરવામાં આવ્યું હતું. બાદમાં ૨૦૦૮માં ભારત-યુએસ સિવિલ પરમાણુ એગ્રીમેન્ટ કરવામાં આવ્યો હતો, પરંતુ રેગ્યુલેટરી પડકારોને કારણે યુએસ ન્યુક્લિઅર રિએક્ટર્સના સપ્લાય માટેની યોજના સાકાર થઈ શકી નહીં. તેમના આ અવાસ્તવિક વિઝનને સાકાર કરતાં આજે અમે જાહેરાત કરીએ છીએ કે, અમેરિકા હવે લાંબા સમયથી ચાલતાં પ્રતિબંધો દૂર કરી બંને દેશોની કંપનીઓ વચ્ચે સિવિલ પરમાણુ જોડાણ કરશે.' અમેરિકાએ ગતમહિને પાકિસ્તાનની પરમાણુ કંપનીઓ પર પ્રતિબંધો મૂક્યા હતા. જેની પાછળનું કારણ જણાવ્યું હતું કે, પાકિસ્તાન એવી મિસાઈલ તૈયાર કરી રહ્યું છે કે, જે સીધી અમેરિકા સુધી ટાર્ગેટ કરવા સક્ષમ છે. જો કે, પાકિસ્તાને અમેરિકાના આ દાવાને પાયાવિહોણા ગણાવી ખોટી રીતે કાર્યવાહી હાથ ધરાઈ હોવાનું નિવેદન આપ્યું હતું.

### રામ મંદિરની સુરક્ષામાં ચૂક

# કેમેરાવાળા ચશ્મા પહેરી ઘુસી ગયો વડોદરાનો વેપારી

। (એજન્સી) ઉત્તરપ્રદેશ, તા.૭ ।



અયોધ્યાથી એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. એક યુવક કેમેરાવાળા ચશ્મા પહેરીને રામ મંદિરમાં પ્રવેશ કર્યો હતો. જણાવી દઈએ કે, મંદિર પરિસરમાં કેમેરા સાથે પ્રવેશ પર પ્રતિબંધ છે. આમ છતાં આ વ્યક્તિએ સુરક્ષાકર્મીઓને ચકમો આપ્યો હતો.આ ઘટના બાદ તૈનાત સુરક્ષાકર્મીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. આ વ્યક્તિ મંદિરની અંદર પહોંચ્યો હતો, પરંતુ જેમ જ તેણે ફોટો લેવાનો પ્રયાસ કર્યું કે, તરત જ બધાનું ધ્યાન તેના પર પડ્યું હતું. ચશ્મામાં કેમેરા લગાવેલા હતા. તરત જ તેણે ફોટો લેવાનો પ્રયાસ કર્યો કે, કેમેરાની ફ્લેશલાઈટ થતાં જ પરિસરમાં તૈનાત સુરક્ષાકર્મીઓને ખબર પડી ગઈ હતી. જે બાદ તેને તરત જ પકડી લેવામાં આવ્યો છે અને સુરક્ષાકર્મીઓએ તેની પૂછપરછ શરૂ કરી હતી. આ ઘટના ગયા સોમવારે બપોરે ૩:૦૦ વાગ્યે બની હોવાનું કહેવાય છે. વડોદરાનો રહેવાસી જાની જયકુમાર સોમવારે ભગવાન રામના દર્શન કરવા અયોધ્યા આવ્યા હતા. જન્મભૂમિ પથ પરથી તમામ ચેકિંગ પોઈન્ટ વટાવીને અમે કેમ્પસના સિંઘ ગેટ પર પહોંચ્યા હતા. આ દરમિયાન યુવકે તે ચશ્મા વડે રામ મંદિરનો ફોટો ક્લિક કરવાનો પ્રયાસ કર્યો, ત્યારે રૂમમાં ફ્લેસ લાઈટ થવા લાગી હતી. સિંહ દ્વાર પાસે તૈનાત સુરક્ષાકર્મીઓની નજર આ યુવક પર પડતા જ સુરક્ષાકર્મીઓએ તેને પકડી લીધો અને પૂછપરછ શરૂ કરી છે. જોકે, આ સમગ્ર મામલે એસપી સિક્યોરિટી બાલાચારી દુબેએ જણાવ્યું કે, યુવકને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે. પૂછપરછ કરવામાં આવી રહી છે, જોકે હજુ સુધી કોઈ ગુનાહિત ઈતિહાસ સામે આવ્યો નથી. સતત તપાસ ચાલી રહી છે અને તમામ એજન્સીઓ કામે લાગી છે. અયોધ્યા રામ મંદિરની સુરક્ષાની જવાબદારી યુપી સરકાર દ્વારા રચવામાં આવેલ વિશેષ સુરક્ષા દળ ના હાથમાં છે. પીએસી અને યુપી પોલીસના શ્રેષ્ઠ કર્મચારીઓને જોડીને એસએસએફની રચના કરવામાં આવી છે. આ જવાનોને વિશેષ તાલીમ આપ્યા બાદ રામ મંદિરની સુરક્ષા માટે તૈનાત કરવામાં આવ્યા છે.

### ભગવાન રામની ૧૫૧ ફૂટ ઊંચી પ્રતિમા બનશે આકર્ષણનું કેન્દ્ર

# મધ્યપ્રદેશના ચિત્રકૂટમા ૭૫૦ કરોડનો બનશે રામાયણ પાર્ક

। (એજન્સી) ભોપાલ, તા.૭ ।



મધ્યપ્રદેશના ચિત્રકૂટમાં ૭૫૦ કરોડ રૂપિયાના ખર્ચે રામાયણ એક્સપિરિયન્સ પાર્ક બનાવવામાં આવશે. ૮૦ એકરમાં ફેલાયેલા આ પાર્કમાં ભગવાન રામની ૧૫૧ ફૂટ ઉંચી પ્રતિમા મુખ્ય આકર્ષણ રહેશે. રામાયણ કાળને 3D-5D એનિમેશન, લાઈટ એન્ડ સાઉન્ડ શો દ્વારા જીવંત કરવામાં આવશે. મધ્યપ્રદેશ સરકારે શ્રી રામના પવિત્ર સ્થાન ચિત્રકૂટમાં ધાર્મિક અને સાંસ્કૃતિક પર્યટનને પ્રોત્સાહન આપવા માટે મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ પર કામ શરૂ કર્યું છે. ૭૫૦ કરોડના ખર્ચે બનાવવામાં આવનાર રામાયણ એક્સપિરિયન્સ પાર્કની ડિઝાઈન તૈયાર થઈ ગઈ છે અને આ પ્રોજેક્ટ ૮૦ એકર વિસ્તારમાં ફેલાયેલો હશે. આ ભવ્ય ઉદ્યાનનો ઉદ્દેશ્ય આધુનિક ટેકનોલોજી દ્વારા રામાયણ કાળને જીવંત કરવાનો છે. વાસ્તવમાં, રામાયણ પાર્કનું મુખ્ય આકર્ષણ ભગવાન રામની ૧૫૧ ફૂટ ઊંચી પ્રતિમા હશે, જેની આસપાસ પાર્કનો વિકાસ કરવામાં આવશે. અહીં માતા સીતા અને ભગવાન લક્ષ્મણની વિશાળ પ્રતિમાઓ પણ સ્થાપિત કરવામાં આવશે. રામાયણ કાળની મુખ્ય ઘટનાઓ જેમ કે સીતાનું સીતાનું અપહરણ, રાવણ-જટાયુ યુદ્ધ, લંકા દહન અને રામ-રાવણ યુદ્ધ 3D અને 5D એનિમેશન, લેસર શો અને લાઈટ એન્ડ સાઉન્ડ શો દ્વારા પાર્કમાં રજૂ કરવામાં આવશે. રામાયણ પાર્કમાં થીમ પાર્ક, પ્રદર્શન સંકુલ, આધ્યાત્મિક પુસ્તકાલય, હર્બલ ગાર્ડન, ગૌશાળા, સંતો માટે આધ્યાત્મિકતા અને ધ્યાન કેન્દ્ર, રહેવા માટે કોટેજ અને સુવિધા કેન્દ્ર, મંદાકિની નદી પર નવો લટકતો પુલ, સહિત ઘણી આકર્ષક અને આધ્યાત્મિક સુવિધાઓ હશે. રામાયણ પાર્કમાં મોકમગઢ કિલ્લો, સતી અનુસુયા મંદિર, જાનકી કુંડ, કદમગીરી પર્વત અને સ્ફટિક શિલા જેવા મુખ્ય સ્થળોની પ્રતિકૃતિઓ બનાવવામાં આવશે.મધ્યપ્રદેશના પ્રવાસન અને સંસ્કૃતિ મંત્રી ધર્મેન્દ્ર સિંહ લોધીએ 'આજ તક' સાથે વાત કરતા કહ્યું કે 'સફળ મુખ્યમંત્રી મોહન યાદવના નેતૃત્વમાં અમારી સરકાર ચિત્રકૂટને વિશ્વ કક્ષાના ધાર્મિક અને પર્યટન સ્થળ તરીકે વિકસાવવા માટે પ્રતિબદ્ધ છે.

### ગિલ તમિલનાડુનો હોત તો કાઢી મૂક્યો હોત

# ભૂતપૂર્વ ક્રિકેટરે BCCI પર લગાવ્યો ભેદભાવનો આરોપ

## ગિલ અને ટીમ ઈન્ડિયાના સિલેક્શનને લઈને હવે પૂર્વ ક્રિકેટર સુબ્રમણ્યમ બદ્રીનાથનું ચોંકાવનારું નિવેદન સામે આવ્યું છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



બોર્ડર-ગાવસ્કર ટ્રોફી (BGT) ૨૦૨૪-૨૫ માં ભારતીય ટીમને ઓસ્ટ્રેલિયાના હાથે ૧-૩ થી હારનો સામનો કરવો પડ્યો. આ હારના કારણે ભારતીય ટીમે વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (WTC) ની ફાઈનલમાં પહોંચવાની તક પણ ગુમાવવી દીધી. હવે WTC ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા અને સાઉથ આફ્રિકાની ટક્કર થશે. ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ સીરિઝમાં ટીમ ઈન્ડિયાના સ્ટાર બેટ્સમેન શુભમન ગિલે નિરાશાજનક પ્રદર્શન કર્યું, જેના કારણે તે ટીકાકારોના નિશાને આવી ગયો છે. શુભમને આ સીરિઝમાં કુલ ૫ ઈનિંગમાં ૧૮.૬૦ ની સરેરાશથી ૯૩ રન બનાવ્યા જે નંબર-૩ બેટ્સમેન માટે ખૂબ સરેરાશ પ્રદર્શન હતું. શુભમન ગિલ અને ટીમ ઈન્ડિયાના સિલેક્શનને લઈને હવે પૂર્વ ક્રિકેટર સુબ્રમણ્યમ બદ્રીનાથનું ચોંકાવનારું નિવેદન સામે આવ્યું છે. બદ્રીનાથે ભારતીય ક્રિકેટ નિયંત્રણ બોર્ડ (BCCI) પર ટીમ સિલેક્શનમાં ક્ષેત્રીય ભેદભાવનો પણ આરોપ લગાવી દીધો. બદ્રીનાથે શુભમનની ટીકા કરતાં કહ્યું કે 'જો તે તમિલનાડુનો હોત તો તેને ટીમથી બહાર કરી દેવાયો હોત. મારા માટે આ જોવું ખૂબ મુશ્કેલ છે. તે લેવલ પર તે આશાઓ પર ખરો ઉતર્યો નથી.'

## આ કોઈ નવો વાઇરસ નથી, સ્થિતિ પર અમારી નજર છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

હ્યુમન મેટાન્યૂમો વાઈરસ (HMPV) નામના વાઈરસે ચીનમાં એન્ટ્રી કરીને સૌને ડરાવી દીધા છે. એ પછી આ વાઈરસના ત્રણ કેસ ભારતમાં પણ નોંધાયા છે. જે બાદ આજે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે પી નડ્ડાએ HMPV વાઈરસ અંગે નિવેદન આપતાં કહ્યું કે, આ વાઈરસથી કોઈએ ગભરાવાની જરૂર નથી અને અમે તેના પર નજર રાખી રહ્યા છીએ અને આ કોઈ નવો વાઈરસ નથી, તેની ઓળખ સૌથી પહેલા ૨૦૦૧માં થઈ હતી. અમે તેના પર નજર રાખી રહ્યા છીએ અને તમામ જરૂરી પગલાં અમે તૈયાર છીએ.' ચીનમાં જોવા મળતાં આ વાઈરસની ભારતમાં પણ ઓળખ કરવામાં આવી છે.

### મહેશના પ્રેમમાં પાગલ થઈ બબલી

# યુપીના કાનપુરમાંથી પ્રેમ પ્રસંગ-લગ્ન કરવાનો અનોખો કિસ્સો સામે આવ્યો

## છોકરીએ પોતાના પ્રેમીના ઘરે પહોંચીને લગ્નની ઓફર આપી બંને લગ્ન માટે રાજી હોવાના કારણે પોલીસે એક મંદિરમાં બંનેના લગ્ન કરાવી દીધા

। (એજન્સી) કાનપુર, તા.૭ ।



કાનપુર મહાનગરમાં એક લગ્ન ખૂબ જ ચર્ચાનો વિષય બન્યા છે. જ્યાં પ્રેમિકા સગીર હોવાના કારણે પ્રેમી તેની સાથે લગ્ન કરી શક્યો નહીં. જેવું તે ૧૮ વર્ષની થઈ તે તરત પ્રેમીના ઘરે પહોંચી ગઈ અને પ્રેમીને કહ્યું કે ચાલ લગ્ન કરી લઈએ. પહેલા બંનેના પરિવારે લગ્ન કરવાની ના પાડી, બાદમાં મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો અને સહમતિથી લગ્ન કરાવી દીધા. આપને જણાવી દઈએ કે, આ મામલો કાનપુર મહાનગરના ઘાટમપુર વિસ્તારનો છે. જ્યાં એક ગામની રહેવાસી બબલીને પાડોશી મહેશ સાથે પ્રેમ હતો. મહેશ ઉંમરમાં બબલી કરતા મોટો હતો અને બબલી સગીર હતી. જેના કારણે બંનેને ડર હતો કે જો તેઓ લગ્ન કરશે તો બંને પકડાઈ જશે. આવા સમયે બંનેએ નક્કી કર્યું કે, જ્યારે બબલી ૧૮ વર્ષની થશે, ત્યારે લગ્ન કરશે, જેથી તેમના લગ્નમાં કોઈ અડચણ ન આવે. તો વળી બબલીએ પોતાની ૧૮ વર્ષની ઉંમર થવાની રાહ જોઈ રહી હતી. જેવી તેની ઉંમર ૧૮ વર્ષ થઈ કે તે પોતાના પ્રેમીના ઘરે પહોંચી ગઈ અને તેની સાથે લગ્ન કરવાની વાત કરવા લાગી. જ્યારે છોકરાના પરિવારે તેનો વિરોધ કર્યો. તો મામલો પોલીસ સ્ટેશનમાં પહોંચ્યો. જોકે મહેશ પણ લગ્ન કરવા માટે તૈયાર હતો.

## તંત્રી લેખ...

# પડોશી દેશ તેનો પ્રોજેક્ટ શરૂ કરવા મક્કમ

ચીને તિબેટમાં ભારતીય સરહદે બ્રહ્મપુત્ર નદી પર વિશ્વનો સૌથી મોટો ડેમ બાંધવાની તેની યોજનાનો પુનરોચ્ચાર કર્યો છે. જોકે ચીને જણાવ્યું હતું કે, આ આયોજિત પ્રોજેક્ટ સખત વૈજ્ઞાનિક ચકાસણીમાંથી પસાર થયો છે અને તેથી નીચેના દેશો ભારત અને બાંગ્લાદેશ પર તેની કોઈ નકારાત્મક અસર થશે નહીં. ચીને વિવિધ ચેનલો થકી ભારતને ડેમ અંગેની વિગતો જણાવવાની ખાતરી આપી છે. આશરે ૧૩૭ અબજ ડોલરના અંદાજિત ખર્ચ સાથેનો ચીનનો આ મહાકાય પ્રોજેક્ટ પ ર્યાવરણીય રીતે અત્યંત સંવેદનશીલ એવા હિમાલયના પ્રદેશમાં ટેક્ટોનિક પ્લેટની સરહદ નજીક છે જ્યાં ધરતીકંપ વારંવાર આવે છે. આ પ્રોજેક્ટથી એક મોટું જોખમ રહેલું છે. જોકે ચીન તે માનવા તૈયાર નથી. ચીનના વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે તેનાથી વિપરિત, તે ડાઉનસ્ટ્રીમ આપત્તિ નિવારણ અને ચોક્કસ હદ સુધી આબોહવા પરિવર્તનની પ્રતિક્રિયા માટે અનુકૂળ રહેશે. હાલમાં સુલિવન ભારતની મુલાકાતે છે ત્યારે ચીને બીજી વખત સૂચકરીતે નિવેદન કર્યુ છે. ઉલ્લેખનીય છે કે ચીને યાર્લુંગ ઝેન્ગ્બો નામની બ્રહ્મપુત્ર નદી પર એક ડેમ બાંધવાની યોજનાને ગત મહિને બહાલી આપી હતી. યોજના મુજબ, વિશાળ ડેમ હિમાલયના એક વિશાળ ઘાટ પર બાંધવામાં આવશે આ વિસ્તારમાં બ્રહ્મપુત્ર નદી અરુણાચલ પ્રદેશ અને પછી બાંગ્લાદેશમાં વહેવા માટે એક મોટો યુ ટર્ન લે છે. એવી આશંકા છે કે આ ડેમ બાંધવાથી નદીનું વહેણ બદલાઈ શકે છે. ભારતે આ ડેમ સામે વાંધો દર્શાવ્યો છે અને આ હિલચાલ પર નજર રાખી રહી છે.



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(હાલોલ, કવિ/લેખક)

# પ્રાર્થના કરવા માટે પણ પાત્રતા કેળવવી જરૂરી છે

જેમ આપણે કોઈ કાર્ય કરવું હોય તો એ પ્રમાણેની લાયકાત કે પાત્રતા કેળવવી પડે છે. એવી રીતે પ્રભુની ભક્તિ કે પ્રાર્થના કરવા માટે પણ પાત્રતા કેળવવી જરૂરી છે. આપણી પ્રાર્થનામાં કોઈ તથ્ય કે ભલીવાર હોતાં નથી. આપણી પ્રાર્થનામાં તો કેવળ અને કેવળ કાંઈ માંગવાની સ્વાર્થવૃત્તિ જોડાયેલ હોય છે. આપણે તો પ્રાર્થના કરતી વખતે પણ એકાગ્રતા કે એકચિત્ત રાખતાં નથી અને પ્રાર્થના કરતી વખતે અહીં તહીં ધ્યાન રાખીએ છીએ. આપણાં મનમાં આપણે એટલાં બધાં મેલ અને કુભાવ ભરીને પ્રાર્થના કરીએ છીએ, વળી એમાંય આપણે ઈશ્વર પાસેથી કશું ને કશું માંગવાની તથા મેળવવાની અપેક્ષા ધરાવીએ છીએ તો ભગવાન ક્યાંથી આપણી પ્રાર્થના સાંભળી શકવાના હતાં. જેમ લાયકાત વગરની અરજીનો અસ્વીકાર થાય છે તેમ પાત્રતા વગરની પ્રાર્થનાનો પ્રભુ અસ્વીકાર કરે છે. સ્વાર્થ હીન, છળકપટ વગરની, એકાગ્ર ચિત્ત તથા નિર્મળ મનથી કરેલી પ્રાર્થના કે સ્તુતિનો પ્રભુ હસતાં મોંઢે સ્વીકાર કરે છે. મીરાંબાઈ, નરસિંહ મહેતા, કબીર દાસ, તુલસીદાસ વિગેરેની પ્રાર્થનામાં એક ગજબ પ્રકારની શક્તિ અને તાકાત હતી. આવા પ્રકારના ભક્તો ભગવાન પાસેથી ધાર્યું કામ કરાવી શકતાં હતાં અને ભગવાને પણ તેઓનાં કામ કરેલાં છે અને ભક્તોની ભીડ ભાંગી હતી, અને આ બાબતની ઈતિહાસ પણ સાક્ષી પૂરે છે.આનું કારણ એ હતું કે તેઓ જગતનાં તમામ ભૌતિક સુખોથી અલિપ્ત હતાં. દુ:ખ પડે કે આપત્તિ આવે, તેઓ પોતાનો નિત્યક્રમ ક્યારેય ચૂક્યા ન હતાં કે કોઈ પણ વ્યક્તિ કે જ્ઞાતિ પ્રત્યે તેઓને કોઈ રાગદ્વેષ ન હતો. મીરાંબાઈ, નરસિંહ મહેતા, તુલસીદાસ, કબીરજી વિગેરેએ પ્રભુ પાસે કોઈ પણ પ્રકારની દૌલત, ધનસંપત્તિ, વૈભવ, ઐશ્વર્ય, તાજ,પદ કે સત્તા માંગી ન હતી, બસ માંગી તો માંગી પ્રભુની ભક્તિ અને સેવા. આ વ્યક્તિઓએ, પોતાની તેમજ પોતાના પરિવારજનોની ક્યારેય ચિંતા કરી ન હતી, તેથી તેમને તથા તેમનાં પરિવારજનોને જિવાડવાની જવાબદારી ઈશ્વરે ઉપાડી હતી.નરસિંહ મહેતા જ્યારે ભગવાન શ્રી કૃષ્ણની રાસલીલા નિહાળતા હતા , એ સમયે એમના હાથમાં સળગતી મશાલ હતી, પરંતુ નરસિંહ મહેતા પ્રભુમય બનીને ભાન ભુલી શ્રી કૃષ્ણની ભક્તિમાં એવા તલ્લીન થઈ ગયા કે એમનાં હાથમાં રહેલી આખી મશાલ સળગી ગઈ અને એમનો હાથ બળવા લાગ્યો, છતાં પણ, નરસિંહ મહેતાને ખબર પણ ન હતી કે મારો હાથ જલી રહ્યો છે.જ્યારે બીજી તરફ શ્રી કૃષ્ણ ભગવાન આ દૃશ્ય જોઈને ચોંકી ગયા અને નરસૈયાની સાચી ભક્તિથી ગદ્ગદ્ થઈ ગયાં અને નરસૈયાને દર્શન આપી ગળે લગાડ્યાં હતાં. તો બીજી બાજુ મીરાંબાઈને મારી નાંખવા માટે એમના દિયેર રાણાજીએ હળાહળ વિષ ભરેલો કટોરો મોકલ્યો હતો, પરંતુ મીરાંબાઈને પોતાના પ્રભુ પ્રત્યે એટલી અતૂટ શ્રદ્ધા હતી અને એ જાણતાં હતાં કે આ કાતિલ ઝેર છે, છતાંય તેઓ કોઈ પ્રતિક્રિયા આપ્યા વગર હળાહળ વિષને પણ અમૃત સમજીને ગટગટાવી ગયાં હતાં અને એમને સ્હેજ પણ આંચ આવી ન હતી. આમ તેઓની પ્રાર્થના માટે તથા ભક્તિમાં જબરદસ્ત નિષ્ઠા હતી, શક્તિ હતી કે અન્ય પ્રકારનો બીજો કોઈ સ્વાર્થ ન હતો. આપણે તો પ્રભુ ભક્તિ માટે જરાપણ સમય ફાળવતાં અને બીનજરૂરી ફાલતું કાર્યો માટે સમય ફાળવીએ છીએ, પરંતુ ખરેખર આપણે ભગવાન માટે થોડો સમય ફાળવીએ છીએ ખરાં? શું આપણે ખરા દિલથી ભગવાનની ભક્તિ તથા પ્રાર્થના કરીએ છીએ ખરાં? આપણે તો પ્રાર્થના કરતી વખતે અહીં તહીં ડાફોળિયાં મારીએ છીએ અને સામેવાળો શું કરે છે તે નિહાળવામાં સમય બગાડીએ છીએ, ચાલું પ્રાર્થના એ પણ કાંઈ ને કાંઈ ઈશારા કરતાં રહીએ છીએ.આપણી પ્રાર્થનામાં સ્વાર્થ જોડાયેલ હોય છે, આપણી પ્રાર્થનામાં કોઈ ભલીવાર હોતો નથી અને વજૂદ પણ હોતું નથી અને એથી ઈશ્વર આપણી પ્રાર્થના નો સ્વીકાર કરતાં નથી. આપણી પ્રાર્થના ઈશ્વર સુધી વ્યવસ્થિત રીતે પહોંચતી નથી, પછી આપણને એનું ફળ ક્યાંથી મળવાનું હતું. આપણે જો પ્રભુનું સાંનિધ્ય પ્રાપ્ત કરવું હોય તો સૌ પ્રથમ પાત્રતા કેળવવી પડશે. ઉપર જણાવ્યું તે પ્રમાણે પાત્રતા વગરની પ્રાર્થના નકામી અને અર્થહીન છે. એક કહેવત છે કે દાન હંમેશાં સુપાત્રને આપવાથી દાનની ગરિમા અને મહત્તા જળવાઈ રહે છે, તેમ પાત્રતા કેળવેલ વ્યક્તિ પ્રભુ પાસેથી કાંઈક મેળવે છે તો તે ધન વૈભવ, જ્ઞાન, લોક કલ્યાણનાં કામોમાં વાપરે છે. માટે પાત્રતા કેળવીને નિ:સ્વાર્થ ભાવે, અંતરના નાદથી, એકચિત્તે, જે પ્રાર્થના કરવામાં આવે છે એનો ભગવાન ચોક્કસ અને જરૂરથી સ્વીકાર કરે છે.

**શાકંભરી નવરાત્રી એટલે મા જગદંબાના શતાક્ષી સ્વરૂપની કથા, લગભગ ૧૦૦ વર્ષ સુધી પૃથ્વી પર વરસાદ પડ્યો નહીં**

# ચાલો આપણે જાણીએ પોષ સુદ આઠમથી શરું થતી શાકંભરી નવરાત્રીનું શું છે મહાત્મ્ય?



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**હિન્દુ સનાતન સંસ્કૃતિમાં દુર્ગા એટલે કે શક્તિ સ્વરૂપની ખૂબ જ મહત્તા દર્શાવવામાં આવી છે, અને સમગ્ર સૃષ્ટિનું પરિવાર માતા વિશ્વંભરી દ્વારા થાય છે, એવી વાત પણ આવી છે, જગત પિતા પણ અંતે મા ભવાનીની સ્તુતિ કરી અને પોતાના કાર્યને આસાન બનાવે છે.**

પોષ સુદ આઠમથી પોષ સુદ પૂનમ સુધી શાકંભરી નવરાત્રી ઉજવવામાં આવે છે, પોષ મહિનાની પૂનમે ગિરનારી અંબાનો પ્રાગટ્ય દિવસ પણ, તો પોષી પૂનમ એટલે ભાઈ બહેન વચ્ચેના નિખાલસ પ્રેમનો દિવસ! આમ કેટકેટલા શુભ સ્મરણ સાથે આજનો દિવસ શરૂ થયો. સમગ્ર સૃષ્ટિમાં મા ભવાની આદ્યશક્તિ સકારાત્મક શક્તિ સ્વરૂપે બિરાજમાન થાય, અને આપણી બધી સમસ્યાઓનો અંત આવે, એવી એક અભ્યર્થના. ઘણાને ખબર પણ નહીં હોય કે આ શાંકભરી નવરાત્રી શુ કામ ઉજવવામાં આવે છે? મુખ્યત્વે આપણે ત્યાં મહા, ચૈત્ર, અષાઢ, અને આસો એમ ચાર નવરાત્રી ઉજવવામાં આવે છે. પરંતુ પુરાણોમાં ચંડીપાઠમાં શાકંભરી નવરાત્રીનો ઉલ્લેખ જોવા મળે છે. શાકંભરી નવરાત્રી એટલે મા જગદંબાના શતાક્ષી સ્વરૂપ ની કથા. લગભગ ૧૦૦ વર્ષ સુધી પૃથ્વી પર વરસાદ પડ્યો નહીં, ત્યારે ઋષિમુનિઓએ મા દુર્ગાની આરાધના કરી, અને દેવોના તેજપુંજ માંથી ૧૦૦ નેત્ર વાળી શતાક્ષી દેવી પ્રગટ થઈ, જેણે પોતાની બધી આંખમાંથી અશ્રુધારા વહાવી, અને પૃથ્વી પર વરસાદ કર્યો, ત્યારબાદ તે પોતાની ભૂજાઓમાં શાકભાજી લઈને પ્રગટ થયા, અને સમગ્ર જીવ સૃષ્ટિનુ ભરણ પોષણ કર્યુ, ત્યારથી આપણે મા શાકંભરી નવરાત્રી ઉજવીએ છીએ, અને ત્યારથી શાકભાજીથી માના શણગારનો મહિમા પણ છે. આમ તો બાકીની અન્ય નવરાત્રીમાં માતાજીની આરાધના એકમથી નોમ સુધી થાય છે, જ્યારે શાંકભરી નવરાત્રીમાં પોષ સુદ આઠમથી પૂનમ સુધીની તેની ઉપાસનાનો સમય માનવામાં આવે છે. દેવી ભાગવતમાં કંઈક જુદી કથા છે, એમાં હિરણ્ય કશ્યપના કુળમાં દુર્ગમ નામના રાક્ષસે, વેદોની ચોરી કરી લીધી, અને એને પરિણામે દેવો વેદ જ્ઞાનથી વંચિત થઈ ગયાં, અને પૃથ્વી પર સચ્ચાઈના કર્મ ખત્મ લાગ્યા! એટલે ભયંકર દુષ્કાળ પડ્યો.સમગ્ર સૃષ્ટિમા હાહાકાર મચી ગયો,ત્યારે દેવ અને ઋષિઓએ મા દુર્ગાની આરાધના કરી, અને તેમણે અસંખ્ય દેવીઓ રૂપે અનંત સ્વરૂપ ધારણ કર્યું અને સતાક્ષી કહેવાયા. તો આ થઈ મા શતાક્ષી કે શાકંભરી ની પૌરાણિક કથા. હિન્દુ સનાતન સંસ્કૃતિમાં દુર્ગા એટલે કે શક્તિ સ્વરૂપની ખૂબ જ મહત્તા દર્શાવવામાં આવી છે, અને સમગ્ર સૃષ્ટિનું પરિવાર માતા વિશ્વંભરી દ્વારા થાય છે, એવી વાત પણ આવી છે. જગત પિતા પણ અંતે મા ભવાનીની સ્તુતિ કરી અને પોતાના કાર્યને આસાન બનાવે છે, અને એટલે જ આપણે ત્યાં ચાર સ્પષ્ટરૂપે નવરાત્રી મનાવવાની પ્રથા પણ છે. જેમાં જેટલુ બને તેટલું મા જગત જનની જગદંબાનું અનુસંધાન કરવાનુ હોય છે, કારણ કે જીવન જીવવા માટે ક્રિયા કરવી જરૂરી છે, અને ક્રિયા માટે શક્તિ જરૂરી છે. શક્તિ વગર કોઈપણ ક્રિયા શક્ય નથી, એ મૂળ સત્યને સ્વીકારી અને આપણે શક્તિની આરાધના કરીએ છીએ! કોઈ પણ નવરાત્રીની આ ભક્તિથી દેહની વ્યાધિ ઠારવામાં આવે છે. આજે ઋતુ ગમે તે હોય પણ લગભગ બધાની જીંદગી તો તપતી જ હોય છે, ભારતમાં કુલ ૫૧ શક્તિપીઠો છે અને તે દરેકમાં માતાજીનું અનન્ય સ્વરૂપ બીરાજમાન છે. અને દરેકનો ઈતિહાસ અને સ્થાનકનું મહત્વ પણ અલગ અલગ છે, અને લોકો શ્રદ્ધાથી એનાં દર્શન અનુષ્ઠાન કે ઉપાસના આરાધના કરતા જોવા મળે છે,પણ મૂળ સ્વરૂપે જે શક્તિ સ્વયં એનું કાર્ય આસાન કરે છે એને એ નજર અંદાજ કરે છે, પણ શ્રદ્ધા રાખીએ કે બધું સમુસુતરું થઈ જાય. શક્તિ ને શ્રદ્ધા સ્વરૂપે અંતર મનમાં સ્થિર કરીએ, તો અનન્ય ફળ આપનારી સાબિત થાય છે. શ્રદ્ધા અને વિશ્વાસને આપણે શંકર પાર્વતી સાથે સરખાવ્યા છે. એટલે શ્રદ્ધા હોય ત્યાં વિશ્વાસ હોય, તે આ રીતે પરમ પિતા પરમેશ્વર, અને માતા પરમેશ્વરી જ્યાં હોય તે હૃદય શુદ્ધ અને પવિત્ર હોવાની સાબિતી આપે છે. જીવનમાં આવનારી કઠિનમાં કઠીન પરિસ્થિતિઓમાં પણ જો જીવ શ્રદ્ધા રાખે, તો તે સમસ્યા હલ થતી જોવા મળે છે,પરંતુ અંધશ્રદ્ધાને નામે રિવાજો હોય, પરંપરા હોય, કે માન્યતા હોય, તે ભંયકર એટલું જ થાય અને ખતરનાક સાબિત થાય છે. એકવીસમી સદીમાં ઈશ્વરને મૂર્તિ કે ચિત્ર સ્વરૂપે, ન જોતા સામે વાળાના આત્મા તરીકે જોઈએ, તો તે વધુ અનુકૂળ અને અનુભૂત રહે છે. માતાના લલાટે કંકુનો ચાંદલો, એટલે કે શુભ લખાયેલું છે. તેના દર્શન માત્રથી દશે દિશાઓમાંથી શુભ ના સમાચાર આવે છે, આ દર્શન અન્ય સ્ત્રી શક્તિ માં થશે ત્યારે સમાજમાં શાંતિની સ્થાપના થશે. નવદુર્ગાના નવ સ્વરૂપની વાત કરીએ તો પ્રથમ શૈલપુત્રી, બ્રહ્મચારિણી, ચંદ્રઘંટા, કૂષ્માંડા, સ્કંદમાતા, કાત્યાયની, કાલરાત્રિ, મહાગૌરી, અને સિદ્ધિદાત્રી. આ બધાં જ સ્વરૂપની અલગ અલગ આરાધના પદ્ધતિ છે, અને તેની આરાધના કરવાથી, અલગ-અલગ ફળ પ્રાપ્તિ પણ થાય છે, એવી શાસ્ત્રોકત વાત છે. બાકી દીકરીનાં જન્મથી શરૂ કરીને એની છેલ્લી અવસ્થા સુધી એ કાયમ ઘર પરિવારને કંઈ ને કંઈ આપતી જોવા મળે છે,એ દર્શન થાય તો શ્રેષ્ઠ છે, પણ થતું નથી અને કંઈ કેટલીય શક્તિ પોતાના જીવન યજ્ઞમાં હોમાઈ જાય છે. આમ આવાં કંઈક ગુઢ અર્થ અને રહસ્યથી ભરેલી આપણી હિન્દુ સનાતન સંસ્કૃતિનો દુનિયામાં જોટો જડવો મુશ્કેલ છે, અને વિશ્વ આખું હવે એ માટે ધીરે ધીરે સંમત પણ થઈ રહ્યું છે. બીજી રીતે જોઈએ તો આપણા સિવાય બીજી એક પણ સંસ્કૃતિમાં ઈશ્વર તરીકે શક્તિને સ્થાન નથી, હાલાકી શક્તિ વગર કોઈનું અસ્તિત્વ હોઈ શકે જ નહીં, એ વિજ્ઞાન એ પણ સિદ્ધ કર્યું છે. શતાક્ષી એટલે કે પોતાનાં બાળુડાને ભૂખથી તડપતા જોઈને માતા સિવાય કોની આંખ રડે, અથવા તો એનું રોમ રોમ રડતું હોય એની ઉપમા રુપે શતાક્ષી સ્વરૂપની પરીકલ્પના હોય. પરંતુ સાંપ્રત સમયની માનસિકતા એ છે કે છબીરૂપે કે મૂર્તિ રૂપે મૂર્તિઓને લાખો રૂપિયાની ભેટ ચડાવે, લાખ મંત્રનું સ્મરણ કરે, યજ્ઞ કરે, એને રીઝવવા બલિ ચઢાવે! શતાક્ષી સ્વરૂપે પણ એને પૂજી શકે! પરંતુ હજાર હાથે પોતાનો પરિવાર સંભાળનાર જીવંત મૂર્તિ સ્વરૂપે ઘર કે સમાજમાં જે શક્તિ વસે છે, તેનો અનાદર કરવો! તેનો તિરસ્કાર કરવો! તેની પર અત્યાચાર કરવો! એમાંથી હજી સમાજ બહાર આવ્યો નથી, અને એને કારણે આપણે વારંવાર કુદરતી આપત્તિનો ભોગ બનીએ છીએ. એ સમય એવો હતો જયારે સમગ્ર વિશ્વ માટે માતા શાકંભરી માતાજી પ્રગટ થયાં હતાં, અને અત્યારે આ વિશ્વની માનસિકતાને કારણે લાખો નહીં કરોડો માતા પર થતાં અત્યાચારના પરિણામે એમનાં અશ્રુ ઓથી દુષ્કાળ પડે છે, વાવાઝોડા થાય છે સુનામી આવે છે, દરિયામાં તોફાન આવે છે ભૂકંપ આવે છે જ્વાલામુખી ફાટે છે, ભૂસ્ખલન થાય છે પૂર આવે છે, અને અધૂરામાં પૂરું કોરોના જેવી મહામારી આવી! પણ તોય એને પોતાની ભૂલ સમજાતી નથી. આ આજનાં આધુનિક સમયની બહુ મોટી ટ્રેજડી છે. તો જાગ્યા ત્યારથી સવાર એમ શક્તિની ઉપાસનાનું મૂળ આપણાં ઘરમાં વસતી તેમજ સમાજમાં વસતી સ્ત્રી શક્તિ રૂપે કરી આ સમસ્યાનો અંત લાવવો જોઈએ, એવો ગુઢ અર્થ આ ગુપ્ત નવરાત્રિનો છે, અને એ જ આપણી સાચી સંસ્કૃતિ છે એ જ આપણી ઉજળી પરંપરા છે, એ સત્ય સ્વીકારી એને અનુસરવાથી જ આપણા દુ:ખનું નિવારણ મળશે.

**ભક્તિ સહેલી નથી, પરસ્ત્રી, પર ધનની આસક્તિ છૂટ્યા વગર ભક્તિનો આરંભ થતો નથી, સવારે સેવા કરો એટલે ભક્તિ થઈ ગઈ તેમ ન સમજો**

# હું સુખી થાઉં અને બીજાને સુખી ન કરું એવી ભાવના હશે તો સુખ તમારો ત્યાગ કરશે, પરંતુ બીજાને સુખી કરવાની ઇચ્છા કરવાવાળો કોઈ દિવસ દુ:ખી થતો નથી



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**સંતોના જીવનને જોઇએ તો જણાશે કે, સંતોએ બહુ દુ:ખ ભોગવ્યું છે, સંતો દુ:ખી થાય છે તો પણ તેમના મન ઉપર દુ:ખની અસર થતી નથી, નરસિંહ મહેતા નાં પત્ની મરણ પામ્યાં તો મહેતાજીએ ગાયું, "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ગોપાળ" વૃંદાવનમાં ઘણા સાધુઓ નંદ મહોત્સવના અઢાર શ્લોકનો રોજ પાઠ કરે છે અને રોજ નંદ મહોત્સવ કરે છે, મનથી ભાવના કરવાની અને મનથી વૃંદાવન જવાનું.**

અચાનક વધેલી ઠંડી અને નેપાળ તિબેટ વિસ્તારમાં આવેલ ભૂકંપ, અને ચીની વાયરસના વધતા કહેર વચ્ચે આપણે આજે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો કામ અને સંપત્તિ આ બે વસ્તુમાંથી મનને હટાવવાનું છે. અનેક વખત મનુષ્ય તનથી ત્યાગ કરે છે, પણ મનથી ત્યાગ કરતો નથી.તનથી ત્યાગ કરે પણ મનથી ત્યાગ ન કરે તો એ દંભ છે.આ બે વસ્તુમાં માયા છે,મધ છે, આકર્ષણ છે. બે વસ્તુથી મનને સાચવો તો શરીર મથુરા બનશે.યૌવનને ભોગ વિલાસમાં ન બગાડો જુવાનીમાં જે મનને અંકુશમાં રાખે તે ડાહ્યો. શક્તિ, સંપત્તિ છતાં જેનું મન વિષયોમાં ન જાય તે સંયમી. ઘડપણમાં આંખ બગડી હોય, પૂરું દેખાતું ન હોય અને પછી ડોસો સિનેમા જોવાનું છોડે તેમાં શું ધાડ મારી. ભક્તિ સહેલી નથી.પરસ્ત્રી,પર ધનની આસક્તિ છૂટ્યા વગર ભક્તિનો આરંભ થતો નથી. સવારે સેવા કરો એટલે ભક્તિ થઈ ગઈ તેમ ન સમજો. ભોગ બુદ્ધિ છે ત્યાં સુધી ઈશ્વરની ભક્તિ થતી નથી. દ્રવ્યનું ચિંતન અને વિષયોનું ચિંતન છોડો, તો તમારી કાયા પવિત્ર મથુરા જેવી થશે.આ શરીરને મથુરા બનાવવું હશે તેને યમુનાને કિનારે રાખવું પડશે. યમુના એ ભક્તિ સ્વરૂપ છે. યમુના કિનારો તો ભક્તિનો કિનારો છે.ચોવીસ કલાક ભક્તિના કિનારે રહેશો,તો તમારું શરીર જ મથુરા જ થઈ જશે. આ શરીરને મથુરા બનાવો.વિષયો અને સંપત્તિના મદથી મનને જે સાચવે છે તેનું શરીર મથુરા બને છે. મથુરા શબ્દને ઊલટાવો તો થશે રાથુમ.થુ વચમાંથી કાઢી નાખો એટલે રહેશે રામ.જેના મુખમાં હંમેશાં રામ રહે છે, તેનું શરીર મથુરા બને છે. પરમાત્માનું સતત અનુસંધાન હોય તો 'રામ' રહે છે અને ન હોય તો 'થુ' રહે છે.યમદૂતો તેના ઉપર થૂ થૂ કરે છે. આપણે તીર્થમાં જઈએ છીએ એ સારી વાત છે,પણ શરીરને તીર્થ જેવું પવિત્ર બનાવો. શરીરને મથુરા બનાવો અને હૃદયને ગોકુળ બનાવો ગો શબ્દના ઘણા અર્થ થાય છે.ગો એટલે ઈન્દ્રિય,ગો એટલે ભક્તિ,ગો એટલે ગાય, ગો એટલે ઉપનિષદ.ઈન્દ્રિયોને વિષયો તરફ ન જવા દેતાં પ્રભુ તરફવાળો કારણ તેના માલિક પ્રભુ છે.એક એક ઈન્દ્રિયને ભક્તિરસમાં તરબોળ બનાવો. ઘણાં કાનથી ભક્તિ કરે છે, આંખથી કરતાં નથી.ઘણાં આંખથી ભક્તિ કરે છે પણ મનથી કરતા નથી.પ્રત્યેક ઈન્દ્રિયથી શ્રીકૃષ્ણ રસનું પાન કરો. એક એક ઈન્દ્રિયને ભક્તિ રસમાં તરબોળ બનાવશો,તો તમારું હૃદય ગોકુળ બનશે અને પરમાનંદ પ્રગટ થશે. જે ઈન્દ્રિય ભક્તિ મ કરે તે પાપ કરે છે. પ્રત્યેક ઈન્દ્રિયથી શ્રીકૃષ્ણ રસનું પાન કરે તે ગોપી.વૈષ્ણવ પરમાત્માના દિવ્ય પ્રકાશને હૃદયમાં નિહાળે છે. ઠાકોરનાં દર્શન કર્યા પછી આંખ બંધ કરી સ્વરૂપને અંદર જુઓ. શ્રીકૃષ્ણના સ્મરણમાં દેહનું કે સંસારનું ભાન ન રહે તો તમારો નંદમહોત્સવ સફળ છે. શરીરથી નહીં પણ મનથી રોજ ગોકુળમાં જાઓ. મનથી મથુરા જાઓ. શરીર ગમે ત્યાં હોય,મનને વૃંદાવનમાં મોકલો ભાવના કરોકે યશોદાની ગોદમાં બાલકૃષ્ણ છે, ગોપીઓ લાલાનાં દર્શન કરવા દોડતી જાય છે. લાલાની એક એક લીલાનું એમ સિંચન કરો. જ્ઞાનમાર્ગમાં ભેદનો નિષેધ કરવામાં આવે છે.ભક્ત ભક્તિ દ્વારા ભગવાન સાથે એક બને છે,બંને ધ્યેય એક જ છે. ભક્તિમાં આરંભમાં ભેદ છે. પછી ભક્ત અને ભગવાન એક બને છે. જગતનું ભાન છે ત્યાં સુધી દર્શન માં સાચો આનંદ મળતો નથી. દેહનુ ભાન છે ત્યાં સુધી દેહદર્શન થતું નથી. ધ્યાન વગર ઈશ્વરનો સાક્ષાત્કાર થતો નથી. વસુદેવ-દેવકીએ અગિયાર વર્ષ સતત ધ્યાન કરેલું. ધ્યાન કરનારો હું ધ્યાન કરું છું તે પણ ભૂલે છે. જગતને ભૂલે છે.ફક્ત એક ઈશ્વર ભાવ બાકી રહે છે. આનું નામ અદ્વૈત છે. સંતોના જીવનને જોઈએ તો જણાશે કે,સંતોએ બહુ દુ:ખ ભોગવ્યું છે. સંતો દુ:ખી થાય છે તો પણ તેમના મન ઉપર દુ:ખની અસર થતી નથી.નરસિંહ મહેતા નાં પત્ની મરણ પામ્યાં તો મહેતાજી એ ગાયું,"ભલું થયું ભાંગી જંજાળ,સુખે ભજશું શ્રી ગોપાળ"વૃંદાવનમાં ઘણા સાધુઓ નંદ મહોત્સવના અઢાર શ્લોકનો રોજ પાઠ કરે છે અને રોજ નંદ મહોત્સવ કરે છે.મનથી ભાવના કરવાની અને મનથી વૃંદાવન જવાનું. શરીર ગમે ત્યાં હોય,પણ ભાવના કરો કે,હું નંદ બાબાના મહેલમાં છું.યશોદાની ગોદમાં કનૈયો બેઠો છે, ગાયો કૂદા કૂદ કરે છે,ગોપીઓ થૈ થૈ નાચે છે. એના સ્મરણથી આખો દહાડોઆનંદમાં જશે. એક સ્વરૂપનું ધ્યાન કરવાનું ન બને.શ્રીકૃષ્ણ લીલાનું કીર્તનકરો નંદ બાબાનું ગોકુળ પ્રેમ ભૂમિ છે. હું સુખી થાઉં અને બીજાને સુખી ન કરું એવી ભાવના હશે તો સુખ તમારો ત્યાગ કરશે, પરંતુ બીજાને સુખી કરવાની ઈચ્છા કરવાવાળો કોઈ દિવસ દુ:ખી થતો નથી. નવમીના દિવસે સવારે ચાર વાગે ગોકુળમાં આનંદ મહોત્સવ થયો હતો,તેથી નંદમહોત્સવ બ્રહ્મ મુહૂર્તમાં કરવાનો. પ્રાત:કાળમાં વહેલા ઊઠી અડધો કલાક ધ્યાન કરો, ઈશ્વર સાથે એક બનો. બાર વર્ષ નિયમપૂર્વક આ પ્રમાણે કરો તો અનુભવ થશે.પ્રાત:કાળમાં ધ્યાન,પ્રાર્થના કર્યા હશે,તો આખો દિવસમાં આનંદમાં જશે. કંઈ ન બને તો આંખો બંધ કરો.આ નંદ મહોત્સવનું ધ્યાન કરજો,તેથી મન શુદ્ધ થશે. શ્રાવણ વદી દ્વાદશીના દિવસે ભગવાન શંકર ગોકુળમાં પધાર્યા. શંકર યોગીશ્વર અને શ્રીકૃષ્ણ યોગેશ્વર છે.ભગવાન શંકર નિવૃત્તિ ધર્મનો આદર્શ બતાવે છે, શ્રીકૃષ્ણ પ્રવૃત્તિ ધર્મનો આદર્શ બતાવે છે. બધી પ્રવૃત્તિ કરે છે, છતાં કોઈ પ્રવૃત્તિમાં આસક્તિ નથી.કૃતિ કરે છે તે પ્રવૃત્તિ નિવૃત્તિ સમાન છે. ભગવાન શંકર કહે છે કે,જેને બ્રહ્માનંદ લેવો છે તેને હાંડી નિવૃત્તિ લેવી જ પડશે. શિવજી ગામમાં પણ વધારે વખત રહેતા નથી, સ્મશાનમાં રહે છે. શિવજી કહે છે ધ્યાનાનંદ. ભજનાનંદ લેવો હોય તો થોડી પ્રવૃત્તિ ઓછી કરો. એક ખેડૂતને બે કન્યાઓ. તેમાંથી એક કુંભારને આપેલી અને બીજી ખેડૂતને આપેલી. પિતાએ શું કન્યા ખેડૂતને આપેલી તેના ઘરે આવ્યા. કન્યાને પૂછ્યું, કેમ બહેન,કેમ છે?કન્યાએ કહ્યું કે,આ વરસાદ પડતો નથી.વરસાદ પડે તો લીલા લહેર છે.તે પછી કુંભારને આપેલી કન્યાને ઘરે બાવ્યા અને કન્યાને કુશળ સમાચાર પૂછ્યા.તે કન્યા એ કહ્યું, માટીનાં વાસણ તૈયાર કર્યાં છે.તેના માટે ભઠ્ઠી ચડાવવી છે.એકવાર વાસણ તૈયાર થઈ જાય પછી વરસાદ પડે તો સારું! આ બાપ-દીકરીઓની કથા નથી. જીવ માત્રની પ્રવૃત્તિ અને નિવૃત્તિ એ બે કન્યાઓ છે.આ બે કન્યા ઓ એક સાથે રહી શકે નહીં. એક દુ:ખી થશે ત્યારે બીજી સુખી થશે. નિવૃત્તિનો આનંદ લેવો હોય તો પ્રવૃત્તિનો મનથી ત્યાગ કરો. શરીરમાં શક્તિ હોય ત્યારે વિવેક થી ધીરે ધીરે પ્રવૃત્તિ ઓછી કરો, પ્રભુ માટે થોડો સમય કાઢો.વાતો બ્રહ્મજ્ઞાનની કરે અને પ્રેમ પૈસા સાથે કરે, સ્ત્રી સાથે કરે, સંસારના જડ પદાર્થ સાથે કરે છે એને કોઈ દિવસ બ્રહ્મજ્ઞાન પચે નહીં.જગત ખોટું છે એમ બોલવા માં લાભ નથી,પણ જગત ખોટુંછે એમ માની જગતમાં રહેવાનું છે. વ્યવહાર ખોટો છે તેમ માની વ્યવહાર કરોયોગીશ્વર અને યોગેશ્વરનું આ મિલન છે.ભગવાન શંકર એકલા શ્રાવણ શ્રીકૃષ્ણ દ્વાદશીને દિવસે શ્રીકૃષ્ણનાં દર્શન કરવા જાય છે, ત્યારે તેમના ખાસ ગણ શ્રૃંગીભંગી કહે છે કે, અમે પણ તમારી સાથે આવીશું. ભજન અને દર્શન એકલાં કરવાં,કારણકે બીજા સાથે હોય તો બીજાના રજોગુણ આપણામાં આવે છે. દર્શન એક ચિત્તે કરો.દર્શન કરી મંદિરમાં ઓટલે બેસવાનું અને ચિંતન કરવાનું કે,ઠાકોરજીનું જે સ્વરૂપ જોયું તે બીજા દિવસ સુધી આંખ માંથી અને મનમાંથી ખસે નહીં. દર્શન કર્યા પછી ઠાકોરજીને ઘરે લઈ જાય એનાં દર્શન સાચાં. ઈશ્વર સિવાય કોઈનો પણ સાથ રાખવો નહીં. જીવ દગાખોર છે. જીવ અભિમાની છે. સંતની દૃષ્ટિ પરમાત્માનાં કોઈ સ્વરૂપમાં ઠરેલી જ હોય છે. બાહ્ય દૃષ્ટિ નીચી જ હોય છે. શંકરની દૃષ્ટિ બ્રહ્મમાં જ હતી.શ્રૃંગીએ અને ભૃંગીએ સાથે થવા કહ્યું, ત્યારે શંકરે ના પાડી. કહે કે તમે સાથે આવો તો મારાં દર્શન-ધ્યાનમાં વિક્ષેપ પડશે. નંદજી વસુદેવના દુ:ખની વાત પૂછે છે, તમારે ત્યાં કન્યાનો જન્મ થયો હતો, તે કંસ તેને મારવા આવ્યો હતો એમ સાંભળ્યું છે. વસુદેવજી કહે છે,એ વાત સાચી છે. તેમાં કંસનો દોષ નથી,પરંતુ મારા કર્મનો દોષ છે. પણ બાબા, તમારે ઘરે બાળક છે તે મારો જ છે.નંદબાબા ભોળા હતા. વસુદેવ ની ગૂઢાર્થ વાણી તેઓ સમજતા નથી. કહે છે,હા,હા,મારા ઘરમાં દીકરો છે તે તમારો જ છે. નંદ એટલે જીવ.જીવ ગોકુળ છોડીને જાય ત્યારે રાક્ષસો આવે. કામ, લોભ, ક્રોધ બધા રાક્ષસો છે. નંદથી શ્રીકૃષ્ણને છોડી કંસને ત્યાં જાય છે, ત્યારે ગોકુળમાં વિપત્તિ આવે છે,ઉત્પાત થાય છે. યોગમાયાએ જ્યારે કંસને આકાશવાણી દ્વારા કહ્યું કે, તારો કાળ તો જન્મી ચૂક્યો છે,ત્યારે કંસ ગભરાયો હતો. તરતનાં જન્મેલાં તમામ બાળકો મારી નાખવાનો તેણે હુકમ કર્યો હતો અને પૂતનાને ગોકુળ તરફ મોકલી હતી. પૂતના ચતુર્દશીના દિવસે પ્રાત:કાળ ગોકુળ આવી. પૂતના શબ્દનો અર્થ વિચારો પૂત એટલે પવિત્ર,ના એટલે નહીં. જે પવિત્ર નથી તે પૂતના. પવિત્ર શું નથી? અજ્ઞાન.માટે પૂતના એટલે અજ્ઞાન અવિદ્યા પવિત્ર શું? જ્ઞાન ગીતાજીમાં કહ્યું છે કે,જ્ઞાન સમાન પવિત્ર આ સંસારમાં બીજું કંઈ નથી.આ જ્ઞાન એટલે પૈસા કમાવ વાનું જ્ઞાન નહીં, પણ આત્મસ્વરૂપનું જ્ઞાન, દિવ્યજ્ઞાન, એ પરમ પવિત્ર છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે સવારે ફૂલ ગુલાબી ઠંડીમાં ભગવદ્ ગીતા જ્ઞાનમાં ચિંતન મનન કરશો તેવી આશા સહ અસ્તુ.

# અહાન શેટ્ટી અને પૂજા હેગડેની ફિલ્મ ‘સનકી’ પડતી મૂકાઈ






**ગયા વર્ષે જુલાઈમાં એવા અહેવાલો આવવાના શરૂ થઈ ગયા હતા કે પ્રોડ્યુસર આ ફિલ્મ અંગે હવે ફેરવિચારણા કરવા માગે છે**

સુનિલ શેટ્ટીના દિકરા અહાન શેટ્ટીએ ‘તડપ’ ફિલ્મ સાથે મોટા પડદે ડેબ્યુ કર્યું હતું. ત્યાર પછી પૂજા હેગડે સાથે અહાનની ‘સનકી’નું નામની ફિલ્મ કરવાનો હોવાના અહેવાલો હતા. આ ફિલ્મ સાજીદ નડિયાદવાલા દ્વારા પ્રોડ્યુસ થવાની હતી અને અદનાન શેખ તેમજ યાસિર જેહ તેને ડિરેક્ટ કરવાના હતા. એમેઝોન પ્રાઈમ વીડિયો દ્વારા ગયા વર્ષે યોજાયેલી એક ઈવેન્ટમાં આ ફિલ્મ અંગે જાહેરાત કરવામાં આવી હતી. આ વર્ષે વેલેન્ટાઈન ડે પર આ ફિલ્મ રિલીઝ થવાની વાત હતી.ગયા વર્ષે જુલાઈમાં એવા અહેવાલો આવવાના શરૂ થઈ ગયા હતા કે પ્રોડ્યુસર આ ફિલ્મ અંગે હવે ફેરવિચારણા કરવા માગે છે. ત્યારે એવી ચર્ચા હતી કે એમેઝોન પ્રાઈમ સાથે મોટી ડીલ છતાં નબળા માર્કેટ, અપેક્ષા કરતાં પણ નીચું ડિજિટલ મીડિયમનું વળતર જેવા કારણે પ્રોડ્યુસર સાજીદ નડિયાદવાલા હવે આ ફિલ્મ પર ફેરવિચારણા કરે છે. આ સાથે અહાન શેટ્ટીના વાળ અને મેકઅપ તેમજ સ્ટાઈલિસ્ટ વગેરેનો ખર્ચ પ્રોડક્શને ભોગગવવો પડતો હતો, તેના ઉપરાંત ફિલ્મ નહીં ચાલવાના ડરને કારણે સાજીદને ફિલ્મ રદ કરવાનો નિર્ણય લેવો પડ્યો. જોકે, પછી સુનિલ શેટ્ટી તેના ખર્ચમાં પોતાનો ભાગ આપવા આગળ આવેલો પરંતુ હવે આ બધા જ પ્રયત્નો વેડફાઈ ગયા હોય એવું લાગે છે.સાજીદ નડિયાદવાલાની કંપની નડિયાદવાલા ગ્રાન્ડસન્સ દ્વારા તાજેતરમાં સોશિયલ મીડિયા પર તેની ૨૦૨૫માં આવનારી ફિલ્મોની યાદી શેર કરવામાં આવી છે. જેમાં સલમાન ખાનની ‘સિકંદર’, અક્ષય કુમારની ‘હાઉસફૂલ ૫’, ટાઈગર શ્રોફની ‘બાગી ૪’ અને શાહીદ કપૂરની પણ એક ફિલ્મનો સમાવેશ થાય છે. પરંતુ તેમાં અહાન અને પૂજાની ‘સનકી’નો ક્યાંય ઉલ્લેખ નથી. આ ફિલ્મ રદ થઈ હોવા પાછળ બીજું કારણ એ પણ હોઈ શકે કે પૂજા હેગડેએ ગયા ઓક્ટોબરમાં થલપતિ વિજય સાથે એક ફિલ્મ સાઈન કરી હતી, જેમાં તેની સાથે બૉબી દેઓલ પણ વિલનના રોલમાં છે.

### દિશા વાકાણીએ મેટરનિટી લીવ સાથે શોમાંથી વિદાય લીધી હતી

# ‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ શોમાં દયાભાભી તરીકે દિશા નહીં જ દેખાય



‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ સિરીયલનાં સૌથી લોકપ્રિય ચહેરાઓમાં કોઈ હોય તો એ છે ‘દયા ટપુ કે પાપા ગડા’ એટલે કે દિશા વાકાણીનો. આજે પણ લોકો આ ટીવી સીરિયલના જૂના એપિસોડના વીડિયો સોશિયલ મીડિયા પર જોઈને તેમના કેટલાક સીનની મજા લેતાં હોય છે. ૨૦૧૮માં દિશા વાકાણીએ મેટરનિટી લીવ સાથે શોમાંથી વિદાય લીધી હતી. ત્યાર પછી વારંવાર શોના મેકર્સ તેના પાછા આવવાના વાયદા કરતા રહ્યા હતા. શોના પ્રોડ્યુસર અસિત મોદીએ વારંવાર એવું પણ કહ્યું હતું કે તેઓ દયાબેનને પાછા લાવવાના પુરતા પ્રયત્નો કરી રહ્યા છે. હવે છેક તેમણે આખરે જાહેર કર્યું છે કે દયાના પાત્રમાં દિશા વાકાણી હવે જોવા મળશે નહીં. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં અસિત મોદીએ સ્વીકાર્યું કે આ પાત્ર શો માટે ઘણું મહત્વનું છે અને તેમને પાછા લાવવા ખૂબ જરૂરી હતા, જેમાં તેમના તરફથી ઘણો વિલંબ થયો છે. અસિત મોદીએ કહ્યું, ‘‘દયાબેનને પાછા લાવવા જરૂરી છે કારણ કે અમે પણ એમને મિસ કરીએ છીએ. ઘણી વખત પરિસ્થિતિઓ એવી રીતે બદલાતી રહી કે અમુક ઘટનાઓ બની અને બધું જ પાછું ઠેલાતું ગયું. ઘણી વખત સ્ટોરી લાંબી ખેંચાઈ જતી. ક્યારેક કોઈ મોટી ઈવેન્ટ આવી જતી. ૨૦૨૪માં ચૂંટણીઓ હતી, પછી આઈપીએલ અને પછી વર્લ્ડ કપની મેચ, પછી ચોમાસુ. કેટલાક કારણોથી અમારે મોડું થતું રહ્યું છે.’’અસિત મોદીએ આગળ એ પણ નિશ્ચિત કરી દીધું છે કે, દિશા વાકાણી હવે શોમાં પાછા નહીં એ હાલ તેના બંને બાળકો સાથે વ્યસ્ત છે. આસિત મોદીએ કહ્યું, ‘‘હું હજુ પણ પ્રયત્નો કરી રહ્યો છું.મને લાગે છે કે દિશા હવે પાછી ન આવી શકે. એને બે બાળકો છે. એ મારી બહેન જેવી છે. આજે પણ અમારે તેના પરિવાર સાથે ઘણા સારા સંબંધો છે. મારી બહેન દિશાએ મને રાખડી બાંધી છે. એનો ભાઈ અને પિતાજી પણ મારા પરિવાર જેવા છે. તમે ૧૭ વર્ષ સુધી એકસાથે કામ કરો, તો પછી એ તમારો એક વિસ્તૃત પરિવાર બની જાય છે.’’અસિત મોદીએ આગળ કહ્યું, ‘‘તેના માટે હવે પાછા આવવું અઘરું છે. મહિલાઓ માટે, લગ્ન પછી જીવન બદલાઈ જાય છે. કામ કરવું, બાળકોનું ધ્યાન રાખવું અને ઘર સંભાળવાનું તેમના માટે અઘરું બની જતું હોય છે. જો કે હું હજુ પણ આશાવાદી છું. મને હજુ ક્યારેક લાગે છે કે ભગવાન ચમત્કાર કરશે અને એ પાછી આવી જશે. જો એ આવે તો સારી વાત છે. જો એ ન આવે તો મારે બીજા દયાબેની શોધ કરવી પડશે.’’ આસિત મોદીએ કહ્યું હતું કે તેઓ દયાના પાત્ર માટે ઓડિશન કરી રહ્યા છે અને તેઓ શોમાં દયા માટે જોરદાર સ્વાગતની તૈયારીઓ કરશે.


અસિત મોદીને દિશા વાકાણીના પુનરાગમનની અપેક્ષા

# રકુલપ્રીત અને ભૂમિ પેડનેકર સાથે અર્જુન કપૂરનું લવ સર્કલ



એક્શન ફિલ્મોની વધી રહેલી લોકપ્રિયતા વચ્ચે પણ રોમેન્ટિક ફિલ્મોનું આકર્ષણ અકબંધ રહ્યું છે. અર્જુન કપૂર, રકુલ પ્રીત સિંગ અને ભૂમિ પેડનેકર આગામી રોમેન્ટિક કોમેડીમાં સાથે જોવા મળશે. ૨૧ ફેબ્રુઆરીએ ફિલ્મની રિલીઝ પહેલાં ‘મેરે હસબન્ડ કી બીવી’નું મોશન પોસ્ટર શેર થયુ હતું. જેમાં આ ફિલ્મને અર્જુન કપૂરના લવ ટ્રાયેંગલ નહીં, પરંતુ પૂરા લવ સર્કલ તરીકે ઓળખાવવામાં આવી હતી. પ્રોડક્શન હાઉસ પૂજા એન્ટરટેઈનમેન્ટે મોશન પોસ્ટર શેર કરતા જણાવ્યું હતું કે, યહાં પ્યાર કી જીઓમેટ્રી થોડી ટ્વિસ્ટેડ હૈ-ક્યુંકિ લવ ટ્રાયેંગલ નહીં, પૂરા સર્કલ હૈ. મુદસ્સર અઝીઝના ડાયરેક્શનમાં બનેલી આ ફિલ્મમાં લગ્ન જીવન અને પ્રેમની આંટીઘૂંટીઓને રમૂજી રીતે દર્શાવવામાં આવશે તે નક્કી છે. મુદસ્સર અગાઉ ‘પતિ પત્ની ઔર વોહ’, હેપ્પી ભાગ જાયેગી અને ‘ખેલ ખેલ મૈં’ જેવી ફિલ્મો બનાવી ચૂક્યા છે. મનોરંજન સાથે રોમાન્સનું મિશ્રણ કરવામાં તેમની હથોટી છે. આ ફિલ્મ ડિસેમ્બર ૨૦૨૨માં એનાઉન્સ થઈ હતી અને હવે ફેબ્રુઆરીમાં રિલીઝ થઈ રહી છે. ‘મેરે હસબન્ડ કી બીવી’ના ત્રણેય લીડ એક્ટર્સ છેલ્લા ઘણાં સમયથી હિટ ફિલ્મ માટે તરસી રહ્યા હતા. ‘સિંઘમ અગેઈન’માં વિલનના રોલ થકી અર્જુન કપૂર ફરી ચર્ચામાં આવ્યો છે. જ્યારે રકુલ પ્રીતની આગામી ફિલ્મ ‘દે દે પ્યાર દે ૨’માં અજય દેવગનનો લીડ રોલ છે. જો કે તે પહેલાં આવી રહેલી ‘મેરે હસબન્ડ કી બીવી’ રકુલને મદદરૂપ થઈ શકે છે. ભૂમિ પેડનેકરે ‘દલદલ’ સિરીઝથી ઓટીટીમાં ડગ માંડ્યા છે. આ સિરીઝનું શૂટિંગ પૂરું થઈ ગયું છે. આ ઉપરાંત અન્ય સિરીઝ ‘ધ રોયલ્સ’માં ભૂમિ સાથે ઈશાન ખટ્ટર છે.

# પંચલાઇન્સ કપાઈ જતી હોવાથી ઉપાસના સિંઘે કપિલનો શો છોડ્યો



ઉપાસના સિંઘ એક જાણીતા કલાકાર છે, ખાસ કરીને તેઓ પોતાનાં કોમેડી રોલ માટે જાણીતાં છે. છેલ્લાં થોડા વર્ષોમાં તે કપિલ શર્માના કોમેડી શોથી ખાસ ઘર-ઘરમાં જાણીતાં થયાં હતાં. પરંતુ છેલ્લાં કેટલાક વખતથી તેઓ આ શોમાંથી ગાયબ છે અને પોતાના પ્રોડક્શન અને પંજાબી ફિલ્મો પર ધ્યાન આપી રહ્યાં છે. તાજેતરના એક ઈન્ટરવ્યૂમાં તેમણે કપિલ શર્માનો શો છોડવાના કારણનો ખુલાસો કર્યો છે. ટીવી છોડવા અંગે ઉપાસના સિંઘે જણાવ્યું, ‘‘અઢી વર્ષ સુધી અમારો શો હંમેશા ટોપ પર રહ્યો હતો. પરંતુ પછી એક સમય એવો આવ્યો જ્યારે મારી પાસે કરવા માટે કશું બચ્યું નહોતું. મેં આ વાત કપિલને પણ કરી. અમારે એકબીજા સાથે ઘણું સારું બને છે, લોકોને લાગે છે એવો કોઈ ઝઘડો નહોતો થયો અમારી વચ્ચે. મેં તેને કહ્યું કે, કપિલ આ રોલ પહેલા જેવો નથી રહ્યો, મને પહેલાં જેટલી મજા આવતી નથી. મારા પાત્ર પર પ્લીઝ થોડું ધ્યાન આપો.’’જોકે, પરિસ્થિતિ એમનાં હાથમાં રહી નહોતી, તેથી ચેનલ સાથેના કરારો અને ચેનલની હરિફાઈ જેવી બાબતોમાં મુદ્દો વધુ ગૂંચવાઈ ગયો. તેમણે કહ્યું, ‘‘એ લોકો મારી પંચલાઈન્સ કાપી નાખતાં હતાં. મને ખબર હોય કે જે ડાયલોગ પર લોકો હસશે, એ ડાયલોગ કપાઈ ગયા હોય. એ ટોર્ચર જેવું બની ગયું હતું. અલી અસગરને પણ આવી જ સમસ્યાનો સામનો કરવો પડ્યો.’’ પાછળથી કપિલે તેમને પોતાના શોમાં ફરી આમંત્રણ આપ્યું ત્યારે ઉપાસના બીજું કામ કરવા લાગ્યા હતા. ટીવીથી દૂર થવાના કારણ અંગે કહ્યું, ‘‘મેં બે પંજાબી ફિલ્મ પ્રોડ્યુસ કરવાનું શરૂ કર્યું, કપિલે એના માટે વોઈસઓવર પણ આપ્યો છે.

### ફિલ્મ ૧૨ જાન્યુઆરીએ રિલીઝ થશે

# ડાકુ મહારાજઃ બોબી દેઓલ ફરી એક વખત વિલન બન્યો



બોબી દેઓલને ‘એનિમલ’ની સફળતા પછી વિલનના રોલ મળી રહ્યા છે. સુરિયા સાથે ‘કંગુવા’માં વિલન બન્યા પછી હવે બોબીએ નંદમુરી બાલક્રિશ્નાની ફિલ્મમાં વિલનનો રોલ કર્યો છે. ઉર્વશી રાઉતેલા અને બાલક્રિશ્ના સાથેની ‘ડાકુ મહારાજ’ ૧૨ જાન્યુઆરીએ રિલીઝ થવાની છે. રવિવારે ‘ડાકુ મહારાજ’નું ટ્રેલર રિલીઝ થયું હતું, જેમાં બાલક્રિશ્નને ડાકુના રોલમાં જોઈ શકાય છે. તેમાં બાલક્રિશ્નને એક બાળકી સાથે લાગણીમય સંબંધોમાં જોઈ શકાય છે. ત્યારપછી ઉર્વશીની ઝલક જોવા મળે છે. બોબી દેઓલને ટ્રેલરમાં લોકો પર અત્યાચાર ગુજારતો જોઈ શકાય છે. પોતાના હોઠ પર આંગળી મૂકી સામાવાળાને ચૂપ રહેવા ધમકાવતા બોબીની ‘એનિમલ’ ઝલક પણ ટ્રેલરમાં દેખાઈ હતી. એક્શન સીન્સ માટે જાણીતા બાલક્રિશ્ના જંગલમાં મોટા ટાળો સાથે લડતા જોવા મળે છે. ફિલ્મની સ્ટોરી અંગે વાત કરતાં પ્રોડ્યુસર નાગા વામસીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, જંગલના રાજાએ શિકારની શરૂઆત કરી છે. ડાકુ મહારાજ સંક્રાંતિએ થીયેટરમાં આવશે. ૧૨ જાન્યુઆરીએ વર્લ્ડવાઈડ રિલીઝ થશે. ફિલ્મમાં નંદમુરી બાલક્રિશ્ન, બોબી દેઓલ અને ઉર્વશી રાઉતેલા ઉપરાંત પ્રગ્યા જયસ્વાલ, શ્રદ્ધા શ્રીનાથ અને ચાંદની ચૌધરી પણ મહત્વના રોલમાં છે. ‘કંગુવા’ની નિષ્ફળતા અને ‘પુષ્પા ૨’ની સફળતા બાદ સાઉથની અન્ય બિગ બજેટ ફિલ્મ ‘ડાકુ મહારાજ’ આવી રહી છે. સંયોગવશાત આ બંને ફિલ્મમાં બોબી દેઓલ લીડ રોલમાં છે. ‘કંગુવા’ની નિષ્ફળતા માટે લીડ એક્ટર સુરિયાને જવાબદાર માનવામાં આવ્યો હતો. બોબીની આગામી ફિલ્મની રિલીઝ પૂર્વે ખાસ ઉહાપોહ ઊભો થયો નથી.

### એક શો માં સુનીતાએ ખુલાસો કર્યો

# આવતા જન્મે પતિ તરીકે ગોવિંદા ન જોઈએ

**ગોવિંદા-સુનીતા આહુજા જ્યારે પણ સાથે જોવા મળે છે ત્યારે ફેન્સ ખૂબ જ ખુશ થઈ જાય છે**



સુનીતા આહુજા ફરીથી ગોવિંદાની પત્ની બનવા નથી માંગતી, તાજેતરમાં એક શોમાં સુનીતાએ આવો ખુલાસો કર્યો હતો.ગોવિંદા અને સુનીતા આહુજા જ્યારે પણ સાથે જોવા મળે છે ત્યારે ફેન્સ ખૂબ જ ખુશ થઈ જાય છે પરંતુ હવે તેની પત્નીએ તેમના સંબંધો વિશે ખુલાસો કર્યો છે.ગોવિંદાની પત્ની સુનીતા આહુજા હંમેશા પોતાના શબ્દોના કારણે ચર્ચામાં રહે છે. તે કોઈપણ રિયાલિટી શો માટે જ્યાં પણ જાય છે, તેના મનમાં જે આવે છે તે બોલે છે. ગોવિંદાની પત્નીને પણ તેની સ્ટાઈલના કારણે પસંદ કરવામાં આવે છે. ગોવિંદા અવારનવાર તેની પત્ની સાથે ફોટા શેર કરે છે, ત્યારે સુનીતાએ હવે તેમના સંબંધો વિશે ખુલાસો કર્યો છે. સુનીતાએ કહ્યું છે કે તેના લગ્નજીવનમાં બધું સારું નથી. તેઓમાં પણ અન્ય પત્નીઓની જેમ અસલામતી હોય છે. એટલું જ નહીં, તેમની અલગ-અલગ પસંદગીઓને કારણે બંને એક જ ઘરમાં સાથે રહેતા પણ નથી.એક ઈન્ટરવ્યુમાં સુનીતાએ પોતાના જીવન વિશે ઘણા ખુલાસા કર્યા છે. જેના વિશે તેના ચાહકોએ ક્યારેય વિચાર્યુ પણ નહીં હોય. સુનીતાએ જણાવ્યું કે પહેલા તે લગ્નમાં સુરક્ષિત મહેસૂસ કરતી હતી પરંતુ હવે તે પહેલા જેવી કમ્ફર્ટેબલ નથી અનુભવતી.સુનીતાએ કહ્યું- ગોવિંદા બિલકુલ રોમેન્ટિક નથી. તે તેમની સાથે સમય પસાર કરવા માંગે છે, સ્ટ્રીટ ફૂડનો આનંદ માણવા જેવી કેટલીક સરળ વસ્તુઓ કરવા માંગે છે. પરંતુ તેના કામના કારણે તે હંમેશા એટલા વ્યસ્ત રહે છે કે તેની પાસે આ ક્ષણો માટે સમય નથી. હું તેને કહું છું - આગામી જન્મમાં મારા પતિ બનશો નહીં. કારણ કે તેણી તેના જીવનના આ તબક્કે દૂર અને ઉપેક્ષિત અનુભવે છે.ગોવિંદા અને સુનીતાના લગ્નને ૩૭ વર્ષ થયા છે. આ કપલે ૧૯૮૭માં લગ્ન કર્યા હતા. લગ્ન સમયે સુનીતાની ઉંમર માત્ર ૧૮ વર્ષની હતી. આ કપલને બે બાળકો ટીના અને યશવર્ધન છે. સુનીતા અને ગોવિંદા બંને સોશિયલ મીડિયા પર ફેન્સને તેમના પરિવારની ઝલક બતાવતા રહે છે. જોકે, સુનીતાએ પોતાના લગ્નના આ તબક્કે પડકાર વિશે જણાવીને ચાહકોને ચોંકાવી દીધા છે.

# ‘ઈમલી’ ફેમ મેઘા ચક્રવર્તી ૨૧મીએ લગ્ન કરશે




ટીવી શો ‘ઈમલી’ની અભિનેત્રી મેઘા ચક્રવર્તીએ નવા વર્ષ ૨૦૨૫ની શરૂઆતમાં સાહિલ ફુલ સાથે સગાઈ કરી લીધી છે. તેઓએ ગોવામાં વીંટીઓની આપ-લે કરી. મેઘા અને સાહિલ ૨૧ જાન્યુઆરીએ જમ્મુમાં લગ્ન કરશે.‘તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા’ના સોનુ ઉર્ફે ઝિલ મહેતા બાદ હવે ‘ઈમલી’ અભિનેત્રી મેઘા ચક્રવર્તી પણ લગ્ન કરવા જઈ રહી છે. નવું વર્ષ ૨૦૨૫ શરૂ થતાંની સાથે જ તેણે સાહિલ ફુલ સાથે સગાઈ કરી લીધી છે. ગોવામાં, કપલે એકબીજાને વીંટી પહેરાવી અને તેની સુંદર તસવીરો શેર કરી.૧ જાન્યુઆરીએ જ્યારે સાહિલે મેઘાને પ્રપોઝ કરીને આશ્ચર્યચકિત કરી દીધી હતી ત્યારે અભિનેત્રીએ સોશિયલ મીડિયા પર પોતાની લાગણી વ્યક્ત કરી. ફોટો પોસ્ટ કરતા તેણે લખ્યું, ‘નવું વર્ષ, નવી શરૂઆત, અમે આશા અને કૃતજ્ઞતા સાથે ૨૦૨૫નું સ્વાગત કરીએ છીએ, અમે બીજી જાહેરાત કરી રહ્યા છીએ કે અમે લગ્ન કરવા જઈ રહ્યા છીએ.’મેઘા ચક્રવર્તી અને સાહિલ ૨૧ જાન્યુઆરીએ હોમટાઉન જમ્મુમાં લગ્ન કરશે. અભિનેત્રીએ જણાવ્યું કે આ સમારોહમાં ફક્ત પરિવાર અને નજીકના મિત્રો જ હાજરી આપશે. તેણે કહ્યું, ‘અમે લગ્ન પહેલા હલ્દી અને અન્ય ધાર્મિક વિધિઓ કરીશું.’મેઘાએ ‘ઈમલી’ અને ‘મિશ્રી’ જેવા ટીવી શોમાં કામ કર્યું છે.

# સમાજ સુધારક જ્યોતિરાવ ફુલેના રોલમાં પ્રતિક ગાંધી



**જ્યોતિરાવ ફુલેની ૧૯૭મી જન્મજયંતિ નિમિત્તે આ ફિલ્મ ૧૧ એપ્રિલના રોલ રિલીઝ થવાની છે**

ભારતના મહાન સમાજ સુધારક દંપતિ જ્યોતિરાવ ફુલે અને સાવિત્રીબાઈ ફુલેના સંઘર્ષમય જીવનને દર્શાવતી બાયોપિક ‘ફુલે’ એપ્રિલ મહિનામાં રિલીઝ થવાની છે. ફિલ્મમાં પ્રતિક ગાંધીએ મહાત્મા જ્યોતિરાવ ફુલેનો રોલ કર્યો છે, જ્યારે તેમનાં પત્ની સાવિત્રીબાઈ ફુલેના રોલમાં પત્રલેખા જોવા મળશે. જ્યોતિરાવ ફુલેની ૧૯૭મી જન્મજયંતિ નિમિત્તે આ ફિલ્મ ૧૧ એપ્રિલના રોલ રિલીઝ થવાની છે. ડાન્સિંગ શિવા ફિલ્મ્સ, કિંગ્સમેન પ્રોડક્શન્સ અને ઝી સ્ટુડિયો દ્વારા આ ફિલ્મનું પ્રોડક્શન થયું છે. નેશનલ એવોર્ડ વિનિંગ અનંત મહાદેવને તેનું ડાયરેક્શન કર્યુ છે. ‘ફુલે’માં ૧૯મી સદીના બ્રિટિશ કાલીન ભારતની સ્ટોરી છે. જડ અને રૂઢિચુસ્ત સમયમાં ફુલે દંપતિએ કન્યા શિક્ષણનો પાયો નાખ્યો હતો. પૂણે ખાતે ૧૯૪૮માં ભારતની પ્રથમ કન્યાશાળા બની હતી. આ શાળા બનાવવા ફુલે દંપતિના અથાગ પ્રયાસ અને સંઘર્ષને ફિલ્મમાં દર્શાવાયા છે.શિક્ષણની જ્યોત પ્રસરાવવાની સાથે જ્યોતિરાવ-સાવિત્રીબાઈ ફુલેએ તત્કાલીન સમાજની જાતિ વ્યવસ્થા, બ્રિટિશ શાસન અને મહિલા અસામનતાનો પણ સામનો કર્યો હતો. અનંત મહાદેવને કહ્યું હતું કે, રૂ-જનરેશને આ ફિલ્મ જોવી જ જોઈએ. ઈતિહાસના પુસ્તકોમાં આપણને જાણવા મળ્યું છે, તેના કરતાં ઘણું વધારે આ ફિલ્મમાં જોવા મળશે. ગત વર્ષે જ્યોતિરાવ ફુલેની ૧૯૬મી જન્મજયંતિ નિમિત્તે ફિલ્મનું પોસ્ટર શેર થયું હતું. અનંત મહાદેવને દાવો કર્યો છે કે, તેમાં ઐતિહાસિક તથ્યો સાથે ચેડાં કરાયા નથી.

# ઝાલોદ બેંક ઓફ બરોડા બેંકનું સ્થળ જન સુવિધા હેતુ ધારાસભ્ય મહેશ ભૂરીયાના પ્રયત્ન થકી બદલાયું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ નગરમાં બેંક ઓફ બરોડા ગામડી ચોકડી નજીક પોસ્ટ ઓફિસની ઉપર આવેલ હતી જેનું સ્થાન આજરોજ ૦૭-૦૧-૨૦૨૪ ના રોજ થી એ.પી.એમ.સી ની અંદર જન સુવિધા હેતુ લઈ જવામાં આવેલ છે. પહેલા ગામડી ચોકડી પર બેંક ઉપર હતી અને ટ્રાફિક થી ચહલપહલ કરતા વિસ્તારમાં હતી, જેથી ઉમર લાયક આવતા ખાતેદારોને ઉપર ચઢી ને જવામાં ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો તેમજ ટ્રાફિક થી ધમ ધમતો વિસ્તાર હોવાથી વાહન પાર્કિંગ કરવાની ભારે હાલાકી ગ્રાહકોને ભોગવવી પડતી હતી.

આ સમસ્યા અંગે ઝાલોદ ૧૩૦ વિધાનસભા ધારાસભ્ય મહેશ ભૂરીયાને જાણ થતાં તેઓએ બેંક ઓફ બરોડાના મેનેજર વિવેકભાઈ જોડે સંકલન કરી મીટિંગ કરી હતી અને ગ્રાહકને પડતી સમસ્યાના નિરાકરણ માટે એ.પી.એમ.સી




મા જગ્યા ફાળવવા માટે પ્રસ્તાવ મૂક્યો હતો જેથી ઉમર લાયક આવતા બેંકના ખાતેદારો તેમજ વાહન લઈને આવતા ખાતેદારોની સમસ્યા હલ થઈ શકે. બેંક ઓફ બરોડાના મેનેજર વિવેકભાઈ દ્વારા જન સુવિધા હેતુ કાયદાકીય રીતે પ્રોસેસ હાથ ધરી હતી અને ધારાસભ્ય મહેશ ભૂરીયાના પ્રસ્તાવને વધાવી લીધો હતો. બેંક ઓફ બરોડાનું સંપૂર્ણ કાર્ય આજરોજ એ.પી.એમ.સી ખાતે આવેલ નવીન જગ્યાએ ચાલુ થતાં આવતા જતા ગ્રાહકોમાં આનંદ જોવા મળતો હતો.

# દાહોદ તાલુકામાં આવેલ ડામોર ફળીયા વર્ગ ચંદવાણા પ્રાથમિક શાળામાં સ્વેટર વિતરણ કરાયા


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

દાહોદ તાલુકા મા આવેલ ચંદવાણા ગામ મા આવેલ ધો-૧ થી ૮ ની સ્કુલ ના ૨૭૫ જેટલા વિધાર્થીઓ ને અમદાવાદ ના સેવાભાવી પટેલ સંજયકુમાર રમેશભાઈ દ્વારા શાળા ના બાળકો ને ઠંડી મા રક્ષણ મળે તે હેતુ થી શાળા ના ૨૭૫ જેટલા બાળકો ને સ્વેટર વિતરણ કરવામા આવ્યા હતા.શાળા મા બાળકો ને સ્વેટર અપાતા બાળકો મા ખુશી છવાઈ હતી.તેમજ સ્કુલ ના આચાર્ય અને સ્ટાફ દ્વાર મા સંજયભાઈ પટેલ નો આભાર વ્યક્ત કરવામા આવ્યો હતો

# ઝાલોદ તાલુકાના વરોડ મુકામે સોમેશ્વર મહાદેવ મંદિરમાં અંદાજીત ૫,૫૦,૦૦૦ની ચોરીની ઘટના

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ તાલુકાના વરોડ મુકામે સોમેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે ત્યાં રાત્રીના સમયમાં મંદિરની અંદર થી રકમ તેમજ આભૂષણ ચોરાયાની ઘટના સાંભળવા મળતા વરોડ મુકામે પટેલ સમાજના લોકટોળા મંદિરે ઉમટી પડેલ જોવા મળેલ હતા.

આસરે ૦૭-૦૧-૨૦૨૪ ના રોજ સવારે ૪:૩૦ વાગે અશ્વિનભાઈ પટેલ મંદિરે દર્શન કરવા આવેલ હતા ત્યારે મંદિરની બહાર આવેલ મંદિરની અંદર પ્રવેશવાનો મુખ્ય ગેટ બંધ હતો પરંતુ મંદિરના પ્રાંગણમાં પ્રવેશ કરતા તેમણે જોયું કે મંદિરનો મુખ્ય દરવાજો ખુલ્લો હતો તેથી તેમને કઈ બનાવ બન્યાની શંકા જતા તેઓ મંદિરની અંદર પ્રવેશ કરતા તેઓએ જોયું કે મંદિરની અંદર શિવાલયની ઉપર ચાંદી થી સજાવેલ હતું તે ચાંદીનું શિવાલય તેમજ તિજોરી અને પેટી તૂટેલી હાલતમાં જોવા મળેલ હતી તેમજ મંદિરની અંદર બધો સામાન વેરવિખેર પડેલ જોવા મળેલ હતો તેથી મંદિરમાં ચોરી થઈ હોવાનું અશ્વિનભાઈને જાણ થતાં તેઓએ વરોડ મુકામે


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

સ્થાનિક લોકોનો આ ઘટના અંગે જાણકારી આપી હતી. વરોડ મુકામના સ્થાનિકો સહુ ભેગા થઈ સ્થાનિક પોલિસ સ્ટેશનનો સંપર્ક કરી પહોંચ્યા હતા અને મંદિરમાં થયેલ ચોરી અંગેની જાણકારી આપી હતી. સ્થાનિકોના માનવા મુજબ મંદિરના પ્રાંગણ બહાર આવેલ દરવાજો બંધ હોવાથી રાત્રીના સમયમાં અજાણ્યા ચોર મંદિરનો કોટ કૂદી આવેલ હોય તેવું સ્થાનિકોનું માનવું છે. સ્થાનિકો પાસે જાણવા મળેલ મુજબ ૫,૫૦,૦૦૦ મત્તા ઉપરાંતની મંદિરમાં ચોરી થયેલ છે. પોલિસ દ્વારા આ અંગે વધુ તપાસ આદરી આગળની કાર્યવાહી હાથ ધરેલ છે.

# સેન્ટ્રલ ઝોનની મજુરાગેટ સ્થિત શાળા નં. ૮/૯ ખાતે ભાઈઓ-બહેનોની વોલીબોલ સ્પર્ધાનો પ્રારંભ



। (માહિતી) સુરત, તા.૭ ।

રાજ્યમાં ખેલકૂદનું વાતાવરણનું નિર્માણ થાય, પ્રતિભાશાળી ખેલાડીઓને યોગ્ય તક મળી રહે તે માટે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા સુરત શહેરમાં ઝોનકક્ષાએ ખેલ મહાકુંભમાં પ્રારંભ થઈ ચુકયો છે. ખેલ મહાકુંભમાં સુરત શહેરમાં ૩.૨૪ લાખ ખેલાડીઓએ ભાગ લઈ રહ્યા છે.

સુરત શહેરમાં ઝોન કક્ષાએ વિવિધ સ્કૂલોમાં સ્પર્ધાઓમાં ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. આજરોજ કન્વીનર શાળા સર જે. જે. ઈંગ્લીશ સ્કૂલ – શાહપોર દ્વારા સુરત શહેરમાં સેન્ટ્રલ ઝોન સ્થિત મજુરાગેટ શાળા નં. ૮/૯ ખાતે ભાઈઓ-બહેનોની વોલીબોલ સ્પર્ધાનો પ્રારંભ થયો હતો.

જેમાં અંડર-૧૪માં ભાઈઓ-૦૩ ટીમ અને બહેનોની ૦૨ ટીમ, અંડર-૧૭ની ભાઈઓની ૦૬ ટીમ અને બહેનોની ૦૨ ટીમ તેમજ ઓપનની બહેનો ૦૧ ટીમ ઓપન ભાઈઓ માં ૦૩ ટીમના ખેલાડીઓએ ઉમંગભેર ભાગ લઈ સ્પોર્ટ્સ સ્પિરિટ દેખાડ્યું હતું. કન્વીનર હસુમતિબેન સારંગ અને સહ કન્વીનર સતીષભાઈ પરમારના માર્ગદર્શન હેઠળ વોલીવોલ સ્પર્ધા યોજાઈ હતી.

# આઈ.ટી.આઈ, ન્યુ રાણીપ ખાતે માર્ગ સલામતી અને સુરક્ષા સંબંધિત સેમિનારનું આયોજન કરાયું

। અમદાવાદ, તા.૭ ।

રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ ૨૦૨૫ની ઉજવણી અંતર્ગત આઈ.ટી.આઈ, ન્યુ રાણીપ ખાતે ખાતે જુદાજુદા ટ્રેડમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે માર્ગ સલામતી અને સુરક્ષા સંબંધિત સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના સિવિલ જજ તથા અમદાવાદ આરટીઓ અધિકારી શ્રી જે. જે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, અમદાવાદના સિવિલ જજશ્રીએ નવા મોટર વ્હીકલ એક્ટની નવી કાનૂની જોગવાઈઓ પર ભાર મૂકીને સગીર વયના બાળકોને વાલીઓ દ્વારા વાહન ન ચલાવવા આપવું જોઈએ, એમ જણાવ્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, નવા કાયદા મુજબ વિદ્યાર્થીઓના માતા-પિતાને પણ કાયદાના ભંગ બદલ સજા થઈ શકે છે. વધુમાં, તેમણે અકસ્માતોની ગંભીરતા વિશે બાળકોને જાગૃત કર્યા હતા. આરટીઓ અધિકારી શ્રી જે. જે. પટેલે લાયસન્સ પ્રક્રિયાના સરળીકરણ, ટ્રાફિક શિસ્તનું પાલન સહિતના વિષયો પર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. તેમણે નેશનલ રોડ સેફટી મંથની થીમના સંદર્ભે પણ વિદ્યાર્થીઓને જાગૃત કર્યા હતા. તેમણે વિદ્યાર્થીઓને વાહન અકસ્માતમાં જાગૃતતા બાબતે પણ માહિતગાર કર્યા હતા. આરટીઓ, અમદાવાદના શ્રી જગદીશ જુલા દ્વારા ટ્રાફિક નિયમોની અમલવારી માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. આ સેમિનારમાં આઈ.ટી.આઈનો તમામ સ્ટાફ, વિદ્યાર્થીઓ તેમજ અન્ય મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝાલોદ તાલુકાના નવા ચાકલીયા પ્રાથમિક શાળાના બે શિક્ષકોની બદલી થતાં વિદાય સમારંભ યોજાયો


તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

વર્ષ ૨૦૨૫ માં હાલ સરકારના શિક્ષકો માટે બદલીઓના ઘણાં નિયમોમાં ફેરફારો થઈ રહ્યા છે ત્યારે શિક્ષકોમાં આનંદની લાગણી છવાઈ રહી છે.

દાહોદ જિલ્લા ઝાલોદ તાલુકાની પગાર કેન્દ્ર નવા ચાકલીયા પ્રાથમિક શાળામાં ધોરણ છ થી આઠમાં ફરજ બજાવતા શિક્ષક અરૂણસિંહ.એન. બારડ ,શિક્ષિકબેન ભૂમિકા એચ.મોઢની બદલી તેમના જિલ્લા બનાસકાંઠા ખાતે થતા આજ રોજ તેમનો વિદાય સમારંભ કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો . આ બન્ને શિક્ષક ભાઈ બેનએ નોકરીના પાંચ વર્ષના સમયગાળામાં ખૂબ માન સન્માન મેળવ્યું છે.આ બન્ને શિક્ષકો દ્વારા પગાર કેન્દ્રમાં આવતી તમામ સ્કૂલોના આચાર્યો શાળાનાં બાળકોને ભોજનદાન કરાવ્યું, તમામ બાળકોને પેન્સિલ પેન આપી શાળામાં ગિફ્ટ આપી તેમણે કર્મભૂમિમાં શિક્ષક તરીકેની ભૂમિકા બજાવીને ખૂબ જ માન સન્માન ઈજ્જત સાથે વિદાય લીધી હતી.

આ કાર્યક્રમમાં સહભાગી બનેલા પગાર કેન્દ્ર શાળાના તમામ આચાર્ય શિક્ષક ભાઈ બહેનો નાના ભૂલકાઓ આનંદની હર્ષભીની લાગણીની સાથે બંને શિક્ષકોને વિદાય આપી હતી બાળકો ખૂબ ભાવવિભોર બન્યા હતા .શાળાના આચાર્ય હરીશભાઈ વાગડીયા, સી.આર.સી. મેહુલભાઈ અન્ય શિક્ષક ભાઈ બહેનોએ શાલ પુષ્પગુચ્છ આપી સન્માનિત કર્યા, ગિફ્ટ આપી વિદાય કર્યા હતા.

આ પ્રસંગે શાબ્દિક લાગણીસભર વાત સંવાદ કર્યો, હંમેશા યાદ કરતા રહીશું જરૂર પડે ત્યારે એકબીજાને મદદ કરીશું તેવા અતૂટ સંબંધો બાંધીને બંને શિક્ષક ભાઈ બહેનોને વિદાય આપી હતી. બંને શિક્ષક ભાઈ બહેનો દ્વારા શાળાના અનુભવો જણાવતા બંને શિક્ષક ભાઈ બેનની આંખમાં આંસુ આવી ગયા જેની લાગણી તમામ શિક્ષક ભાઈ બહેનો અને બાળકોમાં જોવાઈ હતી. બાળકોએ વિદાય ગીતનું ગાન કરી વાતાવરણને લાગણીસભર બનાવ્યું હતું.

# અમદાવાદના ૧૮ વર્ષીય યુવકને દિલ્હીમાં રાષ્ટ્રપતિ હસ્તે બાળ પુરસ્કાર મળ્યો

। અમદાવાદ, તા.૭ ।

અમદાવાદના ૧૮ વર્ષીય દિવ્યાંગ ઓમ જીગ્નેશ વ્યાસે રાષ્ટ્રીય સ્તરે પોતાના પરિવાર સહિત સમગ્ર ગુજરાતનું નામ રોશન કર્યું છે. ડિસેમ્બર મહિનાના અંતમાં વીર બાળ દિવસ નિમિત્તે નવી દિલ્હીમાં આયોજિત સમારંભમાં દેશના વિવિધ રાજ્યમાંથી આવેલા ૧૭ બાળકોને તેમની અસાધારણ સિદ્ધિઓ માટે પ્રધાનમંત્રી રાષ્ટ્રીય બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

જેમાં ગુજરાતના અમદાવાદ શહેરમાં રહેતા દિવ્યાંગ બાળક ઓમ જીગ્નેશ વ્યાસને પણ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે બાળ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. કારણ કે, શારીરિક અને માનસિક રીતે દિવ્યાંગ ઓમ જીગ્નેશ વ્યાસને સુંદરકાંડ અને ભાગવત ગીતા સહિતના ૨૦૦૦થી પણ વધુ શ્લોક કંઠસ્થ છે. તેણે જાતે જ આ સિદ્ધિ ફક્ત શ્લોક સાંભળીને હાંસલ કરી છે. આ સાથે જ વિશેક વર્લ્ડ ઓફ રેકોર્ડની બુકમાં તેનું નામ નોંધાયેલું છે. ઓમ વ્યાસની વિશેષતા વિશે વાત કરીએ તો તે બિલકુલ પણ લખી કે વાંચી શકતો નથી, પરંતુ તેને સુંદરકાંડ તથા ભગવત



ગીતાના શ્લોકો સહિત સંસ્કૃતના ૨૦૦૦થી વધુ શ્લોકો કંઠસ્થ છે. આશ્ચર્યની વાત છે કે, ઓમ માત્ર ભક્તિના ગીતો અને શ્લોકોમાં જ રુચિ ધરાવે છે, આ સિવાય અન્ય કોઈપણ પ્રકારનું મ્યુઝિક અથવા તો હિન્દી ગીતો અને બોલીવુડ ગીતો તથા ગરબામાં તેને રુચિ નથી. તેના માટે મનોરંજનનું સાધન એટલે માત્ર આધ્યાત્મિક ભક્તિ ગીતો છે. ઓમની ઉંમર જેમ જેમ વધતી જાય છે તેમતેમ આધ્યાત્મિક ક્ષેત્ર તેની અભિરુચિ વધતી જાય છે. ઓમને અન્ય કોઈ સ્થળ પર જવા કરતા મંદિરે જવું ખૂબ જ પસંદ છે. ઓમ જ્યારે છ મહિલાનો હતો, ત્યારથી જ તબીબો દ્વારા તેને સેરેબ્રલ પાલ્સી નામની તકલીફ છે, તેમ જણાવવામાં આવ્યું હતું અને ત્યારથી જ તેનું શારીરિક અને માનસિક વિકાસ રૂંધાઈ ગયો હતો.

# મીટર વગર ફરતી રિક્ષાઓને ૫ દિવસમાં ૨૧ લાખથી વધુનો દંડ ફટકારવામાં આવ્યો

। અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા ગત મહિને જાહેર કરવામાં આવ્યું હતું કે ૧ જાન્યુઆરી ૨૦૨૫થી શહેરના રસ્તા ઉપર ફરતી ઓટોરિક્ષામાં ફરજિયાત પણે મીટર લગાવવાનું રહેશે તથા જો કોઈ રિક્ષા ચાલક નિયમનું પાલન નહીં કરે તો તેને દંડ ચૂકવવું પડશે. જેને લઈને ગત એક જાન્યુઆરી ૨૦૨૫ની સાંજથી જ અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ડ્રાઈવનું આયોજન કરીને કાલુપુર રેલવે સ્ટેશન પાસેના વિસ્તારમાં મીટર વગર ફરતી રિક્ષા પકડીને રિક્ષા ચાલકને દંડ કરવામાં આવ્યો હતો. શહેરમાં લગભગ બે લાખથી પણ વધુ ઓટોરિક્ષા ફરે છે. ત્યારે મુસાફરોને વધુ રૂપિયા ન ચૂકવવા પડે અથવા તો તેમની સાથે ભાડાને લઈને કોઈ છેતરપિંડી ન થાય તે માટે અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા ફરજિયાત પણે રિક્ષામાં મીટર લગાવવા સૂચન કરવામાં આવ્યું હતું. તેમ છતાં હજુ પણ કેટલાક રિક્ષાચાલકો મીટર વગર જ ફરતા હોવાથી ટ્રાફિક પોલીસ દ્વારા તેમની સામે લાલ આંખ કરવામાં આવી છે. ગત ૧ જાન્યુઆરી ૨૦૨૫થી શરૂ કરવામાં આવેલી ડ્રાઈવમાં મીટર વગર ચાલતી કુલ ૩,૭૯૫ રિક્ષાની અટકાયત કરીને રિક્ષાચાલકો પાસેથી કુલ રૂ. ૨૧,૦૯,૨૦૦ની દંડની રકમ વસૂલ કરવામાં આવી છે. એટલે કે મીટર વગરની રિક્ષામાંથી ટ્રાફિક પોલીસે લાખોનો દંડ વસૂલ કર્યો છે. તેથી હજુ પણ જો કોઈ રિક્ષાચાલક મીટર વગર રિક્ષા લઈને રસ્તા ઉપર ફરતા જણાશે, તો પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમદાવાદ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા ફક્ત ચાર દિવસમાં જ ૨૧ લાખ રૂપિયા કરતાં વધુ દંડ ફક્ત મીટર વગરની રિક્ષાચાલકો પાસેથી વસૂલ કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૫ની શરૂઆતથી જ ટ્રાફિક પોલીસ દ્વારા ચાલુ કરવામાં આવેલી આ ડ્રાઈવમાં ગત ૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ રિક્ષામાં મીટર ન લગાવવા બાબતે ૧,૧૮૪ કેસ કરવામાં આવ્યા હતા.

# ખારીકટ કેનાલના નાના બ્રિજને તોડી કેનાલના સ્ટ્રકચર બનાવવાની કામગીરી શરૂ

। અમદાવાદ, તા.૭ ।

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી ખારીકટ કેનાલના રિડેવલપમેન્ટની કામગીરી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી રહી છે. નરોડા સ્મશાન પાસે ખારીકટ કેનાલ પર આવેલા નાના બ્રિજને તોડવાની કામગીરી શરૂ કરવામાં આવી હોવાથી નરોડા સ્મશાનથી ગામ તરફનો રોડ બંધ કરવામાં આવ્યો છે. આગામી એક મહિના સુધી સ્મશાનથી ગામ તરફ જવાનો રોડ બંધ હોવાથી નરોડા દહેગામ રોડ પરથી આવતા એસટી, AMTS, BRTS અને અન્ય ભારે વાહનો નરોડા GIDC થઈ ગેલેક્સી ચાર રસ્તાથી ગામ અને પાટીયા તરફ જઈ શકશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂ.૧૨૦૦ કરોડના ખારીકટ કેનાલના રિડેવલપમેન્ટની કામગીરી ચાલી રહી છે. જેમાં ફેઝ ૧ અંતર્ગત નરોડા પાસે કેનાલની કામગીરી શરૂ કરવામાં આવી છે. જેમાં સ્મશાન પાસે આવેલા કેનાલના નાના બ્રિજને તોડી કેનાલના સ્ટ્રકચર બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હોવાના કારણે નરોડા સ્મશાનથી ગામ તરફ જવાનો રોડ બંધ કરી દેવાયો છે. હાલમાં કેનાલને તોડવાની કામગીરી કરવાની હોવાથી પતરા મારી દેવામાં આવ્યા છે. નરોડા-દહેગામ રોડ પરથી રોજના હજારો વાહનચાલકો પસાર થાય છે. ત્યારે તેઓ વૈકલ્પિક રોડ તરીકે નરોડા GIDCથી બ્રિજ તરફ થઈને ગેલેક્સી ચાર રસ્તાનો ઉપયોગ કરી ગામ તરફ જઈ શકશે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. જે લોકો વગર વિચાર્યે પૈસા ખર્ચી રહ્યા છે આજે તેમને પૈસા નું મહત્વ સમજ આવી શકે છે. કેમકે તમને આજે પૈસા ની સખત જરૂર પડી શકે છે પરંતુ તમારી જોડે પર્યાપ્ત ધન નહીં હોય.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. કમિશન, ડિવિડન્ડ અથવા રૉયલ્ટીઝમાંથી તમે લાભ મેળવશો. તમારા નિર્ણયો બાળકો પર થોપવાથી તેઓ નારાજ થશે. એના કરતાં તેમને સમજાવો જેથી જેઓ સમજપૂર્વક તેનો સ્વીકાર કરે.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. વગર આમંત્રિત મહેમાન આજે ઘરે આવી શકે છે પરંતુ આ મહેમાન ના લીધે તમને આર્થિક લાભ થયી શકે છે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. અંગત માર્ગદર્શન તમારા સંબંધોને સુધારશે. તમે જો તમારા કામ પર જ ધ્યાન કેન્દ્રિત કરશો તો સફળતા અને સ્વીકૃતિ તમારા થશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે આજે તમારૂં સ્વાસ્થ્ય નિરામય રહે એવી શક્યતા છે જે તમને સફળતા આપશે. પણ તમારી દ્રઢતાને નુકસાન પહોંચાડે એવી બાબતોને તમારે ટાળવી રહી. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. મિત્રો તથા પરિવારના સભ્યો તમને ઉત્સાહ પૂરો પાડશે. દિવસને ખાસ બનાવવા માટે ઉદારતા તથા પ્રેમ આપો.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. વ્યાજબી રહેવાનો પ્રયાસ કરજો ખાસ કરીને એવા લોકો સાથે જેઓ તમને પ્રેમ કરે છે અને તમારી દરકાર કરે છે. બિનજરૂરી શંકા સંબંધો ને બગાડવા નું કામ કરે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? તમને જે સમયે તમારા મિત્રની જરૂર સૌથી વધારે હશે એ સમયે જ તે તમને નિરાશ કરશે. જો તમે ભાર ક્યાંક ફરવા જાયી રહ્યા હો તો વસ્ત્રો સમજી વિચારી ને પહેરો? જો તમે આવું નહિ કરો તો શક્ય છે કે તમારો પ્રેમી તમારા થી ગુસ્સે થયી જાય.

**તુલા (ર,ત) :**

આજના દિવસે ઘરની ચિંતાઓ તમને બેચેન કરી મુકશે. જો તમે પરિણીત છો તો આજે પોતાના બાળકો નું વિશેષ ખ્યાલ રાખો કેમકે જો તમે આવું નહિ કરો તો તેમની તબિયત બગડી શકે છે અને તમને તેમના સ્વાથ્ય પર તમારે ઘણા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તમારા દિવસનું આયોજન સંભાળપૂર્વક કરજો-મદદ લેવા માટે જેમના પર તમે વિશ્વાસ મુકી શકતા હો એવા લોકો સાથે વાત કરો.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે જીવન તરફ ઉદાર અભિગમ કેળવો. તમે જે પરિસ્થિતિમાં જીવો છો તે વિશે ફરિયાદ કરવાનો અથવા તે અંગે નિરાશ થવાનો કોઈ અર્થ નથી. જો તમારી ધન સંબંધી કોઈ બાબત કોર્ટ કચેરી માં અટવાયેલી હોય તો તે આજે ઉકેલાઈ શકે છે અને તમે વિજયી થયી શકો છો સાથે તમને ધન લાભ થયી શકે છે. તમારામાંના કેટલાક દાગીના અથવા હૉમ એપ્લાયન્સીસની ખરીદી કરશે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે પત્નીના કામકાજમાં ચંચૂપાત કરશો નહીં, કેમ કે તેનાથી તમે તેનો ગુસ્સો નોતરશો.તમારા કામથી કામ રાખો એ જ સારૂં છે. હસ્તક્ષેપ જેટલો ઓછો એટલું સારૂં અન્યથા તેનાથી પરાધીનતા આવી શકે છે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. મિત્રો તથા જીવનસાથી આરામ તથા ખુશીઓ લાવશે, એ સિવાય નિસ્તેજ અને દોડધામભર્યો દિવસ.

**મકર (ખ,જ) :**

આજના દિવસે હસતા રહો કેમ કે એ તમારી તમામ સમસ્યાનું મારણ છે. કાર્યક્ષેત્ર અથવા વેપાર માં તમારી કોઈ બેદરકારી તમને આજે નુકસાન કરાવી શકે છે. દિવસના ઉત્તરાર્ધમાં અણધાર્યા સારા સમાચાર ખુશી લાવશે તથા આખા પરિવારો ઉત્સાહ વધારશે. તમારા પ્રિયપાત્ર અથવા જીવનસાથી સાથે સારો સંવાદ અથવા તેમના તરફથી સારો સંદેશ આજે તમારૂં મનોબળ વધારશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. તમારૂં જિદ્દી વલણ ઘરના લોકોને તથા તમારા નિકટના મિત્રોને આહત કરશે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે. સખત મહેનત અને ધીરજ દ્વારા તમે તમારા ધ્યેયની પ્રાપ્તિ કરશો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. તમારા સંતાનો માટે યોજનાઓ ઘડવા માટે અદભુત દિવસ. ગર્લફ્રેન્ડ કદાચ તમને છેતરશે.

## ન્યૂઝ બ્રિફ

### નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં GDP 6.4 ટકા રહેવાનો અંદાજ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

બજેટ પહેલા અર્થતંત્ર માટે માઠા સમાચાર આવ્યા છે. ચાલુ નાણાકીય વર્ષ (૨૦૨૪-૨૦૨૫)માં દેશનો ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) વૃદ્ધિ દર ૬.૪% રહેવાનો અંદાજ છે. ગત નાણાકીય વર્ષમાં દેશની અર્થવ્યવસ્થા ૮.૨%ના દરે વૃદ્ધિ પામી હતી. ૭ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ જાહેર કરાયેલા સરકારી આંકડામાં આ જાણકારી આપવામાં આવી છે. નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (NSO)એ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે રાષ્ટ્રીય આવકનો અંદાજ જાહેર કરતા કહ્યું કે, વાસ્તવિક GDP આ નાણાકીય વર્ષમાં ૬.૪ ટકાના દરે વધવાનો અંદાજ છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે GDP વૃદ્ધિનો કામચલાઉ અંદાજ ૮.૨ ટકા રહેવાની વાત કહેવામાં આવી હતી. NSOનો ચાલુ નાણાકીય વર્ષ માટેનો GDP વૃદ્ધિનો અંદાજ ભારતીય રિઝર્વ બેંકના અંદાજ કરતાં ઓછો છે. RBIએ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં GDP ૬.૬%ના દરે વધવાનો અંદાજ લગાવ્યો છે. જો આપણે પહેલા ત્રિમાસિકની વાત કરીએ તો દેશનો વિકાસ દર ૬.૭% હતો. જ્યારે બીજા ક્વાર્ટરમાં આ વૃદ્ધિ ઘટીને ૫.૪ ટકા રહી હતી. જેની કોઈને પણ અપેક્ષા નહોતી. ત્રીજા ક્વાર્ટરમાં વૃદ્ધિ દર વધવાની ધારણા હોવા છતાં, તે મૂળ અંદાજ કરતાં નબળો રહેવાની ધારણા છે. RBI એ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં ૬.૬%ના દરે GDP વૃદ્ધિનો અંદાજ મૂક્યો છે.બીજી તરફ અન્ય સંસ્થાઓએ પણ ભારતનો GDP ૭%થી નીચે રહેવાનો અંદાજ મૂક્યો છે. મહત્ત્વની વાત એ છે કે, દેશનું બજેટ પહેલી ફેબ્રુઆરીએ આવવાનું છે. આ સ્થિતિમાં NSOનો આ અંદાજ ખૂબ જ મહત્ત્વનો છે.

### ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં આસિસ્ટન્ટ પ્રોફેસર બનવા માટે UGC NET પરીક્ષાની જરૂર નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

હવે ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં આસિસ્ટન્ટ પ્રોફેસર બનવા માટે UGC નેટની પરીક્ષા પાસ કરવાની જરૂર રહેશે નહીં. કેન્દ્રીય શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓ એટલે કે HEIs માં ફેકલ્ટીની ભરતી અને પ્રમોશન માટે ડ્રાફ્ટ UGC માર્ગદર્શિકા બહાર પાડી છે. આ મુજબ, આસિસ્ટન્ટ પ્રોફેસરની ભરતી માટે વિષયમાં NET લાયક હોવું જરૂરી નથી. ડ્રાફ્ટ માર્ગદર્શિકા યુજીસીની સત્તાવાર વેબસાઈટ પર જાહેર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા ઉદ્યોગ નિષ્ણાતો અને હિતધારકો પાસેથી પ્રતિસાદ અને સૂચનો લીધા પછી અમલમાં મૂકવામાં આવશે. UGC ૫ ફેબ્રુઆરી પછી માર્ગદર્શિકા લાગુ કરી શકે છે. હાલમાં લાગુ UGC માર્ગદર્શિકા ૨૦૧૮ મુજબ, સહાયક પ્રોફેસરની ભરતી માટે, ઉમેદવાર માટે તે જ વિષયમાં NET લાયકાત ધરાવતા હોવા જરૂરી હતું જેમાં તેણે પોસ્ટ ગ્રેજ્યુએટ (PG) કર્યું છે. નવી માર્ગદર્શિકામાં, ઉમેદવારોને પીજી સિવાયના અન્ય વિષયોમાંથી નેટ કરવાની સ્વતંત્રતા છે. ઉપરાંત, NET વિના, જે ઉમેદવારોએ સીધા Ph.D કર્યું છે તેઓ પણ મદદનીશ પ્રોફેસરની ભરતી માટે અરજી કરી શકશે. ડ્રાફ્ટ માર્ગદર્શિકા અનુસાર, હવે ઉચ્ચ શિક્ષણ સંસ્થાનમાં વાઈસ ચાન્સેલર બનવા માટે ૧૦ વર્ષનો અધ્યાપન અનુભવ હોવો જરૂરી રહેશે નહીં.

# અમેરિકામાં આકરી બરફવર્ષાથી ૩૦ જેટલાં રાજ્યોમાં જનજીવન અસ્તવ્યસ્ત

**દોઢ ફૂટ સુધીના વિક્રમી હિમવર્ષાથી તાપમાન સામાન્યથી સાતથી ૧૪ ડિગ્રી સેલ્સિયસ નીચે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।



અમેરિકામાં ભારે હિમવર્ષા, પવનને કારણે આકરી ઠંડી પડી રહી છે. જેની અસર અમેરિકાના મધ્ય અને ઉત્તર ભાગોમાં વધુ થઈ છે. જેને કારણે અનેક રાજ્યોમાં સ્કૂલો અને સરકારી ઓફિસોને બંધ રાખવાની ફરજ પડી છે. ૩૦ જેટલા રાજ્યોના ૧૦ કરોડથી વધુ લોકો આકરી ઠંડીના ઓથાર હેઠળ છે. ૧,૪૦૦થી વધુ ફ્લાઈટ્સ રદ કરાઈ છે. ૭૪૦ વિમાનોની મુસાફરી વિલંબમાં મુકાઈ હતી. ૨૦૦૦થી વધુ વાહનો વિવિધ વિસ્તારોમાં ફસાયેલા છે. કેન્સાસ, પશ્ચિમ નેબ્રાસ્કા અને ઈન્ડિયાનાના કેટલાક ભાગોમાં બરફના કારણે મુખ્ય રસ્તાઓ ઢંકાઈ ગયા હતા, જ્યાં રાજ્યોના નેશનલ ગાર્ડને ફસાયેલા વાહનચાલકોને મદદ કરવા સક્રિય કરવામાં આવ્યા હતા. કેન્ટુકી, ઈન્ડિયાના, વર્જિનિયા, વેસ્ટ વર્જિનિયા, ઈલિનોઈસ અને મિસૌરીમાં લાખો લોકો વીજળી કાપને કારણે અંધારપટમાં છે. નેશનલ વેધર સર્વિસે કન્સાસ અને મિસૌરી માટે સ્ટોર્મ વોર્નિંગ્સ જારી કર્યું છે. ન્યૂ જર્સીમાં આકરી ઠંડીને કારણે એલર્ટ છે. હિમવર્ષા એટલી વધી થઈ રહી છે કે છેલ્લાં ૧૦ વર્ષનો રેકોર્ડ તૂટી જાય તેવી સંભાવના છે. બે-તૃતીયાંશ અમેરિકામાં ખતરનાક, હાડ થીજવતી ઠંડી પડી રહી છે. તાપમાન સામાન્યથી ૭થી ૧૪ ડિગ્રી સેલ્સિયસ નીચે પહોંચ્યું છે. ઉત્તર-પૂર્વના રાજ્યોમાં અનેક દિવસો સુધી આકરી ઠંડી રહેવાની આગાહી હવામાન વિભાગે કરી છે. ઈન્ડિયાના, વર્જિનિયા, કેન્ટુકી, મિસોરી અને કન્સાસમાં સ્કૂલો બંધ કરવાની જાહેરાત કરાઈ છે. મેરિલેન્ડમાં પણ વર્ગો રદ કરાયા છે. સરકારી ઓફિસો પણ બંધ રાખવાની જાહેરાત કરાઈ છે. માત્ર મિસૌરીમાં જ ૬૦૦થી વધુ વાહનો ફસાયા છે. વર્જિનિયા, ઈન્ડિયાના, કન્સાસ અને કેન્ટુકીમાં સૈંકડો કાર અકસ્માત સર્જાયા છે. જોકે ચાર લોકોના મૃત્યુના અહેવાલ છે. કેન્ટુકીમાં સોમવારે સરકારી ઈમારતો બંધ રાખવાની જાહેરાત કરાઈ છે. વર્જિનિયા સહિત અનેક રાજ્યોમાં ભારે હિમવર્ષાને કારણે બરફના થર જામી ગયા છે. સત્તાવાળાઓએ લોકોને ઘરોમાં જ રહેવાની વિનંતિ કરી છે. ઈન્ડિયાનામાં ઈન્ટરસ્ટેટ ૬૪, ઈન્ટરસ્ટેટ ૬૯ અને અમેરિકા રૂટ ૪૧ના અનેક ભાગોમાં બરફ છવાયેલા છે. કન્સાસના ટોપેકામાં આશરે ડોઢ ફુટ બરફના થર જામી ગયા છે. કન્સાસ સિટી ઈન્ટરનેશનલ એરપોર્ટમાં ૧૧ ઈંચ જેટલી વિક્રમી બરફવર્ષા થઈ છે. કેન્ટુકીમાં આઠ ઈંચ જેટલો વરસાદ થયો છે. એટલાન્ટિકમાં ૧૨ ઈંચ સુધીની હિમવર્ષાને કારણે જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. બરફના તોફાનમાં અનેક ટ્રેનો રદ કરાઈ છે. ૧,૪૦૦ ફ્લાઈટ્સ રદ કરાઈ છે.

**વિદ્યાર્થીઓ માટે કરી રહ્યા હતા આંદોલન**

## પ્રશાંત કિશોરની તબિયત લથડી, હોસ્પિટલમાં દાખલ

। (એજન્સી) પટણા, તા.૭ ।



બિહારના પટણામાં બીજી જાન્યુઆરીએ સાંજે ૫ વાગ્યાથી જન સૂરજ પાર્ટીના વડા અને પૂર્વ ચૂંટણી વ્યૂહ નીતિકાર પ્રશાંત કિશોર આમરણાંત ઉપવાસ પર છે. આ દરમિયાન તેમની તબિયત સોમવારે મોડી રાત્રે (છઠ્ઠી જાન્યુઆરી) બગડી હતી. ત્યારે મંગળવારે (સાતમી જાન્યુઆરી) સવારે મેડિકલ ટીમ તેમના ઘરે પહોંચી. તપાસ બાદ તેને એડમિટ કરવાની સલાહ આપવામાં આવી હતી. હાલ તેમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. અહેવાલો અનુસાર, જન સૂરજ પાર્ટીના વડા પ્રશાંત કિશોર નબળાઈ અને ડિહાઈડ્રેશનને કારણે સમસ્યાનો સામનો કરી રહ્યા છે. તેમની સંપૂર્ણ આરોગ્ય તપાસ હૉસ્પિટલમાં કરવામાં આવશે. હૉસ્પિટલ જતાં પહેલાં તેમણે જણાવ્યું હતું કે, 'મારી તબિયત ખરાબ હોવા છતાં મારો આમરણાંત ઉપવાસ ચાલુ રહેશે.'બિહાર પબ્લિક સર્વિસ કમિશનની ૭૦મી પ્રિલિમ્સ પરીક્ષા રદ કરવાની માંગ સાથે ઉપવાસ પર બેઠેલા પ્રશાંત કિશોરને સોમવારે (છઠ્ઠી જાન્યુઆરી) વહેલી સવારે ચાર વાગ્યે પટણા પોલીસ દ્વારા ધરણાં સ્થળ પરથી બળજબરીથી ઉપાડી લેવામાં આવ્યા હતા અને અટકાયત કરવામાં આવી હતી.

**મહિલાઓ, બાળકો, વૃદ્ધો અને બીમાર નાગરિકોને છોડશે**

## હમાસે ઈઝરાયેલના ૩૪ બંધકોને મુક્ત કરવાની તૈયારી દર્શાવી

। (એજન્સી) તેલઅવીવ, તા.૭ ।



ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના યુદ્ધમાં હવે શાંતિના સંકેત દેખાઈ રહ્યા છે. આ અંતર્ગત પહેલીવાર હમાસે ઈઝરાયેલના બંધકોને છોડવા માટેની તૈયારી દર્શાવી છે. હમાસ પ્રથમ તબક્કામાં ૩૪ બંધકોને મુક્ત કરશે. એમાં તમામ મહિલાઓ, બાળકો, વૃદ્ધો અને બીમાર કેદીઓ સામેલ છે. આમાં જીવતા કે મરી ચૂકેલાં બંધકોનો સમાવેશ કરાશે. હમાસના એક સભ્યે જણાવ્યું કે, બંધકોને મુક્ત કરવા માટે લાંબા સમયથી વાતચીત ચાલી રહી હતી. ઈઝરાયેલે બંધકોની એક યાદી પણ મોકલી હતી. જોકે, આ પ્રક્રિયામાં હમાસને એક સપ્તાહનો સમય લાગશે. આ દરમિયાન કિડનેપર્સ જીવતા અને મૃત કેદીઓની ઓળખ કરાશે.ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂની ઓફિસના કહેવા પ્રમાણે, અત્યારે તો હમાસે મુક્ત કરવામાં આવનાર બંધકોની યાદી મોકલી નથી. ઉલ્લેખનીય છે કે, સાતમી ઓક્ટોબર ૨૦૨૩એ હમાસે ગાઝા બોર્ડરની પાસેના કેટલાક ઈઝરાયેલના વિસ્તારોમાં હુમલો કરીને ૨૫૪ લોકોને બંધક બનાવી લીધા હતા. હમણા સુધી કુલ ૧૫૦થી વધુ બંધકોને છોડવામાં આવ્યા છે, જ્યારે હજુ પણ ૧૦૦ જેટલા બંધકો હમાસની કેદમાં છે. ઈઝરાયેલની સેનાએ ૩૪ બંધકો માર્યા ગયા હોવાની પુષ્ટિ કરી છે.

**કોર્ટે RSS, VHPના કાર્યકરોની હત્યાના કેસમાં પાંચ દોષિતોની અપીલ ફગાવી**

## ફોજદારી ન્યાયપ્રણાલિનો હેતુ સામાજિક સ્થિરતાનું રક્ષણ કરવાનો : સુપ્રીમ કોર્ટ



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે, અપરાધથી સમાજમાં ડરનો માહોલ ફેલાય છે અને આવી સ્થિતિ લાંબા સમય સુધી ચાલે તો ન્યાયસંગત નથી. દરેક સભ્ય સમાજમાં ફોજદારી ન્યાય વ્યવસ્થાનો હેતુ વ્યક્તિગત સ્વાભિમાનનું રક્ષણ કરવાનો તેમજ સામાજિક સ્થિરતા અને વ્યવસ્થાને સ્થાપ વાનો છે.જજ સુધાંશુ ધુલિયા અને પી બી વરાલેની બેન્ચે જણાવ્યું હતું કે, "અપરાધથી સમાજમાં ડરની લાગણી ફેલાય છે. સમાજના અંતઃ કરણ પર તેની પ્રતિકૂળ અસર થાય છે. આવી સ્થિતિને સમાજમાં લાંબો સમય ચાલવા અને વધવા દેવાય તો તે ન્યાયસંગત નથી. કોર્ટ્સનું કામ આવા કેસમાં આરોપી તેમજ દેશ કે સમાજના હિત વચ્ચે સંતુલન સાધવાનું છે." સુપ્રીમ કોર્ટની બેન્ચે ૨૦૦૨ના હત્યા કેસમાં પાંચ દોષિતોની અપીલ ફગાવતી વખતે આવી ટિપ્પણી કરી હતી. દોષિતોના વકીલે તપાસ અહેવાલ યોગ્ય રીતે તૈયાર નહીં કરાયો હોવાની દલીલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, "રાજકીય દુશ્મનાવટને કારણે આરોપીઓને ફસાવવા સાક્ષીઓએ 'પોપટની જેમ' નિવેદન આપ્યા હતા." સાક્ષીઓના નિવેદનમાં સાતત્ય નહીં હોવા છતાં કોર્ટે તેમની જુબાની ભરોસાપાત્ર નહીં હોવાનું માનવાનો ઈનકાર કર્યો હતો. બેન્ચે જણાવ્યું હતું કે, "સુજિશનો મૃતદેહ અન્ય પીડિત સુનિલના મૃતદેહથી થોડા દૂરના સ્થળે મળ્યો હોવાના એક માત્ર પરિબળને માનીને ફરિયાદીને સમગ્ર કેસને રદ કરી શકાય નહીં."કેસની વિગત અનુસાર આરએસએસ અને વીએચપીએ ૧ માર્ચ, ૨૦૦૨ના રોજ બંધ એલાન આપ્યું હતું. જેમાં સીપીઆઈ(એમ) અને આરએસએસના કાર્યકરો વચ્ચે હિંસક અથડામણો થઈ હતી. સીપીઆઈ (એમ)ના ટોળાથી ગભરાઈ આરએસએસ અને વીએચપીના ૧૧ લોકોનું જૂથ સંતાઈ ગયું હતું, પણ તેમાંથી બે વ્યક્તિ પર હુમલો કરી હત્યા કરાઈ હતી.

**છેતરપિંડી કેસમાં SBI જવાબદાર ઠેરવી**

## બેન્કો ગ્રાહકોને અનધિકૃત વ્યવહારોથી બચાવવાની જવાબદારીમાંથી છટકી ના શકે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

સુપ્રીમ કોર્ટે તાજેતરમાં સ્પષ્ટ કર્યું છે કે બેન્કો તેમના ગ્રાહકોને તેમના ખાતામાંથી થતા અનધિકૃત વ્યવહારોથી બચાવવાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. કોર્ટે એમ પણ કહ્યું હતું કે ખાતા ધારકોએ પણ સાવચેત રહેવું જોઈએ અને ખાતરી કરવી જોઈએ કે OTP જેવી સંવેદનશીલ માહિતી કોઈપણ ત્રીજાપક્ષ સાથે શેર કરવામાં ન આવે. સ્ટેટ બેન્ક ઓફ ઈન્ડિયા (SBI) વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી અરજીની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આ નિર્ણય આપ્યો હતો. આ કિસ્સામાં, SBIના ગ્રાહકના ખાતામાંથી રૂ. ૯૪,૨૦૪.૮૦ના અનધિકૃત વ્યવહારો નોંધાયા હતા. સુપ્રીમ કોર્ટે SBIને આ ટ્રાન્ઝેક્શનની જવાબદારી લેવાનો નિર્દેશ આપ્યો હતો અને બેન્કોને સલાહ આપી હતી કે તેઓ ગ્રાહકોની સુરક્ષા સુનિશ્ચિત કરવા નવી ટેકનોલોજી અપનાવે.રિપોર્ટ અનુસાર, આ મામલો ત્યારે સામે આવ્યો જ્યારે એક ગ્રાહકે ઓનલાઈન શોપિંગ કર્યા બાદ પોતાનો સામાન પરત કરવાનો પ્રયાસ કર્યો હતો.

ગ્રાહકને રિટેલરના કસ્ટમર કેરના નામે છેતરપિંડી કરનારનો ફોન આવ્યો. છેતરપિંડી કરનારે ગ્રાહકને મોબાઈલ એપ ડાઉનલોડ કરવાનું કહ્યું, જેના પગલે ગ્રાહકના ખાતામાં અનધિકૃત વ્યવહારો થયાં હતાં. ગ્રાહકે દાવો કર્યો હતો કે તેણે ક્યારેય થર્ડ પાર્ટી સાથે OTP કે M-PIN શેર કર્યો નથી. પરંતુ SBIએ તેની જવાબદારી સ્વીકારવાથી ઈનકાર કર્યો અને કહ્યું હતું કે ગ્રાહકો દ્વારા OTP અને M-PIN શેર કરવાને કારણે ટ્રાન્ઝેક્શન અધિકૃત કરવામાં આવ્યું હતું.આ મામલામાં પહેલા ગૌહાટી હાઈકોર્ટે એસબીઆઈને સમગ્ર રકમ ગ્રાહકને પરત કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)ના ૬ જુલાઈ, ૨૦૧૭ના પરિપત્રને ટાંક્યો હતો, જે જોગવાઈ કરે છે કે જો કોઈ થર્ડ પાર્ટી દ્વારા ડેટા ચોરીને કારણે અનધિકૃત વ્યવહાર થાય છે અને ગ્રાહક તરત જ તેની જાણ કરે છે, તો તેના પક્ષે થયેલી બેદરકારી ગણાશે નહીં. SBIએ હાઈકોર્ટના આ નિર્ણયને પડકાર્યો હતો. અને સુપ્રીમ કોર્ટમાં અપીલ કરી હતી. પરંતુ સુપ્રીમ કોર્ટે તેને ફગાવી દીધી હતી. કોર્ટે સ્વીકાર્યું હતું કે ગ્રાહકે ૨૪ કલાકની અંદર છેતરપિંડીની ઘટના વિશે બેંકને જાણ કરી હતી. કોર્ટે તેના ચુકાદામાં જણાવ્યું હતું કે બેંકે જાગ્રત રહેવું જોઈએ અને અનધિકૃત વ્યવહારોને રોકવા માટે ઉપલબ્ધ શ્રેષ્ઠ ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઈએ.

**એચએમપીવીનો નવો સ્ટ્રેન મળી આવ્યો**

## દેશના વધુ એક રાજ્યમાં HMPVની એન્ટ્રી જોવા મળી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતમાં એચએમપીવીનો નવો સ્ટ્રેન મળી આવ્યો છે. કર્ણાટક, તમિલનાડુ, ગુજરાત પછી હવે મહારાષ્ટ્રમાં પણ આના કેસ નોંધાયા છે. નાગપુરમાં એચએમપીવીના બે શંકાસ્પદ દર્દીઓની ઓળખ કરવામાં આવી છે. તેઓ ૭ અને ૧૩ વર્ષના હોવાનું કહેવાય છે.આરોગ્ય વિભાગના નાયબ નિયામક શશીકાંત સૌંદકરે જણાવ્યું હતું કે ખાનગી હોસ્પિટલમાં બાળકોનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. બંને દર્દીઓને સાજા થયા બાદ ઘરે મોકલી દેવામાં આવ્યા છે. હવે આ બે શંકાસ્પદ દર્દીઓના અહેવાલો તપાસ માટે એઈમ્સ, નાગપુર મોકલવામાં આવ્યા છે.ભારતમાં એચએમપીવી ના ત્રણ કેસ પહેલેથી જ મળી આવ્યા છે. બેંગલુરુમાં બે અને અમદાવાદમાં એક કેસ નોંધાયો છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (ICMR) એ આ વાતની પુષ્ટિ કરી છે. તમિલનાડુમાં પણ બે શંકાસ્પદ કેસ નોંધાયા છે. દેશભરમાં શ્વસન રોગોનું નિરીક્ષણ કરવા માટે ચાલી રહેલા સર્વેલન્સ પ્રયાસોના ભાગરૂપે આ કેસો મળી આવ્યા હતા. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે. પી. નડ્ડાએ સોમવારે કહ્યું હતું કે, અમે સ્થિતિ પર નજર રાખી રહ્યા છીએ. આ કોઈ નવો વાયરસ નથી. તેની ઓળખ ૨૦૦૧માં જ થઈ હતી.

## વિશેષ

**જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, અમદાવાદ-ગ્રામ્ય દ્વારા 'સ્ટાર્ટઅપ બ્રેઈનસ્ટોર્મીંગ વર્કશોપ' યોજાયો**

# અમદાવાદ-ગ્રામ્ય અને શહેરની કુલ ૩૬ શાળાના વિદ્યાર્થીઓ, નોડલ શિક્ષકો, નોડલ અધિકારીશ્રીઓ સહીત ૧૨૦ લોકોએ વર્કશોપમાં ભાગ લીધો

। (માહિતી) અમદાવાદ ।







રાજ્ય સરકાર દ્વારા શાળા અને કોલેજોમાં ઉદ્યમિતાને પ્રોત્સાહન આપ વા માટે Student Start-up and Innovation Policy SSIP 2.0 (2022-27) જાહેર કરવામાં આવેલ છે. આ યોજનાનો લાભ વિદ્યાર્થીઓ કેવી રીતે લઈ શકે તે માટે રાજ્ય સરકારના શિક્ષણ વિભાગની પ્રેરણાથી નિયામકશ્રી શાળાઓની કચેરી, ગાંધીનગર દ્વારા તારીખ ૭ થી ૧૦ જાન્યુઆરી દરમિયાન કુલ ચાર દિવસ ચાર અલગ સ્થળોએ એક દિવસીય 'સ્ટાર્ટઅપ બ્રેઈનસ્ટોર્મીંગ વર્કશોપ'નું આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત પહેલો વર્કશોપ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ-ગ્રામ્યના યજમાન પદે યોજવામાં આવ્યો હતો. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ-ગ્રામ્ય તેમજ અમદાવાદ-શહેરની કુલ ૩૬ શાળાના ૫૩ વિદ્યાર્થીઓ, ૩૬ નોડલ શિક્ષકો અને અન્ય ૧૫ જિલ્લામાંથી આ આયોજનનો પ્રત્યક્ષ અનુભવ લેવા માટે આવેલ ૧૫ નોડલ અધિકારીશ્રીઓ સહીત કુલ ૧૨૦ લોકો આ વર્કશોપમાં જોડાયા હતા. આ 'સ્ટાર્ટઅપ બ્રેઈનસ્ટોર્મીંગ વર્કશોપ'માં જોડાયેલ વિદ્યાર્થીઓએ પોતે વિજ્ઞાન-ગણિત પ્રદર્શન તેમજ ઈન્સ્પાયર ઈનોવેશન અંતર્ગત રજૂ કરેલ પ્રોજેક્ટસ પર બ્રેઈન સ્ટોર્મિંગ કર્યું હતું. આ વર્કશોપનું સંપૂર્ણ સંચાલન શ્રી અંકિતભાઈ ઠાકોર, સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ એડવાઈઝર, સ્કૂલ PMU દ્વારા કરવામાં આવ્યું હતું. વર્કશોપની ફળશ્રુતિ રૂપે વિદ્યાર્થીઓ પોતાના ઈનોવેટીવ વિચારોને ઓનલાઈન પોર્ટલ પર કેવી રીતે અપલોડ કરી શકે તેની વિગતવાર પ્રેક્ટીકલ સમજૂતી પણ આપવામાં આવી હતી. વધુમાં, વિદ્યાર્થીઓએ જાતે પ્રાયોગિક ધોરણે આ સમગ્ર પ્રક્રિયા પણ કરી હતી. અમદાવાદ-ગ્રામ્ય જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કૃપાબહેન જહાએ સમાપન વક્તવ્યમાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું 'વિકસિત ભારત'નું સ્વપ્ન સાકાર કરવામાં સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન ચાવીરૂપ ભૂમિકા ભજવનાર છે. રાજ્ય સરકાર દ્વારા સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યોજનાને પ્રત્યેક વિદ્યાર્થીઓ સુધી પહોંચાડવામાં આવા વર્કશોપ અને અન્ય કાર્યક્રમો મહત્વનો ભાગ ભજવશે.

### અમદાવાદમાં તારીખ ૧૧ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી દરમિયાન 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ – ૨૦૨૫' યોજાશે

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રવાસન મંત્રી મૂળૂભાઇ બેરા તેમજ અન્ય અતિથિગણની ઉપસ્થિતિમાં ૧૧ જાન્યુઆરી એ અમદાવાદથી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ – ૨૦૨૫'નો પ્રારંભ થશે

। અમદાવાદ, તા.૭ ।

રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસને વેગ આપવા તેમજ વધુને વધુ પ્રવાસીઓ રાજ્યની મુલાકાત લે અને રાજ્યના સ્થાનિક મેળાઓ-ઉત્સવો લોકોમાં વધુ પ્રચલિત બને તે માટે રાજ્યના પ્રવાસન વિભાગે મેળાઓ અને ઉત્સવોના આયોજન થકી રાજ્યની કલાસંસ્કૃતિ, હસ્તકલા, સ્થાપત્ય, ધાર્મિક અને જોવાલાયક સ્થળોને લોકભોગ્ય બનાવવામાં આવ્યા છે. ગુજરાતમાં ઉત્તરાયણ એટલે કે મકરસંક્રાંતિના તહેવારનું આગવું મહત્વ છે. સમગ્ર રાજ્યના પતંગ રસિયાઓ રંગબેરંગી પતંગો હવામાં ઉડાડીને ઉત્તરાયણનો તહેવાર ઉજવે છે. ગુજરાતની ઉત્તરાયણને વૈશ્વિક સ્તરે પ્રસિદ્ધ બનાવવા અને દેશ દુનિયાના પતંગબાજોને રાજ્યમાં પતંગ ઉડાવવા માટે આમંત્રિત કરવા માટે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'નું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. લોકસંસ્કૃતિ, કલા કારીગરી અને પ્રવાસન ક્ષેત્રની પ્રસિદ્ધિના ભાગરૂપે 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ' અગત્યની ભૂમિકા ભજવે છે. શરૂઆતના વર્ષોમાં ફક્ત અમદાવાદ શહેર ખાતે યોજાતો પતંગ મહોત્સવ હવે રાજ્યના વિવિધ જિલ્લાઓમાં પણ આયોજિત કરવામાં આવે છે.

આ વર્ષે તારીખ ૧૧ જાન્યુઆરી થી ૧૪ જાન્યુઆરી દરમિયાન ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનો ઉદ્‌ઘાટન સમારંભ ૧૧ જાન્યુઆરીના રોજ સવારે ૯ વાગ્યે અમદાવાદમાં વલ્લભસદન રિવરફ્રન્ટ ખાતે યોજાશે.

અમદાવાદમાં આયોજિત આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫ના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રવાસન મંત્રી શ્રી મૂળૂભાઈ બેરા તેમજ અન્ય અતિથિગણ ઉપસ્થિત રહેશે. રાજ્યના વિવિધ જિલ્લાઓની વાત કરીએ તો,



૧૨ જાન્યુઆરી ૨૦૨૫ના રોજ સ્ટેચ્યૂ ઓફ યુનિટી (એકતા નગર), રાજકોટ તથા વડોદરા ખાતે તેમજ ૧૩ જાન્યુઆરીના રોજ સુરત, શિવરાજપુર, ધોરડો ખાતે પણ 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ - ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં ૪૭ દેશોમાંથી ૧૪૩ પતંગબાજો અને ભારતના અન્ય ૧૧ રાજયો માંથી ૫૨ (બાવન) જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. આ ઉપરાંત ગુજરાત રાજ્યમાંથી પણ ૧૧ જેટલા શહેરોમાંથી ૪૧૭ જેટલા પતંગબાજો ભાગ લઈ રહ્યા છે. આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવના ઉદઘાટન પ્રસંગના મુખ્ય આકર્ષણો આ મુજબના રહેશે. ઉદઘાટન પ્રસંગે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારબાદ ઋષિકુમારો દ્વારા આદિત્ય સ્તુતિ વંદના પાઠ થશે. એટલું જ નહીં, આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પતંગબાજો દ્વારા પરેડ પણ આયોજીત કરવામાં આવી છે. આ ઉપરાંત નાઈટ કાઈટ ફાઈલિંગ, સાંજે સાંસ્કૃતિક કાર્યક્રમ, પતંગ વર્કશોપ, હેન્ડીક્રાફ્ટ સ્ટોલ, રિફ્રેશમેન્ટ સ્ટોલ પણ મુલાકાતીઓ માટે રાખવામાં આવ્યા છે. 'આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ'ના આયોજન થકી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે રાજ્યના વિવિધ પ્રવાસન સ્થળો પ્રમોટ થાય છે, જેના થકી પ્રવાસીઓની સંખ્યામાં વધારો થયો છે. દેશ વિદેશમાંથી ગુજરાત આવતા પતંગબાજો અને તેમની અવનવા આકારોવાળી રંગબેરંગી પતંગો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું મુખ્ય આકર્ષણ હોય છે. અત્રે ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ઉત્સવોને જનભાગીદારીથી જનઉત્સવ તરીકે ઉજવવવાની શરૂ કરેલી પરંપરાને આપણે આગળ ધપાવતા રણોત્સવ, તાનારીરી મહોત્સવ, મોઢેરા સૂર્યમંદિરમાં ઉત્તરાર્ધ મહોત્સવ તેમજ સોમનાથ અને દ્વારકાના પવિત્ર યાત્રાધામોમાં પ્રવાસન ઉત્સવ અને દાંડીમાં નેશનલ સોલ્ટ મેમોરીયલ, ગાંધી આશ્રમ વગેરેને ઉત્સવ ઉજવણી અને પ્રવાસન સાથે જોડીને નવો ઉત્સાહ-ઉમંગ-થનગનાટ તથા નવી ચેતના ઉજાગર કરી છે. આવા ઉત્સવોની ઉજવણીની આપણી પરંપરાને કારણે પ્રવાસન વિકસ્યું છે.

સૂર્યના ઉત્તર તરફના પ્રયાણ ઉત્તરાયણના પર્વને પર્યાવરણ પ્રકૃતિની ઉપાસનાના સંસ્કાર વારસા સાથે પતંગોત્સવના માધ્યમથી આગળ ધપાવવામાં આવી રહી છે. આવા ઉત્સવોને લીધે જ ગુજરાતની સંસ્કૃતિ અને પ્રવાસન વિરાસત વિશ્વભરમાં પ્રખ્યાત થઈ છે.

## અમરેલી લેટર કાંડથી વ્યથિત થયેલા ગોપાલ ઈટાલીયાએ આત્માને જગાડવા ખુદ પટ્ટા માર્યા

। (એજન્સી) સુરત, તા.૭ ।

અમરેલી લેટરકાંડમાં પાટીદાર દીકરી સાથે કરવામાં આવેલા વર્તનથી આમ આદમી પાર્ટીના ગોપાલ ઈટાલીયાએ આત્માને જગાડવા ખુદ પટ્ટા માર્યા હતા. સુરતના પાટીદાર બહુમતીવાળા એવા વરાછા વિસ્તારમાં ગોપાલ ઈટાલીયાએ જનસભા યોજી હતી અને અમરેલીની ઘટનામાં દીકરીને ન્યાય ન અપાવી શક્યા એ બદલ માફી માંગી હતી. આ ઉપરાંત ગુજરાતના લોકોનો આત્મા જગાડવા માટે જનસભા સંબોધતા સમયે જ સ્ટેજ પરથી પોતાને પટ્ટા માર્યા હતા. ગુજરાતમાં બનતી અનેક ઘટનામાં ન્યાય ન અપાવી શક્યાનું જણાવી ગોપાલ ઈટાલિયાએ માફી માંગવા સાથે સ્ટેજ પર પોતાને પટ્ટા મારીને આશ્ચર્યજનક કાર્યક્રમ આપ્યો હતો તે ચર્ચાનો વિષય બન્યો હતો. સુરતના વરાછા વિસ્તારમાં આપ દ્વારા એક સભાનું આયોજન કરવામા આવ્યું હતું જેમાં આપના નેતા ગોપાલ ઈટાલીયાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં અનેક ઘટના બની છે તેમાં તેઓ લોકોને ન્યાય અપાવી શક્યા નથી તેથી લોકોની માફી માંગીને લોકોના આત્માને જગાડવા માટે સ્ટેજ પરથી પોતાને પટ્ટા મારી રહ્યો છું. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં લઠ્ઠાકાંડ, જસદણ બળાત્કાર, મોરબીકાંડ, અગ્નિકાંડ, સરઘસકાંડ, હરણી બોટકાંડ, પેપરલીક કાંડ જેવી અનેક ઘટનાઓ સામે ગોપાલ ઈટાલિયા લડાઈ લડ્યા પરંતુ ન્યાય ન અપાવી શક્યા, ગુજરાતની જનતાનો આત્મા ઊંઘી ગયો છે. ભાજપ ના નેતાઓ બળાત્કાર, તોડબાજી, જમીન માફિયા, બુટલેગરો, ડ્રગ્સ માફિયા, વ્યાજ માફિયાઓ, અપહરણ, દાદાગીરી જેવા અનેક કાંડ કરે છે છતાંય ગુજરાતની જનતાનો આત્મા ઊંઘી ગયો છે ત્યારે કદાચ ગોપાલ ઈટાલીયા દ્વારા પોતાને જ માર મારવાના કારણે કદાચ જનતાનો આત્મા જાગશે તેવું જણાવ્યું હતું. ઈટાલીયાએ સ્ટેજ પરથી પોતાની જાતને પટ્ટા મારતા સુરતમાં ચર્ચાનો વિષય બન્યો છે.

### HMVPએ દુનિયાભરમાં મચાવ્યો ખળભળાટ

## ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક

। (એજન્સી) ગાંધીનગર, તા.૨૫ ।

શહેરમાં ખાનગી હોસ્પિટલમાં HMPV વાયરસનો એક કેસ નોંધાઈ ચૂક્યો છે. ત્યારે ગુજરાત સહિત ભારતના ચાર રાજ્યમાં આ વાયરસના કુલ ૬ કેસ નોંધાયા છે. જેના કારણે ગંભીર સ્થિતિને પહોંચી વળવા માટે ગાંધીનગર ખાતે આરોગ્ય મંત્રીની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક ચાલી રહી છે. અને આ સાથે રાજ્યની અલગ અલગ હોસ્પિટલમાં જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. જેમાં અમદાવાદ, સુરત, રાજકોટ અને વડોદરામાં આઈસોલેશન તૈયાર કરી દેવામાં આવ્યા છે. સિવિલ હોસ્પિટલના સુપ્રીટેન્ડેડ ડો. રાકેશ જોશી જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલમાં D 9 અને ૧૨૦૦ બેડમાં આઈસોલેશન વોડ તૈયાર કરવામાં આવ્યો છે. આ વોર્ડમાં ૧૦ અને ૫ એમ ૧૫ બેડ રાખવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૨૦૦ બેડ ઓક્સિજન સાથેના તૈયાર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે સિવિલ હોસ્પિટલમાં ડોક્ટરની પણ પૂરતી ટીમ છે. દવાઓનો જથ્થો પણ પૂરતા પ્રમાણમાં છે દર્દીઓને જે પ્રમાણેના લક્ષણ જણાય તે પ્રમાણેની દવા આપવામાં આવશે. HMPV વાયરસને લઈને અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં અને સુરતની સિવિલ હોસ્પિટલમાં આદેશની રાહ જોઈ રહી છે. ત્યારે એશિયાની સૌથી મોટી સિવિલ હોસ્પિટલમાં તૈયારી કરી દેવામાં આવી છે.

## અન્ય ગ્રાહકોના ડોક્યુમેન્ટને આધારે બારોબાર સીમકાર્ડ વેચતો એજન્ટ પકડાયો

। (એજન્સી) ગાંધીનગર, તા.૭ ।

હાલમાં કોઈપણ સીમકાર્ડ ખરીદતા પહેલા આધાર કાર્ડ સહિતના ડોક્યુમેન્ટ જરૂરી છે ત્યારે અન્ય ગ્રાહકોના આધાર કાર્ડનો ઉપયોગ કરીને તેમના નામે સીમકાર્ડ કઢાવી તેને બરોબર વેચી દેતા એરટેલ કંપનીના એજન્ટને ગાંધીનગર એસોજીએ ઝડપી લીધો છે અને ૧૫ સીમકાર્ડ સહિત ૫૧ હજારનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હાલમાં સીમકાર્ડનો કેટલાક વ્યક્તિઓ દ્વારા બોગસ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે ત્યારે આ સ્થિતિમાં ગાંધીનગર એસઓજી પોલીસ ઈન્સ્પેક્ટર વી.ડી વાળા દ્વારા સ્ટાફના માણસોને આ પ્રકારનું રેકેટ ચલાવતા તત્વોને પકડવા તાકીદ કરી હતી. જેના અનુસંધાને એસ ઓ જીની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે, એરટેલ કંપનીનો એજન્ટ સાગર સદાજી ચૌહાણ રહે. ફતેપુરા, વાઘેલા સાહેબના ફાર્મ ઉપર, મૂળ રહે દોલારાણા વાસણા કંપનીના પ્રિ-એકટીવ કરેલા સિમકાર્ડ રાખી કોઈપણ પ્રકારના આધાર પુરાવા લીધા વગર સિમકાર્ડનુ વેચાણ કરે છે.

### અમદાવાદના કણભામાં 'પોષણ ઉત્સવ-૨૦૨૪' યોજાયો

## પોષણ ઉત્સવમાં THR (ટેક હોમ રેશન) અને મીલેટ્સમાંથી અવનવી વાનગીઓ બનાવવામાં આવી

। અમદાવાદ, તા.૭ ।

અમદાવાદ જિલ્લા પંચાયતના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળના આઈસીડીએસ દ્વારા સિટી-ગ્રામ્ય ઘટકના કણભા-૧ સેજામાં(સેક્ટરમાં), સેજા કક્ષાનો 'પોષણ ઉત્સવ-૨૦૨૪' કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં THR(ટેક હોમ રેશન) અને મીલેટ્સમાંથી લાભાર્થીઓ અને આંગણવાડી વર્કરબહેનો દ્વારા અવનવી વાનગીઓ બનાવવામાં આવી હતી. આ ઉપરાંત, કણભા-૪ની કિશોરી દ્વારા લાઈવ વાનગીઓ બનાવવાની સ્પર્ધામાં બાજરી તેમજ મિક્સ ભાજીના મુઠીયા બનાવવામાં આવ્યા હતા. ઉપસ્થિત અધિકારીશ્રીઓ દ્વારા આ તમામ વાનગીઓમાંથી વિજેતા બહેનોને



અને કિશોરીઓને ઈનામ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. ઉપરોક્ત પોષણ ઉત્સવ-૨૦૨૪ કાર્યક્રમમાં તલાટી શ્રી વિજયભાઈ, મેડિકલ ઓફિસર સુશ્રી પ્રિયાબહેન, ઘટકના સુપરવાઈઝર બહેનો, એનએનએમ સુશ્રી ભાગ્યશ્રીબહેન, પાપા પગલી પ્રોજેક્ટના કોઓર્ડીનેટર સુશ્રી દિશાબહેન, સેજાના આંગણવાડી કાર્યકરબહેનો, હેલ્પરબહેનો તથા ગામના લાભાર્થીઓએ ભાગ લીધો હતો.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં સિલ્વર ઓક યુનિવર્સિટીનો ત્રીજો દીક્ષાંત સમારોહ યોજાયો

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં શિક્ષણનો કાયાકલ્પ થયો : મુખ્યમંત્રી

। અમદાવાદ, તા.૭ ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે સિલ્વર ઓક યુનિવર્સિટીનો ત્રીજો દીક્ષાંત સમારોહમાં સંબોધન કરતા જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી હંમેશાથી કહેતા આવ્યાં છે કે, શિક્ષણ એ વિકાસનો પાયો છે અને યુવાશક્તિ આ વિકાસના પાયાનો પથ્થર છે. ત્યારે આ પદવીદાન સમારોહમાં પદવી ધારક શિક્ષિત-દીક્ષિત યુવાઓના ડેમોગ્રાફીક ડિવિડન્ડ એવી યુવા શક્તિ એ પોતાની આ શક્તિનો ઉપયોગ રાષ્ટ્ર નિર્માણમાં કરવો જોઈએ એવી પ્રેરણા તેમણે આપી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, યુનિવર્સિટીમાંથી શિક્ષા મેળવીને જ્યારે કોઈ વિદ્યાર્થી બહાર નીકળે છે ત્યારે રાષ્ટ્ર નિર્માણમાં યોગદાનની નવી મંઝિલ શરૂઆત થાય છે,એમ આજથી સિલ્વર ઓક યુનિવર્સિટીના પદવી મેળવનાર વિદ્યાર્થીઓની નવી મંઝિલની શરુઆત થઈ છે. શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં ઉમેર્યું કે,



વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈએ વિકસિત ભારત માટેના ચાર સ્તંભોમાં યુવાશક્તિને ખુબ મહત્વ આપ્યું છે. એટલું જ નહી, ગુજરાતનું યુવાધન એનર્જી અને સ્કીલથી ભરપૂર છે, ત્યારે વિકસિત ભારતના નિર્માણમાં સૌ વિદ્યાર્થીઓએ પોતાની એનર્જી અને સ્કિલને કામે લગાડવાની છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત ૨૦૪૭નો સંકલ્પ આપ્યો છે, ત્યારે સૌ વિદ્યાર્થીઓ એ મેળવેલા જ્ઞાન અને પદવીને કેરિયર ડેવલપમેન્ટ, કેરેક્ટર ડેવલપમેન્ટ અને નેશન ડેવલપમેન્ટમાં ઉપયોગ કરવો જોઈએ એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીની વાત કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, ૧૦૩ યુનિવર્સિટીઝ સાથે ગુજરાત દેશમાં સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીના હબ તરીકે ઊભરી આવ્યું છે. ગુજરાતમાં ફોરેન્સિક સાયન્સ,ઈન્ફોર્મેશન ટેકનોલોજી, ડિફેન્સ, રીન્યુએબલ એનર્જી જેવા ઉભરતા ક્ષેત્રોમાં આધુનિક જ્ઞાન આપતી નેશનલ યુનિવર્સિટીઝ કાર્યરત છે. તેમણે વધુમાં કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને માર્ગદર્શનમાં છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં શિક્ષણનો કાયાકલ્પ થયો છે. વિદ્યાર્થીઓને વિશ્વ કક્ષાનું જ્ઞાન ઘર આંગણે મળે એ માટે વન નેશન, વન સબ્સક્રિપ્શનનો નવતર વિચાર પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી એ આપ્યો છે. એટલું જ નહી વન નેશન, વન સબસ્ક્રિપ્શન પહેલ ભારતમાં રિસર્ચ ક્ષેત્રે ગેમ-ચેન્જર સ્કીમ સાબિત થશે એમ મુખ્યમંત્રી શ્રી વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, સિલ્વર ઓક યુનિવર્સિટી દ્વારા ત્રીજા પદવીદાન સમારોહમાં ૩૯૦૬ વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ સાથે ૪૦ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ્સ અને ૧૪ વિદ્યાર્થીઓને મેરિટ સર્ટિફિકેટ્સ એનાયત થયા હતા. આ દીક્ષાંત સમારોહમાં પોરબંદરના ધારાસભ્ય શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, સુપર ૩૦ કાર્યક્રમના સ્થાપક અને પદ્મશ્રી આનંદકુમાર અને વિદ્વાન વૈષ્ણવાચાર્ય ડૉ. દ્વારકેશલાલજી, સિલ્વર ઓક યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ, વોઈસ પ્રેસિડેન્ટ, રજીસ્ટ્રાર, મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ તેમજ પેરેન્ટ્સ પણ ઉપસ્થિતિ રહ્યા હતા.

## મોરબીના સામા કાંઠા વિસ્તારમાં કારની ઠોકરે બાળકીનું મોત

। (એજન્સી) મોરબી, તા.૭ ।

શહેરના સામાકાંઠા વિસ્તારમાં મહારાણા પ્રતાપ સર્કલ પાસે એક વર્ષની બાળકીને કાર ચાલકે ઠોકર મારી હતી. જે અકસ્માતમાં ગંભીર ઈજા પહોંચતા બાળકીનું મોત થયું હતું. દિધલીયા ગામ નજીક ટ્રક ચાલકે ઓવરટેક કરવા જતા બાઈક પાછળના ટાયરમાં આવી જતા બાઈક ચાલક આધેડને ગંભીર ઈજા પહોંચતાં મોત થયું હતું. મૂળ રાજસ્થાનના વતની અને હાલ મોરબી મહારાણા પ્રતાપ સર્કલ પાસે રહેતા કાલુરામ સીતારામ બાવરીયા એ કાર ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે. જેમાં જણાવ્યું છે કે મહારાણા પ્રતાપ સર્કલ પાસે કાર ચાલકે પોતાની કાર પુરઝડપે ચલાવી ફરિયાદીની દીકરી દિવ્યા ને ઠોકર મારી હતી. જેથી બાળકીને ગંભીર ઈજા પહોંચતા સારવાર દરમિયાન બાળકીનું મોત થયું હતું અકસ્માત બાદ કાર ચલાવી આરોપી નાસી ગયો હતો. મોરબી સીટી બી ડીવીઝન પોલીસે ફરિયાદ નોંધી વધુ તપાસ ચલાવી છે.

## CID ક્રાઈમે નરેશ હિસાબનીશની કરી ધરપકડ, ઝાલાના રિમાન્ડ પૂરા થતા જેલમાં

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

ગુજરાતમાં ચર્ચાસ્પદ બનેલા BZ ગ્રુપ કૌભાંડમાં CID ક્રાઈમે વધુ એક મહત્વની કામગીરી કરી છે. કૌભાંડના મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાની ધરપકડ બાદ હવે કૌભાંડનો હિસાબ રાખનાર નરેશને પણ ઝડપી લેવામાં આવ્યો છે. નરેશની ધરપકડ સાથે કૌભાંડમાં થયેલા હિસાબોના ગોટાળાનો વધુ ખુલાસો થવાની શક્યતા છે. CID હવે નરેશ પાસેથી કૌભાંડના પૈસા ક્યાં ખર્ચવામાં આવ્યા હતા તે અંગે માહિતી મેળવવાનો પ્રયાસ કરશે.

BZ કૌભાંડના આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલાના રિમાન્ડ પૂર્ણ થતા ગ્રામ્ય સેશન્સ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. ભૂપેન્દ્રસિંહ ઝાલાના ફરી રિમાન્ડ માંગવામાં ના આવતા કોર્ટે જ્યુડીશિયલ કસ્ટડીનો હુકમ કર્યો હતો. મહત્ત્વપૂર્ણ છે કે ગુજરાતમાં BZના ૬૦૦૦ કરોડના કૌભાંડની CID ક્રાઈમ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. BZ ગ્રુપના કરોડો રૂપિયાનું કૌભાંડ મામલે એક એજન્ટ સહિત મ્હના સ્ટાફ સાથે CID ક્રાઈમે ૭ આરોપીઓની ધરપકડ કરી છે. મુખ્ય એજન્ટ મયુર દરજી, વિશાલસિંહ ઝાલા, દિલીપ સોલંકી, આશિક ભરથરી, સંજય પરમાર, રાહુલ રાઠોડ, રણવીરસિંહ ચૌહાણની ધરપકડ થઈ ચુકી છે.

ધરપકડ બાદ પૂછપરછમાં ભૂપેન્દ્રસિંહ ઝાલાએ ચોંકાવનારો ખુલાસો કર્યો છે. તેણે કબૂલ્યું છે કે તે ટૂંક સમયમાં રાજનીતિમાં પ્રવેશ કરવા માંગતો હતો અને આ કૌભાંડને આટોપાઈને ૨૦૨૭ની વિધાસભા ચૂંટણી લડવાની તૈયારી કરી રહ્યો હતો. તેણે અનેક રાજનેતાઓ સાથેના સંબંધોનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે તે ભાજપના નેતૃત્વ હેઠળ ચૂંટણી લડવા માંગતો હતો અને આ માટે તેણે લોકસભા ચૂંટણીમાં સાબરકાંઠા બેઠક પરથી અપક્ષ ઉમેદવારી પણ નોંધાવી હતી. BZ ગ્રુપે ૧૧ હજાર લોકો પાસેથી રોકાણ લઈને ૬૦૦૦ કરોડ રૂપિયાનું કૌભાંડ આચર્યું હતું. ભૂપેન્દ્રસિંહ ઝાલા અને તેના સાગરીતોએ લોકોને વધુ વ્યાજ આપવાની લાલચ આપીને પૈસા ઉઘરાવ્યા હતા. CID ક્રાઈમે આ કૌભાંડમાં સંડોવાયેલા તમામ લોકો સામે કાર્યવાહી કરવાનું શરૂ કર્યુ છે. હાલમાં CID ઝાલા અને નરેશ પાસેથી વધુ માહિતી મેળવી રહી છે.

## રાજકોટના વિંછીયા ખાતે પોલીસ પર હુમલો : ૫૨ લોકોની અટકાયત કરી

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

હુમલામાં ત્રણ પોલીસકર્મીઓને સામાન્ય ઈજા થઈ છે. રાજકોટ જિલ્લાના વિંછીયામાં સોમવારે એક ટોળાએ પોલીસ સ્ટેશન પર પથ્થરમારો કરીને હત્યાના આરોપીઓને શહેરમાં જાહેરમાં પરેડ કરવાની માંગ કરી હતી. પોલીસે લાઠીચાર્જ કર્યો હતો અને ટીયર ગેસના શેલ છોડ્યા હતા.રાજકોટ ગ્રામ્ય પોલીસ અધિક્ષક હિમકર સિંહના જણાવ્યા અનુસાર, આ ઘટનામાં કુલ ૫૨ લોકોની અટકાયત કરવામાં આવી છે. તેમણે કહ્યું કે, હુમલામાં ત્રણ પોલીસકર્મીઓને સામાન્ય ઈજા થઈ છે. બે કલાક બાદ સ્થિતિ કાબુમાં આવી હતી. અમે હળવા બળનો ઉપયોગ કર્યો, દસ ટીયર ગેસના શેલ ફેંક્યા અને લાઠીચાર્જ કર્યો અને લગભગ ૫૨ લોકોની અટકાયત કરી. આ તમામ સામે FIR દાખલ કરવાની પ્રક્રિયા ચાલી રહી છે. તેમણે કહ્યું કે, અમે હત્યા કેસમાં છ આરોપીઓની ધરપકડ કરી હતી અને તેમને પાંચ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધા હતા. આજે સવારે અમે ઘટનાના રિકંસ્ટ્રક્શન માટે આરોપીઓને ફરીથી ક્રાઈમ સીન પર લઈ ગયા હતા. ત્યારબાદ મૃતકના સમુદાયના લોકો પોલીસ સ્ટેશનની બહાર એકઠા થયા અને આરોપીને શહેરમાં લઈ જવાની માંગ કરવા લાગ્યા હતા, જે સંપૂર્ણપણે ગેરકાયદેસર માંગણી હતી. પોલીસે ભીડને શાંત કરવાનો પ્રયાસ કર્યો, પરંતુ તેઓ સંમત ન થયા અને કેટલાક લોકોએ પથ્થરમારો શરૂ કર્યો. ઘનશ્યામ રાજપરા દ્વારા મોટી થોરીયાળી ગામ ખાતે રબારી સમાજના મકાન પાડવા બાબતે અરજી કરવામાં આવી હતી. જે બાબતનો ખાર રાખીને શેખા સાંબડ સહિતના વ્યક્તિ દ્વારા ઘનશ્યામ રાજપરા ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. બનાવના દિવસે વિંછીયા બોટાદ રોડ ઉપર ઘનશ્યામ રાજપરા રિપેરિંગ કરવા માટે ગયા હતા.

### જામનગરમાં પરિવાર અપહરણ કેસ

## ધુન ધોરાજી ગામમાંથી એક પરિવારનું અપહરણ કરી જનાર ચારેય આરોપીઓની અટકાયત

### અજાણ્યા માણસો ત્રણેયને ખેંચીને બળજબરી પૂર્વક એક સફેદ કલરની બોલેરો કાર નં. જી.જે. ૧૦- ડી.એન. ૦૩૦૧માં બેસાડી ચારેય આરોપીઓ અપહરણ કરી ગયા હતા

। (એજન્સી) જામનગર, તા.૭ ।

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના ધુનધોરાજી ગામેથી એક પરિવારના ૩ (ત્રણ) સભ્યોનું અપહરણ કરીને લઈ જનાર ૪(ચાર) અપહરણકારોને કાલાવાડ ગ્રામ્ય પોલીસે બોલેરો ગાડી સાથે ઝડપી લઈ ૩(ત્રણ) ભોગબનનારને સહી સલામત રીતે મુક્ત કરાવ્યા છે. કાલાવડ તાલુકાના ધુનધોરાજી ગામમાં એક વાડીમાં રહીને ખેત મજૂરી કામ કરતા કૈલાશભાઈ સપડભાઈ સોલંકી તથા કૈલાશભાઈના પત્ની ઉષાબેન તથા કૈલાશભાઈના પુત્રી નિશાબેનનું ગઈકાલે વહેલી સવારે અપહરણ થઈ ગયું હતું. અને આરોપી વિક્રમ શમશીંગભાઈ દેસાઈ તથા ગનુ માવી તથા ૨ અજાણ્યા માણસો ત્રણેયને ખેંચીને બળજબરી પૂર્વક એક સફેદ કલરની બોલેરો કાર નં. જી.જે. ૧૦- ડી.એન. ૦૩૦૧માં બેસાડી ચારેય આરોપીઓ અપહરણ કરી ગયા હતા. જે અપહરણકારો તથા ભોગબનનારને શોધી કાઢવા માટે અલગ-અલગ દિશાઓમાં પોલીસ ટીમો સક્રીય કરી હતી. જેના ભાગરૂપે પો.સ.ઈ. વી. એ. પરમાર તથા ટીમે આરોપીઓના ટેકનીકલ ઈનપુટ મેળવ્યા હતા તેમજ ટેકનીકલ શોર્સીસના આધારે જાણવા મળ્યું હતું કે, આરોપીઓ ભોગ બનનારને લઈને અલીરાજપુર મધ્યપ્રદેશ બાજુ જઈ રહયા છે. તેમજ તારાપુર વડોદરા રૂટ ઉપર છે. જેથી તેઓનો પીછો કરી વડોદરા ગ્રામ્યના જરોદ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરી, સ્થાનિક પોલીસની મદદ લીધી હતી, પાવગઢ હાઈવે પર નાકાબંધી કરાવી તમામ આરોપીઓ વિક્રમ જમસિંગ દેસાઈ, શમશેર પારમસિંગ માવી, ગનુ રંગસિંગ માવી અને ગુરુ કાદીભાઈ માવીની અટકાયત કરી લીધી છે, અને કાલાવડ ગ્રામ્ય પોલીસ મથકમાં ત્રણેયની વધુ પૂછપરછ હાથ ધરી છે.